Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૩ ● અંક : ૨૩૩
તા.૨૯-૦૯-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૨ સૂર્યાસ્ત : ૦૬:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬.૩ | વડોદરા | ૩૫.૬ |
| અમદાવાદ | ૩૫.૭ | સુરત | ૩૩.૪ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૨.૨ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# કેન્દ્રની નીતિઓથી આર્થિક વ્યવસ્થા કથળી : યશવંતસિંહા

## એક વર્ષથી સમય માંગી રહ્યા છે છતાં મોદી મળી રહ્યા નથી : છેલ્લા ૪૦ મહિનાઓથી સરકારમાં રહ્યા બાદ અગાઉની સરકારો ઉપર દોષનો ટોપલો નાંખી શકાય નહીં : યશવંત

નવીદિલ્હી

કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ ઉપર પ્રશ્ન ઉઠાવીને ખળભળાટ મચાવનાર ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. અખબારમાં લેખ બાદ આજે યશવંતસિંહાએ મિડિયાની સામે વધુ આક્રમક નિવેદન કર્યા હતા અને કહ્યું હતું કે, છેલ્લા દોઢ વર્ષથી અર્થતંત્રમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. આના માટે અગાઉની સરકારોને દોષિત ગણી શકાય નહીં. તેમણે કહ્યું હતું કે, ૪૦ મહિના સુધી સરકારમાં રહ્યા બાદ અમે છેલ્લી સરકાર ઉપર દોષનો ટોપલો મુકી શકીએ નહીં. સિંહાએ કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ અને પીયુષ ગોયેલની આર્થિક સમજને લઈને પણ પ્રહાર કર્યા હતા. એટલું જ નહીં સિંહાએ કહ્યું હતું કે, મોદીને મળવા માટે છેલ્લા એક વર્ષથી માંગી રહ્યા છે પરંતુ મોદી સમય આપી રહ્યા નથી. એક ચેનલ સાથેની વાતચીતમાં યશવંતસિંહાએ કહ્યું હતું કે, એક વર્ષ પહેલા મોદીને મળવા માટેનો સમય માંગ્યો હતો પરંતુ હજુ સુધી મળ્યા નથી. હવે તેઓ તેમના ઘરની આગળ ધરણા પ્રદર્શન કરવા માટે તૈયાર નથી. સરકાર અને પાટ-ર્ટીમાં અમારી વાત સાંભળવા માટે કોઇ પણ તૈયાર નથી. યશવંતસિંહાએ કહ્યું હતું કે, યુપીએના સમયે પોલિસી પેરાલીસીસની અસર હતી અને આશા હતી કે, મોદી સરકાર આવી ગયા બાદ આ સ્થિતિનો અંત આવી જશે. અમે આગળ વધ્યા હતા પરંતુ જે ગતિ દેખાવી જોઈતી હતી તે ગતિ દેખાઈ નથી. અર્થવ્યવસ્થામાં ઘટાડો થતાં બેરોજગારી પણ વધી છે. બેંકોમાં ફસાયેલી લોનને લઈને પણ ચિંતા વ્યક્ત કરતા સિંહાએ કહ્યું હતું કે, બેંકોના આઠ લાખ કરોડ રૂપિયા ફસાયેલા છે. એનપીએના કારણે બેંકોએ લોન આપવાનું બંધ કરી દીધું છે જેથી ખાનગી રોકાણ થઇ રહ્યું નથી. એનપીએને કાબૂમાં લેવાની જરૂર છે પરંતુ સરકારે આ દિશામાં હજુ સુધી પગલા લીધા નથી. ૪૦ મોટી કંપનીઓની સામે કાર્યવાહી ચાલી રહી છે.

## વિચાર વૈભવ...

### વાલી તરીકેની ભૂમિકા

આજકાલના નવા જમાનાના વાલીઓ એમ માની બેઠા છે કે સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવું એ તેમનું પ્રથમ કર્તવ્ય છે. હકીકતમાં તેમનું પ્રથમ કર્તવ્ય આ નથી. તેમની ભૂમિકા બાળકને વાત્સલ્ય આપવાની છે. બાળકનો સ્નેહથી ઉછેર કરવાની છે. બાળકને રમકડું આપવાનું નથી, રમકડાંની સાથે બાળકને માતા પણ મળવી જોઈએ, પિતા પણ મળવો જોઈએ. રમકડાં સાથે આપણે એને રમાડવાના છે. એના કાલાઘેલા તોફાનો સાથે આપણે ય તોફાનો કરવાના છે. તમે તમારા બાળકમાં ઓતપ્રોત હો અને નિત્ય એના પર આપના વાત્સલ્યનો અભિષેક થતો હોય એ વાલી તરીકેની પ્રથમ ભૂમિકા છે. પછી યથા ઉંમરે એને જે થવું હોય તે થવા દેવાની મોકળાશ આપવી, પ્રોત્સાહન આપવું અને માર્ગદર્શન મેળવી આપવું. તમારા સંતાનોના જે શિક્ષકો છે તે જ શિક્ષકો છે, તમે નથી, તમે માતાપિતા જ રહો, શાળામાં અને ઘરમાં એમ બેય જગ્યાએ શિક્ષકો બાળકને ઘેરી લેશે તો પછી એ મા અને બાપ ક્યાંથી શોધશે? મનુષ્ય કોઈ પણ ઉંમરે હોય એને મા- બાપની હૂંફની જરૂર હોય જ, એ હૂંફ આપતા રહેશો તો એની મેળે એ ચક્રવર્તી સમ્રાટ બનશે.

- ગિજુભાઈ ભરાડ



દેશભરમાં નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે ત્યારે પાડોશી રાજ્ય મધ્યપ્રદેશના ઝાબુઆ જીલ્લાના મેઘનગરમાં પ્રાચીન તેમજ દેશ ભકિતના ગરબા સાથે ખેલૈયા ગરબે ઘુમ્યા હતા. ફોટો : વિકેશ શાહ

## પાનકાર્ડની ખરાઇ વિના ૧૦ લાખથી વધુ રકમનાં દસ્તાવેજ નહીં નોંધાય

અમદાવાદ

રાજ્ય સરકારના નોંધણી સર નિરીક્ષકે બોગસ પાનકાર્ડના આધારે જમીનો અને મિલકતોના વેચાણ દસ્તાવેજની નોંધણી અટકા વવા માટે મહત્વનો પરિપત્ર કર્યો છે. હવે સબ રજિસ્ટ્રાર કચેરીમાં રૂ. ૧૦ લાખથી વધુની રકમના દસ્તાવેજની નોંધણી વખતે પાનકાર્ડ રજૂ કરવામાં આવશે તો સબ રજિસ્ટ્રારે ખુદ આઇટીની સત્તાવાર વેબસાઇટ ઉપર પાનકાર્ડની ખરાઇ કર્યા બાદ જ દસ્તાવેજની નોંધણી કરવાની રહેશે. જો પાનકાર્ડ બોગસ હોવાની શંકા લાગે તો તેવા સંજોગોમાં દસ્તાવેજની નોંધણી સબ રજિસ્ટ્રાર અટકાવી પણ શકશે. રાજ્ય સરકારના નોંધણી સર નિરીક્ષકે આજે ૨૬ મી સપ્ટેમ્બરના રોજ દસ્તાવેજની નોંધણી પહેલાં પાનકાર્ડના વેરિફિકેશન અંગે પરિપત્ર કર્યો છે જેમાં સબ રજિસ્ટ્રારોને પાનકાર્ડના વેરિફિકેશન અંગેની સૂચના આપવામાં આવી છે જેમાં સબ રજિસ્ટ્રાર દસ્તાવેજની નોંધણી પહેલાં ઓનલાઇન પાનકાર્ડની ખરાઇ કરશે. અહીં મહત્વનું એ છે કે, સબ રજિસ્ટ્રાર પાન કાર્ડની ઓનલાઇન ખરાઇ કરશે તે વખતે સર્વર કે અન્ય પ્રકારના ટેકનીકલ ફોલ્ટ સર્જાશે તો લોકોના દસ્તાવેજ અટકી શકશે.

## કરવેરાની જાળમાં વધુ ૧.૨૫ કરોડ નવા કરદાતાઓ ઉમેરાશે

નવી દિલ્હી

દેશમાં કરવેરાની જાળને વધુ વિસ્તૃત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે તૈયાર કરેલી યોજનાના ભાગરુપે વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧.૨૫ કરોડ નવા કરદાતાઓને ઉમેરવા માટે ઈન્કમટેક્સ વિભાગે કમરકસી લીધી છે. ઈન્કમટેક્સ વિભાગે આ દિશામાં કામ શરૂ કરી દીધું છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં જ ૧.૨૫ કરોડ નવા રિટર્ન ભરનાર લોકો ઉમેરી લેવામાં આવનાર છે. આવકવેરા વિભાગ માટે અથવા તો ઈન્કમટેક્સ વિભાગ માટે પોલિસી નિર્ણય કરનાર સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીબડીટી) દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષમાં કરવેરાની જાળને નોંધપાત્રરીતે વધારી દેવા પ્રયાસો હાથ ધરવા ટેક્સ અધિકારીઓને સૂચના આપી છે. સીબીડીટી દ્વારા આદેશ કરવામાં આવ્યા બાદ ઈન્કમ ટેક્સ વિભાગે વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧.૨૫ કરોડ નવા આઈટી રિટર્ન દાતાઓ ઉમેરી દેવામાં આવનાર છે. અગાઉના વર્ષમાં રિટર્ન દાખલ નહીં કરનાર વ્યક્તિ તરીકે આઈટી રિટર્ન ફાઈલર્સ રહેશે. કાયદા હેઠળ તમામને આવરી લેવામાં આવનાર છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા આને લઈને ઝુંબેશ શરૂ કરવામાં આવી ચુકી છે.

### ૯મીથી રાહુલ ગાંધી ફરી ગુજરાત આવશે

## રાહુલ રાજયના મધ્યઝોનનો ચૂંટણી પ્રવાસ કરવા સુસજ્જ

અમદાવાદ

સૌરાષ્ટ્ર ઝોનમાં ત્રણ દિવસનો ચૂંટણી પ્રવાસ ખેડયા બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દિલ્હી જવા રવાના થઇ ગયા હતા. જો કે, હવે ઓકટોબર મહિનામાં રાહુલ ગાંધી રાજયના મધ્યઝોનના ચૂંટણી પ્રવાસ માટે ફરી ગુજરાતની મુલાકાતે આવશે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને મધ્યઝોનના કોંગ્રેસના સ્થાનિક આગેવા નોએ રાહુલ ગાંધીની મુલાકાતને લઇ આગોતરા આયોજનની તૈયારીઓ શરૂ કરી છે. સૌરાષ્ટ્ર ઝોનના ચૂંટણી પ્રવાસની સફળતા બાદ ગુજરાતના મધ્ય ઝોનના વિસ્તારોમાં પણ રાહુલ ગાંધીનો ચૂંટણી પ્રવાસ કઇ રીતે સફળ કરી શકાય અને સ્થાનિક પ્રજાજનોને કોંગ્રેસ તરફી ઝોકમાં વાળવા કયા પ્રકારની રણનીતિ અપનાવી તે મુદ્દે ચર્ચા બેઠકનો દોર પણ શરૂ થયો છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર ઝોનમાં કોંગ્રેસના ચૂંટણી વ્યૂહરચનાના ભાગરૂપે કોંગ્રેસના રાહુલ ગાંધીએ તા.૨૫થી ૨૭ સપ્ટેમ્બર દરમ્યાન સૌરાષ્ટ્ર પંથકના વિવિધ વિસ્તારોમાં જાહેર સભા, લોકસંવાદ, વાર્તાલાપ અને રોડ-શો સહિતના કાર્યક્રમો મારફતે ખેડૂતો, મહિલાઓ, યુવાવર્ગ, નાના વેપારીઓ અને લઘુ ઉદ્યોગકારોને કોંગ્રેસના ચૂંટણી વચનો અને આશ્વાસનો આપ્યા હતા. સૌરાષ્ટ્ર ઝોનના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી માટે ખાસ હાઈફાઈ અને લેટેસ્ટ ટેકનોલોજી તેમ જ સીસીટીવી કેમેરા સહિતના સુરક્ષા ઉપકરણોથી સજ્જ લક્ઝરી બસ તૈયાર કરવામાં આવી હતી.

## ૨૦ લાખ ખાલી જગ્યાઓને ભરવા માટે મોદી સરકારની તૈયારીઓ

નવી દિલ્હી

બેરોજગારીના મોરચે ચારેબાજુથી ઘેરાઇ ગયેલી મોદી સરકારે હવે આ દિશામાં સક્રિય રીતે આગળ વધવા માટે કમર કસી લીધી છે. ટુંક સમયમાં જ હવે રોજગારીનો વરસાદ થનાર છે. કેન્દ્ર અને રાજ્ય સ્તર પર ખાલી ૨૦ લાખ જગ્યાને ભરવામાં આવનાર છે. ખાલી જગ્યાને વહેલી તકે ભરવામાં આવનાર છે. જેમાં સરકારી કંપનીઓમાં ખાલી પડેલી જગ્યાનો સમાવેશ થાય છે. આની શરૂઆત કેન્દ્રિય મંત્રાલય અને જાહેર ક્ષેત્રની ૨૪૪ કંપનીઓ સાથે કરવામાં આવનાર છે. માત્ર રેલવેમાં સેફ્ટી સંબંધિત મામલામાં બે લાખથી વધારે લોકોને નોકરી આપવાની યોજના છે. આ પહેલ શ્રમ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. મોદી સરકાર આ રીતે જોબલેશ ગ્રોથને લઈને થઇ રહેલી ટિકાનો જવાબ આપવા જઇ રહી છે. શ્રમ મંત્રાલય કેન્દ્ર સરકારના વિભાગો અને સંસ્થાઓમાં ખાલી રહેલી જગ્યા અંગે માહિતી મેળવી રહ્યુ છે. ત્યારબાદ તે પ્લાન રજૂ કરનાર છે. તેમાં દૈનિક, સાપ્તાહિક અને માસિક આધાર પર આ તમામ ખાલી જગ્યાને ભરવાની યોજના રહેશે. આ માહિતી એક મોટા સરકારી અધિકારી દ્વારા આપવામાં આવી છે.

## અનેક ટ્રેનોના પ્રવાસના સમયને ઘટાડી દેવાશે : ગોયેલની ખાતરી

નવી દિલ્હી

રેલવે પ્રધાન પીયુષ ગોયલે કહ્યુ છે કે ૬૦૦થી ૭૦૦ ટ્રેનોના પ્રવાસ સમયને ઘટાડી દેવામાં આવનાર છે. આના માટે ટ્રેનોની ગતિને વધારી દેવાની તૈયારી ચાલી રહી છે. સાથે સાથે કેટલીક મેલ ગાડીઓને સુપરફાસ્ટ કરી દેવામાં આવનાર છે. આના કારણે જ નવો સમયપત્રક પણ એક મહિના મોડેથી જારી કરવામાં આવનાર છે. હવે નવો સમયપત્રક પહેલી નવેમ્બરના દિવસે જારી કરવામાં આવનાર છે. આ તમામ વાતો રેલવે પ્રધાને ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં કરી છે. તેમણે કહ્યુ છે કે નવા નિયમો હેઠળ કોઇ પણ આરપીએફ અથવા તો ટીટીઅ વર્દીના કામ કરી શકશે નહી. સાથે સાથે ફ્યુઅલ ખર્ચ ઘટાડી દેવા માટે ઈલેક્ટ્રીફિકેશનના કામને ઝડપી કરવા માટેના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે.

## ચૂંટણીની તૈયારીમાં અમિત શાહ સાથે આનંદીબેન પટેલની સુચક હાજરી ચર્ચાસ્પદ

### પાટીદારોને મનાવવાના પ્રયાસો હજુએ જારી

ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહ હાલમાં ચૂંટણી તૈયારીની સમીક્ષા અને રાજનીતી ઘડવાની કામગીરી કરી રહ્યા છે. તો બીજી તરફ વિવિધ સેલના મોરચા, સંગઠનોના અગ્રણીઓ સાથે બેઠકોનો દોર કમલમ (પ્રદેશ ભાજપ કાર્યાલય) ખાતે ચાલી રહ્યો છે. ત્યારે આ તમામ કામગીરીમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ અમિતશાહ સાથે રાખી ચૂંટણી લક્ષી માર્ગદર્શન આપી રહ્યા છે. જે એક ચર્ચાનો વિષય બન્યો છે.

ગુજરાત વિધાન સભાની ચૂંટણી મહાસંગ્રામની તૈયારીના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહ ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે છે ત્યારે ભાજપ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે વિવિધ વિભાગો, વિવિધ જ્ઞાતિના મોરચા, સેલ સંગઠનોના અગ્રણી હોદ્દેદારો, સમર્થકો અને કાર્યકરો સાથે ચૂંટણી લક્ષી ચર્ચા સમીક્ષા અને માર્ગદર્શનની કામગીરી ધમધમી રહી છે. ત્યારે સમગ્ર કામગીરીમાં અમિતશાહ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ સાથે રાખી રહ્યા છે. માટે આનંદીબેન અને અમિત શાહ વચ્ચે ચાલી રહેલી જુથ બંધીનો અંત આવ્યો હોવાનું મનાઈ રહ્યુ છે.

તો બીજી તરફ ભાજપ સાથે સંકળાયેલા કેટલાક સુત્રોના મત મુજબ આનંદીબેન અને અમિતશાહના સમર્થકો વચ્ચે ઘણા સમયથી (બંધ બારણે) જુથ બંધી ચાલી રહી છે જેમાં આનંદીબેનનો ઘાટલોડીયા મત વિસ્તાર અને અમિતશાહનો નારણપુરા મત વિસ્તારમાં હોદ્દા મેળવવા માટે આતંરીક વિવાદો પણ ચાલી રહ્યા છે. જેની ઉકળતા ચરૂ જેવી સ્થિતિ બની ગયાના અહેવાલ છે. તો બીજી તરફ પાટીદાર અનામત આંદોલનનું અટવાયેલ કોકડું સરકારે ખાળવા પ્રયત્ન કર્યા છે. જેમાં મોટા ભાગના મુદ્દાઓ ઉકલી ગયા છે પણ અનામતની મુખ્ય માંગણી અંગે આંદોલન ચાલુ રહેવાની જાહેરાત હાર્દિક પટેલે કરી છે. ત્યારે ચૂંટણી પહેલા હજુ આ મુદ્દો વણ ઉકેલ્યો જણાય છે. સાથે સાથે બ્રહ્મ સમાજે પણ સરકારે જાહેર કરેલા બિન અનામત શૈક્ષણિક આયોગ વિકાસ નિગમ પ્રત્યે નારાજગી દર્શાવી છે. ત્યારે આ સમયે અટવાયેલી ભાજપ રસ્તો કાઢવા મથામણ કરી રહી છે.

ગઈકાલે પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે પાટીદાર સમાજના અગ્રણીઓ, ધાર્મિક સંસ્થા તેમજ શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી મંડળ સાથે પણ અમિત શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્ય પ્રધાન નીતિનભાઈ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેને બંધ બારણે લાંબી બેઠક પણ કરી હોવાના અહેવાલ સુત્રો દ્વારા જાણવા મળ્યા છે. જોકે આ બેઠક અંગે રાજનૈતિક વિશ્લેષકોના જણાવ્યા અનુસાર

અનુસંધાન પાના નં.૬

## ડીસાના જાણીતા ખેડૂતે લમણે ગોળી મારી આત્મહત્યા કરી

### વેપારીઓ ખેડૂતો અને માળી સમાજમાં શોકની લાગણી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના જાણીતા ખેડૂતે જાતે લમણે બંદૂકની ગોળી મારી અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પંથકમાં અરેરાટી સાથે ચકચાર છવાઈ છે.



ભરત સુંદેશા

નોટબંધી બાદ જી.એસ.ટી.ની પળોજણના કારણે બજારોમાં ભયંકર મંદી પ્રવર્તી રહી છે. જેના કારણે જિલ્લામાં આપઘાતના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યાં છે. ત્યારે વધુ એક યુવાન ખેડૂતના આપઘાતની મળતી વિગતો મુજબ ડીસાની રાણપુર રોડ ઉપર આવેલ આદિનાથ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા રાજુભાઈ મહેશભાઈ સૈની ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જેમણે ગઈકાલે પોતાના મકાનમાં જ અગમ્ય કારણોસર બાર બોરની બંદુકની કપાળે જાતે ગોળી મારી જીવન લીલા સંકેલી દીધી હતી. બંદુકની ગોળીનો અવાજ સાંભળી પરિવારજનો દોડી આવ્યા હતા અને બેડરૂમમાં લોહીલુહાણ હાલતમાં પડેલા રાજુભાઈ સૈનીને તાબડતોબ વાહન દ્વારા સારવાર અર્થે દવાખાને લઈ જવાતા હતા. પરંતુ રસ્તામાં જ તેમનું પ્રાણપંપેરૂ ઉડી ગયું હતું. આ બાબતની પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને સિવિલમાં પોસ્ટમોર્ટમ બાદ લાશ પરિવારજનોને સુપ્રત કરી હતી ત્યારે પરિવાર

અનુસંધાન પાના નં.૬

### મોતને લઈ અવનવા તર્ક - વિતર્ક

ડીસામાં અગાઉ યુવાન વેપારી જયદિપ પઢીયારે પણ રિવોલ્વર વડે આપઘાત કરી લીધો હતો. તે પછી આવો જ બીજો બનાવ બનતા ખાસ કરીને માળી સમાજમાં શોકની લાગણી છવાઈ છે. જોકે યુવાન ખેડૂતે અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો છે પરંતુ તેમના અકાળે મોતને લઈ અવનવા તર્ક - વિતર્કો વહેતા થવા લાગ્યા છે.

### જિલ્લા પોલીસ વડા દોડી આવ્યા

યુવાન ખેડૂતના આઘાતની જાણ થતા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર અને ઉત્તર પોલીસ મથકના પી.આઈ. સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જોકે પોલીસે હાલ અકસ્માતનો ગુનો નોંધ્યો છે પરંતુ જિલ્લા પોલીસ વડાએ મૃતકની પત્નિનું નિવેદન લીધુ છે. જેના આધારે વધુ તપાસ ઉત્તર પોલીસ મથકના પી.આઈ. ચલાવે છે.

## સૂર્યોદય - ૬.૩૨ સૂર્યાસ્ત - ૬.૨૮

### તિથિદર્શન
આસો સુદ-૯ શુક્રવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :નોમ શુક્રવાર નવરાત્રી નક્ષત્રઃ પૂર્વષાઢા સાંજે ૩.૪૮ પછી ઉત્તર ષાઢા યોગ :શોભન કરણ : બાલવ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) રાત્રે ૧૦.૨૬ પછી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

### ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

## વિતં બંધુર્વયઃ કર્મ વિદ્યા ભવતિ પંચમી એતાનિ માન્ય સ્થાનાનિ ગરીયો યદ્યુદુત્તરમ્

'ધન, ભાઈ- ભાંડુ (કુટુંબીજનો) ઉંમર, કાર્ય અને વિદ્યા આ પાંચ સ્થાનોને માન- આદરને પાર ગણવામાં આવ્યાં છે અર્થાત્ જે વ્યક્તિ સમૃદ્ધ અને સંપત્તિવાન હોય, વિશાળ પરિવાર હોય, જે મોટી જઈફ ઉંમરના હોય, જેનાં કાર્યો ઉત્તમ પ્રકારના સેવાભાવથી છલકાતાં હોય અને જે વિદ્યાવાન હોય, એ માન - સન્માન અને આદરને પાત્ર છે.'

આ બધામાં પણ ક્રમસર માન- આદર મળે છે, ઉત્તરોત્તર વધે છે. જેમ કે, ધનવાન હોય તેને આદર તો મળે પણ ધનવાનની સાથે વિશાળ પરિવાર-કુટુંબ કબીલો ધરાવનારને વિશેષ આદર મળે છે.

આવા વડીલમાં પણ સેવાભાવ-દાનપુણ્ય અને સત્કાર્યો કરનારા હોય તો વળી આદરની માત્રા વધી જાય છે.

અને સત્કાર્યો કરતા વડીલ જો વિદ્યાવાન હોય તો વિદ્વત્તાને કારણે પૂજનીય અને સન્માનનીય બને છે.

આમ, ધનવાન, વિશાળ પરિવાર ધરાવનાર, વયસ્ક અને કર્મશીલ તથા વિદ્યાવાન આ ક્રમમાં વિદ્યાવાન સૌથી વધુ શ્રેષ્ઠ અને આદરણીય છે.

### આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ ચિંતા રહે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે..**
**વૃષભ : (બ.વ.ઉ.)વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ. કાર્યમાં વિલંબથી સફળતા મળે.**
**મિથુન :(ક.છ.ઘ.) આવક વૃધ્ધિ થાય. કાનુની બાબતે લાભ મળે.**
**કર્ક : (ડ.હ.) મહત્વના નિર્ણય લઇ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.**
**સિંહ : (મ.ટ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. સંતાનોથી સહકાર મળે.**
**તુલા : (ર.ત.) આર્થિક વ્યવહારોમાં સંભાળવું. સ્નેહિજનોથી સંતોષ રહે.**
**વૃશ્ચિક :(ન.ય.) માંગલિક પ્રસંગોનું આયોજન થાય. પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) નવા આયોજનો ન કરવા હિતાવહ.**
**મકર : (ખ.જ.) નાણાંની લેવડ-દેવડના કાર્યોમાં સફળતા મળે. આરોગ્ય બાબતે સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.) આકસ્મીક ધન વ્યયના યોગ છે. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**મીન : (દ.ચ.જ.થ.)આર્થિક મૂંઝવણમાંથી માર્ગ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.**

### આજનો દિન મહાન
- યશવંત કડીકર

મહાન સાહિત્યકાર એમિલ ઝોલાની પુણ્યતિથિ છે.

અમેનો જન્મ ૪-૪-૧૮૪૦ ના રોજ પેરિસમાં થયો હતો.

આ નિસર્ગવાદી સાહિત્યકારે સમાજના તિરસ્કૃત અને ઉપેક્ષિત પાત્રોને વાસ્તવદર્શી રંગ આપી સત્ય ઘટનાઓ પર આધારિત દશ સામાજિક નવલકથાઓ લખી જેણે નવો માનવધર્મ પ્રસારિત કર્યો. ૨૯-૯-૧૯૦૨ ના રોજ એમનું નિધન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૭૦૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૨૮.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૭૮૫) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૭૩૦ પોઈન્ટના પ્રથમ અને ૯૭૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૯૮૦૮ પોઈન્ટ થી ૯૮૧૮ પોઈન્ટ, ૯૮૫૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૫૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

### તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૮૩) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૭૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૫૬ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૦૩ થી રૂ.૧૭૧૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૧૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) કોટક બેન્ક (૧૦૦૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૯૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૨૪ થી રૂ.૧૦૩૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) રિલાયન્સ કેપિટલ (૬૦૫) :- રૂ.૫૯૦ પ્રથમ તેમજ રૂ.૫૮૧ ના બીજા સપોર્ટથી ફાઇનાન્સ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૧૯ થી રૂ.૬૩૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) લાર્સેન (૧૧૩૭) :- કન્સ્ટ્રકશન સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૧૫૩ થી રૂ.૧૧૭૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૧૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૨૬) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૨૦૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! સિમેન્ટ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૨૪૪ થી રૂ.૧૨૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

### મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) TCS લિમિટેડ (૨૪૭૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૫૦૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૪૪૭ થી રૂ.૨૪૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૫૧૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) ડીવીઝ લેબ (૮૫૩) :- રૂ.૮૬૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૮૧ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૩૮ થી રૂ.૮૧૮ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૮૮૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ગ્લેનમાર્ક ફાર્મા (૫૯૭) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૧૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૫૮૮ થી રૂ.૫૮૧ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) રિલાયન્સ ઇન્ફ્રા (૪૬૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇન્ફ્રાસ્ટ્રાકચર સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૭૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૪૭ થી રૂ.૪૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૪૮૪ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) એકસિસ બેન્ક (૫૧૧) :- રૂ.૫૧૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૨૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૯૩ થી રૂ.૪૯૦ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૫૩૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# દાંતીવાડા તાલુકા ભાજપની બૃહદ કારોબારીની બેઠક મળી


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચુંટણીઓના પડધમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીમા વિવિધ આયામોની બેઠકોનો ધમધમાટ શરુ થઇ ગયો છે. જિલ્લા કારોબારી બાદ ધાનેરા વિધાનસભાના દાંતીવાડા તાલુકાની કારોબારી આજે નરભેનાથ મંદિર નાની મહુડી ખાતે યોજાઈ હતી. જેમાં વિશાળ સંખ્યામાં કાર્યક્રરો હાજર રહયા હતા.

આગામી કાર્યકમ મોજની વિગતો વાર જિલ્લા મહામંત્રી ભરતસિંહ ભટેસરીયા એ કારોબારી સમિતિનું મહત્વ સમજાવ્યું હતું અને સરકાર ની વિવિધ યોજના લોકો સુધી પહોચાડવા અને તેની ચિતા કરવા જણાવ્યું હતું. કોગ્રેસ દુશપચારનો સામનો કરવા આહવાન કયું હતું આગામી ગૌરવ યાત્રા દાંતીવાડા તાલુકા ડાંગીયા વાઘરોળ દાંતીવાડા કોલોની દાંતીવાડા મહુડી પાંથાવાડા જગ્યાએ સ્વાગત કરવા વિશાળ સંખ્યામાં કાર્યક્રરો લોકો હાજર રહેવા તારીખ એકથી પાંચ તારીખ સુધી વિસ્તારકો બુથ દીઠ જશે તે વિશે ડૉ.સંજયભાઈ દેસાઇ વિસૃત માહિતી આપી હતી.

આ કાર્યકમમાં જિલ્લા ભાજપ મહામંત્રી ભરતસિંહ ભટેસરીયા, જિલ્લા ઉપપમુખ વસંતભાઈ પુરોહીત, મેરુજી ધુખ, પુર્વ ધારા સભ્ય મફતલાલ, ધાનેરા વિધાનસભાના વિસ્તાર ખેમરાજજી દેસાઇ, વિધાનસભાનાં ઈન્ચાજ ગણપતભાઇ રાજગોર, ડૉ.સંજયભાઈ દેસાઇ, તાલુકા ભાજપ પમુખ નટુ ભાઈ ચોધરી, તાલુકા ભાજપ પ્રમુખ જગદીશભાઈ પટેલ, પરથીભાઈ ચૌધરી, માર્કેટયાર્ડના ચેરમેન હરજીવનભાઇ, તાલુકા સંઘના ચેરમેન જીતુભાઇ બોકા, મહામંત્રી દિનેસભાઇ મેવાડા, જયંતિભાઈ બોચાતર, ઈશ્વરભાઇ ચૌધરી, કેરાજી રબારી, ઈશ્વર રબારી, દિનેશભાઈ બોકા, સિધ્ધરાજ સુરેશભાઈ મોદી, સવજીભાઈ, હરનાથભાઈ પટેલ, ઈશ્વરભાઈ ટાયાણી, ચંપુસિહ વાઘેલા, જીવરાજ રબારી, ભોળાજી તથા આ જમણવારના દાતા ઈશ્વરસિહ સોલંકી હતાં. મડપના દાતા સરપંચ પરથીભાઇ સોલંકીએ બેઠકની વ્યવસ્થા કરેલ. આજની આ બેઠકમાં તાલુકા ભાજપ હોદ્દેદારો વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રી તાલુકા સરપંચઓ વિશાળ સંખ્યામાં કાર્યક્રરો શુભેચ્છાકો ઊપસ્થિત રહેલ.

### ડીસા પંથકની પ્રસિદ્ધ પલ્લી

# જુનાડીસા સિધ્ધાંબિકા મંદિરથી આજે નીકળશે

જુનાડીસા

જુનાડીસાનું મા સિધ્ધાંબિકા મંદિર એટલે પ્રાચીન, ઐતિહાસિક અને અલૌકિક શક્તિનું સ્થાનક કે જેના પરિસરમાં આધ્યાત્મિક આહલાદકતાની અનોખી અનુભૂતિ થાય, તેવી શ્રધ્ધા અને ભક્તિનું પાવનધામ જુનાડીસા નિજમંદિરેથી વર્ષોની પરંપરા અનુસાર માતાજીની પલ્લી ગામમાં નીકળશે. મતલબ સ્વયં માતાજી સૌને આશીર્વાદ આપે છે તેવા ભાવથી સમગ્ર ગામલોકો તરફથી પલ્લી નીકાળવામાં આવશે. નવરાતની નોમ અને આજે તા. ૨૯/૯/૧૭ ને શુક્રવારે રાત્રે ૧૨/૧૫ ક. માતાજીના નિજ મંદિરેથી ગામની પ્રદક્ષિણા કરશે. સેવાભાવી પ્રૌઢ કાર્યકર અને ગુજ. ગ્રામીણ પત્રકાર સંઘના વરિષ્ઠ પત્રકાર રમેશભાઈ મહેતા એક નિવેદનમાં જણાવે છે કે, જુનાડીસામાં સનાતન- હિંદુ સમાજની અઢારે આલમ આ ગામ પલ્લીમાં હોંશે હોંશે જોડાય છે અને યથાયોગ્ય સહયોગ આપે છે. પ્રજાપતિ, બ્રાહ્મણ, માળી, બારોટ, મોદી એમ વિવિધ સમાજોની કુળદેવી ચામુંડા, બ્રહ્માણી, સમોર માતા, બહુચર માતા વગેરે કુળદેવીઓની પલ્લીઓ પોતાના ઘેર અલગ અલગ રીતે ભરે છે. પરંતુ સમગ્ર ગામની રક્ષા કરનારી આ ગ્રામ્યદેવી- સિધ્ધાંબિકા માતા જેને સધી માતા પણ કહે છે તે માતાજીનો આ પલ્લીનો ઉત્સવ ઉમંગભેર અને ધર્મમય વાતાવરણમાં ઉજવાય છે. સમગ્ર ગુજરાતની પ્રસિદ્ધ રૂપાલની પલ્લી પછી ઉ.ગુ.માં બીજા ક્રમે આવતી આ પલ્લીમાં ''જય અંબે'' ના ગગનભેદી નાદ સાંભળવાનો અનન્ય લ્હાવો છે.

# ડીસાની પદમાવતી સોસાયટીમાં રાસ ગરબાની રમઝટ જામી



ડીસા

નવરાત્રિની સમગ્ર જગ્યાએ ઉજવણી થઈ રહી છે રાસ ગરબાની રમઝટ જામી રહી છે ત્યારે ડીસા - પાટણ હાઈવે પર માર્કેટની બાજુમાં આવેલ પદમાવતી સોસાયટીમાં પણ રાસ ગરબાનો રંગ જામ્યો છે. સોસાયટીના રહીશો દ્વારા નવરાત્રીનું આયોજન કરાતા નાના ભુલકાઓ સહિત મોટેરા ઓ પણ ગરબે ઝુમી રહ્યા છે.ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબાની મોજ માણી રહ્યા છે. ગરબામાં આરતી સાથે રાસ ગરબામાં રમઝટ જામી રહી છે. ત્યારે પદમાવતી સોસાયટીમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

# જેનાલનો કલાકાર દેશી ઢોલના તાલે મુંબઈમાં ધુમ મચાવે છે


બી.ટી.દરબાર

પ્રતિનિધિ જેનાલ

સરહદી બનાસકાંઠા જિલ્લાના અનેક કલાકારો દેશ વિદેશમાં પોતાની કલાના કામણ પાથરી રહ્યા છે. ત્યારે ડીસા તાલુકાના જેનાલ ગામનો દેશી ઢોલનો કલાકાર અશોક બારોટ મુંબઈ ગોરેગાંવ ખાતે પાર્થિવ ગોહિલના નેસ્કો સેન્ટરમાં દેશી ઢોલના તાલે ધુમ મચાવી રહ્યો છે.

# સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

મા શક્તિની ઉપાસનાના પાવન પર્વ નવરાત્રીનો ઉત્સવ ચાલી રહ્યો છે. ત્યારે સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે તા. ૨૬/૦૯/૨૦૧૭ ના રોજ ગીત- સંગીત- નૃત્ય ધારા અંતર્ગત 'નવરાત્રી મહોત્સવ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રંગ- કલા કૌશલ્ય ધારા અંતર્ગત મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરતીની થાળી સજાવટ, પરંપરાગત, વેશભૂષા, શ્રેષ્ઠ ખેલૈયાઓ જેવી વિવિધ 'ઈવેન્ટ' યોજાઈ હતી. ડીજે ગરબામાં કૉલેજના તમામ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર સ્ટાફ પરિવાર પણ ઉત્સાહથી જોડાયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ઠાકોર સમાજના તેજસ્વી તારલાનો સન્માન સમારોહ યોજાશે

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સંત શ્રી સદારામ યુવક મંડળ દ્વારા ઠાકોર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તા.૩૦-૯-૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે ઠાકોર સમાજ છાત્રાલય ખાતે યોજાનાર છે.જેમાં ઉત્તમ ગુણાંક પ્રાપ્ત કરનાર તથા વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર ઠાકોર સમાજના વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવશે.

# પાંથાવાડા બ્રહ્મ સમાજ દ્વારા હવનનું આયોજન કરાયું...


દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાથાવાડા

દાંતીવાડા તાલુકા માં આવેલ પાથાવાડા ખાતે આવેલ ત્રિવેદીવાસ માં આવેલ અંબેમાતાજી ના મંદિરે આજ આઠમ ના રોજ શ્રીમાળી બ્રહ્મસમાજ દ્વારા વર્ષોથી પરમ પરાગત રીતે હોમહવન કરવામાં આવે છે જેમાં સમગ્ર વિશ્વ નું કલ્યાણ થાય એવી ભાવનાથી માં અંબેમાની આરાધના કરવામાં આવે છે જેમાં આ શુભ પ્રસંગે દાંતીવાડા તાલુકા ઉપ પ્રમુખ મહેન્દ્રભાઈ ત્રિવેદી, મનુભાઈત્રિવેદી. બાબુભાઈ, ગૌરીશંકરભાઈ, ભરતભાઈ સહિત સમસ્ત ત્રિવેદી સમાજ ના ભાઈઓ સહિત આજુબાજુ સોસાયટી ની બેહનો પણ યજ્ઞ માં મોટી હજાર રહી હતી.

# અવસાન નોંધ

ડીસા

ડીસા ખાતે રહેતા મંજુલાબેન કાંતીલાલ સોનીનું તા.૨૫/૯/૨૦૧૭ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ તેમના પુત્રો અતુલભાઈ, પ્રફૂલભાઈ અને પૌત્ર કૃણાલ સહિત પરિવારજનોને વિલાપ કરતા મુકી ગયા છે. તેમના અવસાનથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ છે.તેઓ માયાળુ અને પરગજુ સ્વભાવ ધરાવતા હતા અને સાથે સાથે સમાજ સેવાની ભાવના સાથે અગાઉ લીધેલ દેહદાનનો સંકલ્પ પરિપૂર્ણ કરી માનવતાનું ઉદાહરણ પુરું પાડયું હતું સદ્‌ગતનું બેસણું તા.૧/૧૦/૨૦૧૭ ના રોજ રવિવારે બપોરે ૩ થી ૬ કલાકે રખેવાળ પ્રેસની પાછળ ઉમિયાનગર ખાતે નિવાસ સ્થાને રાખેલ છે.

# મુડેઠા નકળંગ યુવક મંડળ દ્વારા નવરાત્રિ ગરબાની રમઝટ


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામે સૌ પ્રથમ વખત નકળંગ યુવક મંડળ દ્વારા નવરાત્રી ગરબાનું ભવ્ય આયોજન કરાયું છે. જેમાં રોજેરોજ વિવિધ નામાંકિત કલાકારો દ્વારા ગરબાની રમઝટ જામે છે. સાતમે નોરતે ઉત્તર ગુજરાતના પ્રખ્યાત શૈલેષભાઈ બારોટ, સુરેખાબેન નાઈ તથા લક્ષ્મણસિંહ રાઠોડ દ્વારા મોડી રાત સુધી ગરબાની ધુમ મચી હતી. મુડેઠા સહિત આસપાસના ગામોમાથી બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# દિયોદર પ્રા.શાળા નં-૩માં નવરાત્રી મહોત્સવ ઉજવાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

અત્યારે આસો માસમાં માં જગત જનની ના દિવસો ચાલી રહ્યા છે ત્યારે દિયોદર પ્રા.શાળા નં-૩માં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ શાળાના તમામ બાળકો અને શિક્ષક મિત્રો વેશભૂષા સાથે ગરબે ઘુમ્યા હતા.શાળાનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.ગરબે રમનારા તમામ બાળકોનું નિર્ણાયકશ્રીઓ દ્વારા ૧ થી ૩ નંબર આવનાર છોકરા અને છોકરીઓ અને શિક્ષકોને રમવામાં અને વેશભૂષામાં અલગ - અલગ નંબર આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઈનામના દાતા શ્રી હસમુખલાલ વાઘેલા, કરશનભાઈ જોષી, પ્રવિણભાઈ પંચાલ, બળવંતસિંહ ચૌહાણ અને આચાર્ય શ્રી મુકેશભાઈ ત્રિવેદીને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. નિર્ણાયકશ્રી શામળભાઈ માળી અને રમેશભાઈ પ્રજાપતિનો આ તબક્કે આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સમગ્ર આયોજન ચેતનકુમાર એસ. પ્રજાપતિએ કર્યુ હતું.

# ડીસાના નવા પ્રાંત અધિકારીનું સ્વાગત



ડીસા ખાતે નવા નિમણૂંક પામેલા પ્રાંત અધિકારી (એસ.ડી.એમ) જીતુભાઈ વાઢેરનું ડીસા પ્રગતિ અભિવાદન ગ્રૂપ દ્વારા સુતરની આંટી પહેરાવી સન્માનપત્ર અને પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું જે પ્રસંગે પ્રગતિ અભિવાદન ગ્રૂપના લલિતભાઈ દોશી, હસમુખભાઈ પટેલ, નરેશભાઈ શેઠ, રાજુભાઈ એસ.ઠક્કર, જયેશભાઈ દેસાઈ વગેરે હાજર રહ્યા હતા.

# વડગામ આદર્શ વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવ


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય વડગામ ખાતે બુધવારે 'નવરાત્રી મહોત્સવ' ની ઉજવણી કરાઈ હતી. પ્રમુખ પરથીભાઈ ચૌધરી (સલેમકોટ) એ દિપપ્રાગ્ટય કરી મા જગદંબાની મહાઆરતી ઉતારી હતી. વાલીમંડળના પ્રમુખ ભગવાનભાઈ ચૌધરી સહિત સંસ્થાના તમામ પદાધિકારીઓ, વાલીઓ, અગ્રણીઓ, સ્ટાફગણ, વિદ્યાર્થીઓ મોટી સખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામ તાલુકાના બસુ ગામે મુસ્લિમ સમાજના અગ્રણીઓની બેઠક યોજાઈ

તા.પ્રતિનિધિ વડગામ

બસુ જિ.પં. ડેલિગેટ અને કોંગ્રેસના સિનિયર અગ્રણી હબીબભાઈ એ. એવરા, યાદખાન એ. બિહારી(નગાણા)ના નેતૃત્વમાં બસુ ગામે અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં વડગામ વિધાનસભા વિસ્તારના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર મણિભાઈ વાઘેલાને સમર્થન આપ્યું હતું. સદરહું બેઠકમાં જિ.કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ, પ્રદેશ કો. પ્રમુખ યાસીનખાન ખોખર, ડૉ.ઈમરાન જગરાળા,મૌલાના ખુદુશ સાહેબ, નુરભાઈ ઉમતીયા (દાંતા), રસુભાઈ કેટ, અબુબકર પટેલ, અબજલભાઈ મેતા સહિત માહી, પીરોજપુરા, ચાંગા, ટેકરીયા, તેનીવાડા, રજોસણા, મજાદર, છાપી, મુમનવાસ, મોરીયા, નવોવાસ, નવિસેંધણી, કાલેડા, હરદેવાસણા, વાસણા(સેં.) નિઝામપુરા, તાજપુરા, બાવલચુડી, વગેરે ગામોના અગ્રણીઓ જોડાયા હતા. બેઠકનું સફળ સંચાલન હબીબભાઈ એવરાએ કર્યું હતું.

# ગરબા વિસર્જનના શુભ મુહુર્તો

અંજાર

નવરાત્રીમાં ગરબાના સ્થાપન કર્યા પછી તેના વિસર્જન માટેના શુભ સમય હોય છે. તે મુજબ વિક્રમ સં. ૨૦૭૩, આસો સુદ-૧૦, દશેરા, વિજયા દશમી, તા. ૩૦/૯/૨૦૧૭, શનિવારના દિવસે ગરબાનું વિસર્જન થઈ શકશે. જેના શુભ સમય નીચે મુજબ છે.

સાંજે ૬-૩૦ થી ૮-૦૦ ક.
રાત્રે ૯-૩૦ ક. થી રાત્રે ૧-૩૦ ક.
વહેલી સવારે ૫-૦૦ ક. થી ૬-૩૦ ક.

ઉપરોક્ત સમય દરમ્યાન અનુકુળતા પ્રમાણે ગરબાનું વિધિવત વિસર્જન કરી શકાય.

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# ભીમપુરા અને લોઢનોર ગામેથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

પોલીસ અધીક્ષક નીરજકુમાર બડગુજર (બનાસકાંઠા) પાલનપુર દ્વારા જિલ્લામાં દારૂની પ્રવૃત્તિ સંપૂર્ણ પણે નેસ્ત નાબુદ કરવા આપેલી સૂચના મુજબ નાયબ પોલીસ અધિક્ષક યુ.આર.પટેલના માર્ગદર્શન તથા પી.આઈ. એ.બી.પટેલની સૂચના મુજબ પો.સ.ઈ.આર. જી.ચૌધરી તથા પોલીસ સ્ટાફ વિગેરેએ થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ભીમપુરા ગામે રહેતો અરવીંદ હેમજીભાઈ પટેલના ખેતરમાં બનાવેલ રહેણાંક મકાનમાં રેડ કરતાં વિદેશી બ્રાંડનો રૂા.૨૧,૪૦૦ નો દારૂ જપ્ત કરી થરાદ પોલીસ મથકે પ્રોહીબીશન એક્ટ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

તેમજ થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નવરાત્રી ગરબામાં ઉપરોક્ત પોલીસ અધિકારીઓ અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીના આધારે એક સ્પેસિયો ગાડી જીજે૧૮ એબી ૫૪૫૧ નંબરની ગાડીનો પીછો કરતા લોઢનાર ગામના ચરેડામાં ગાડીનો ચાલક ગાડી મુકી નાસી ગયેલ. બાદમાં પોલીસે ગાડી ચેક કરતાં વિદેશી દારૂની ૯ પેટી, કિંમત રૂા.૪૩,૨૦૦/- નો મુદ્દામાલ તથા ગાડીની કિંમત રૂા.૧ લાખ મળી રૂા.૧,૪૩, ૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહી.એક્ટ કલમ ૬૫-ઈ,૯૮, (૨) મુજબ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે શ્રી નાગણેજી માતાનું મંદિર

# સર્વધર્મ સમભાવના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવતા ભક્તો

**નવાબના રાજપુત રાણીના દાયજામાં આવ્યા હતા શ્રી નાગણેજી માતા : હવનાષ્ટમીના દિવસે મધ્યરાત્રિએ ૨૧ શ્રીફળનો હવન થાય છે.**



સંજય જોષી

પાલનપુર

પાલનપુરના નવાબે બંધાવેલું સર્વધર્મ સમભાવના પ્રતિક સમું ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર આજે હવનાષ્ટમી નિમિત્તે શ્રધ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું. વર્ષમાત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે હવનાષ્ટમી નિમિત્તે ૨૧ શ્રીફળનો હવન થાય છે. નવરાત્રી આઠમ એટલે કે, હવનાષ્ટમી નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતીક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પૂજા- અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપુત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જોકે, પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલું શ્રી નાગણેજી માતાનું મંદીર, નાગપાંચમ અને નવરાત્રિ આઠમ સહિત વર્ષમાં માત્ર બે જ વખત જ ખુલે છે.

નવરાત્રી આઠમે શ્રી નાગણેજી માતા મંદિરે લોક કલ્યાણ અર્થે એકવીસ શ્રીફળનો હવન થાય છે. જેની મધ્યરાત્રીએ પૂર્ણાહુતિ થાય છે. આમ, પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબી કાળનું શ્રીનાગણેજી માતાનું મંદિર કોમી એકતાની મિશાલ પુરી પાડી રહ્યું છે.

# ધાનેરા પોલીસે રીઢો બાઈક ચોર પકડ્યો



એન.કે.મોદી

## ત્રણ બાઈક ચોર્યો હોવાની કબુલાત

તા.પ્રતિ ધાનેરા

ધાનેરા પોલીસે શકના આધારે ઝડપેલ રાજસ્થાની યુવકે ત્રણ બાઈક ચોરી કર્યોની કબુલાત કરી હતી. તેથી બાઈક ચોરીના વધુ ભેદ ઉકેલવાની શક્યતા છે.જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર ને નાયબ પોલીસ અધિક્ષક (થરાદ) યુ.આર.પટેલે વાહન ચોરી અટકાવવા આદેશ કરેલ હતો. જે સંદર્ભે પી.આઈ.જી. એલ. ચૌધરીએ સ્ટાફ સાથે વાહનોનું ચેકીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન એક ચાલતા આવતા યુવકને શકના આધારે રોકી કડક પૂછપરછ કરતા તેણે પોતાનું નામ સુરેશકુમાર ભગીરથરામ વિશ્નોઈ (રહે.ડાવલ તા. સીતલવાણા જિ.જાલોર) હોવાનું જણાવી ત્રણ બાઈક (નં.જી.જે. ૦૮ એ.એન. ૨૩૫૦, જી.જે.૮ એ એસ ૭૬૨૨ અને જી. જે.૮ એપી ૩૭૫૫) ચોર્યોની કબુલાત કરી હતી.જે બાઈક સીતલવાણા પોલીસે પકડલે હોવાનું રેકર્ડ દ્વારા ખાત્રી કરી ધાનેરા પોલીસ મથકે નોંધાવેલ ચોરીના ગુનાનું બાઈક (કિંમત રૂા.૯૦,૦૦૦) કબ્જે લીધું હતું જેની વધુ પૂછપરછ દરમ્યાન વધુ બાઈક ચોરીના ભેદ ઉકેલાવાની પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી.

# કાંકરેજના આકોલી ગામે વર્ષોની પરંપરા મુજબ નવરાત્રીમાં ફક્ત પુરૂષો જ ગરબે રમે છે



વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

પવત્રિ આસો મહિનાની નવલી નવરાત્રીમાં કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢ ગરબી ચોકમાં ખેલૈયા ઢોલના તાલે સાઉન્ડ સિસ્ટમ સાથે રંગબેરંગી રોશનીના પ્રકાશમાં માની માંડવી રે માંના મંડપમાં શોભે ના ગરબા સાથે ધૂમ મચાવી રહ્યા છે. આસો સુદ -૮ (આઠમ) ના દિવસે ગામમાં માતાજીની પલ્લી ભરાય છે. સાથે દરેક સમાજમાં પોતાની કુળદેવી દેવતાની પલ્લીઓ ભરી બાધા - આખડી માનતા પુરી કરી માના ચરણોમાં સુખ સમૃધ્ધિ અને તંદુરસ્તી માંગે છે. ત્યારે વિશ્વ વિખ્યાત ગાયમાતાનું મંદિર કાંકરેજ મુખ્ય મથક શિહોરીમાં આવેલું છે. જ્યાં આસો - સુદ ૧૫ (પૂનમ) ના મોટો મેળો ભરાય છે. જ્યાં લાખોની સંખ્યામાં ભક્તો - ખેલૈયાઓ દર્શનોર્થે ઉમટી પડશે.તથા આકોલી સહિતના ૧૦૫ ગામો દર્શન કરવા શિહોરીમાં જાય છે અને ગૌમાતાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# દાંતામાં હાઈવે પર ખુલેઆમ ચાલતા ઓવર લોડ વાહનો સામે કાર્યવાહી થશે ?

પ્રતિનિધિ દાંતા

દાંતામાં હાઈવે ઉપર સવારે વહેલા અને રાતના અંધારામાં ખુલેઆમ ઓવર લોડ વાહનો ખુલે આમ ફરતા નજરે આમ જનતા ને દેખાય છે પણ અંબાજી થી આરટીઓ કચેરીથી દેખાથી નથી આ ઓવરલોડ ગાડિયો અંબાજી બોડેર પર થઈને પસાર થઈને અંબાજી માં આવે છે તેવું બાબા ખાન મકરાણી નું કેહવું છે દાંતાની આજુ બાજુ આવેલી કોરિયો નાં પણ વાહન ચાલકો ખુલે આમ ઓવેર્લોદ ગાડીઓ ભરીને માલ એક જગ્યા થી બીજી જગ્યા પર સપ્લાય કરતા નજરે પડી રહ્યા છે દાંતા કોરિયો ની ગાળિયો અને અંબાજી થી આવતી ગાડીઓ તો પાલનપુર આરટો ઓ નજીક ઉબાહ રહી વઘાર બીકે ચાય પાણી કરવા ઉભા રહે છે આ ઓવેર લોડ ગાડીઓ વારા કોઈના થી ડરતા નાં હોય એવી રીતે મનફાવે તીવે રીતે વાહનો ખુલે આમ ભરી ને જતા હોય છે શું આ ઓવર લોડ ગાડીઓ ભરનાર અને ભરાવનાર ને કોઈ ડર નથી અને ૧૬ ટેન માલ ભરવાની જગ્યા પર ૨૭ ટેન માલ બાહરી રહ્યા છે એમને રોકનાર કોઈ અધિકારી દાંતા તાલુકામાં અંબાજીમાં પાલનપુર માં છે કે પછી બીજું કોઈ મલાઈ ખાતું આ કોરિયો વારા અંબાજીથી આવતા અને પાલનપુર જતા વાહનો નું કામ કરે છે ટે તાલુકા ની પ્રજા માં લોક મુખે ચરચાઈ રહ્યુ છે અધિકારીઓ ને ભલે આજ દિવસ સુધી નાં દેખાયું હોય પણ દેશ ની ચોથી જાગીરી એ મીડ્યા છે તો મીડ્યા એ બહાર લાવેલ સવાલોનો હવે લાગતા વળગતા અધિકારીઓ એ આંખ પર થી કાળા ચસમાં ઉતારીઅને હવે પછી યોગ્ય કાર્યવાહી કરે અને ચોથી જાગીરી એવી મીડ્યા ને ગોંડી ને નાં પી જાય ટે પણ ધ્યાને લેવું જરૂરી છે. આવતા દિવસોમાં ખાબેર પડશે કે આ.ટી.ઓ સાહેબ શું કાર્યવાહી કરી બતાવે છે.

# ડીસા તાલુકા ભાજપ કિસાન મોરચાની કારોબારી મળી



ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકા ભાજપ કિસાન મોરચાની કારોબારીની બેઠક મળી હતી. જેમાં આગામી વિધાન સભાની ચૂંટણીના પ્રચારમાં લાગી જવા કાર્યકરોને હાકલ કરાઈ હતી. બેઠકમાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, બનાસબેંકના વા.ચેરમેન જીગરભાઈ દેસાઈ, જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી વનરાજસિંહ, તાલુકા કિસાન મોરચાના પ્રમુખ નરેશભાઈ માળી (ડલિગેટ), સુરેશભાઈ સિલ્વા, દાનસંગજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# વડગામમાં આખલા યુધ્ધ

તા.પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામમાં બુધવાર સવારે બે આખલાઓએ મિજાજ ગુમાવતાં આતંક મચાવ્યો હતો. જેથી વીસ મીનીટ સુધી તો વડગામ હાથીભા કોમ્પલેક્ષ વિસ્તારમાં કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો. બે આખલાઓની લડાઈમાં પાર્કીંગ કરેલ કમાન્ડર જીપ હડફેટે ચઢી જતાં વ્યાપક નુકસાન થયું હતું. આખલાઓને જુદા પાડવા ત્યાંથી પસાર થતા રાહદારીઓએ પાણીનો મારો ચલાવ્યો, ટ્રેક્ટર વડે જુદા કરવાના પ્રયત્ન કરાયા હતા. છતાં લડાઈ ચાલુ જ રહી હતી. બાદમાં અડધા કલાક પછી આખલા યુધ્ધ માંડ શાંત થયું હતું. રાત્રે પુનઃ આ બન્ને આખલાની લડાઈ જામી હતી. આમ તો વડગામમાં કેટલીયવાર આખલા લડાયા છે. પરંતુ બુધવાર સવાર-સાંજની આખલાની લડાઈ કુતૂહલ પમાડે તેવી હતી.

# ડીસા સહિત જિલ્લામાં પલ્લી આઠમની શ્રધ્ધાપૂર્વક ઉજવણી

## આઠમ નિમિતે કુળદેવીની પલ્લી ભરાઈ

પ્રતિ. વડાવળ

જિલ્લામાં નવરાત્રીના પર્વની ભવ્ય ઉજવણી થઈ રહી છે. ત્યારે આસો સુદ આઠમનો દિવસ પલ્લી આઠમ તરીકે ઉજવવામાં આવે છે. જેથી આઠમના દિવસે દરેક સમાજના લોકો પોતાની કુળદેવીની પલ્લી ભરી પૂજા - અર્ચના કરતા હોય છે. એવું કહેવાય છે કે ધંધાર્થે ગમે તેટલો વ્યક્તિ દૂર હોય તો પણ પલ્લી આઠમના દિવસે અચુક કુળદેવીના સ્થાનકે આવી નૈવેધ કરતો હોય છે. જેથી ધંધાર્થે બહાર ગયેલા લોકો પણ વતનમાં જોવા મળ્યા હતા. ગુરૂવારના આઠમનો દિવસ હોવાથી ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં કુળદેવીની પલ્લી ભરાવવાનો ધાર્મિક માહોલ જામ્યો હતો.

આ અંગે કેટલાક શ્રધ્ધાળુ ભાવિકોએ જણાવ્યું હતું કે આઠમના દિવસે કુળદેવી માતાજીની દરવર્ષે પલ્લી ભરવામાં આવે છે. ઘઉનું ભડકુ, સુખડી, ચોખા, શ્રીફળ વગેરેનું નૈવેધ ચઢાવી પ્રસાદ આપવામાં આવે છે. જેથી ગ્રામિણ વિસ્તારોમાં આવેલા દૈવી મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી નવરાત્રીના પાવન દિવસોમાં ઠેરઠેર ધાર્મિક માહોલ ઉભો થયો હતો.

# થરાદ તાલુકા પંચાયત ખાતે બ્લોકલેવલ એડવોકસી મીટીંગ યોજાઈ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકા પંચાયત ખાતે બ્લોકલેવલ એડવોકસી મીટીંગ યોજાઈ હતી જેમાં બહોળી સંખ્યામાં વિકલાંગ ભાઈ - બહેનો હાજર રહ્યા હતા. જેમાં ટી.ડી.ઓ ભિખાભાઈ ગુજોર તેમજ આઈ.આર.ડી શાખાના રઘુભાઈ ત્રિવેદી અને શિક્ષણ શાખાના એન.સી. બોચીયા હાજર રહ્યા હતા. તેમણે દિવ્યાંગ ભાઈ - બહેનોના પ્રશ્નોને સાંભળીને તેમનું નિરાકરણ કરી આપ્યું હતું તેમજ સરકારની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ અંધજન મંડળ પાલનપુર દ્વારા ચાલતા સમ્મલિત વિકાસ જાણકારી નામના પ્રોજેકટમાંથી પૂર્વ સી.બી.આર વર્કર હસમુખભાઈ પ્રજાપતિ તેમજ હાલના સી.બી.આર. વર્કર દિનેશભાઈ સુથારે દિવ્યાંગ ભાઈ - બહેનોને વિવિધ યોજનાઓ જેવી કે સર્ટીફીકેટ, બસપાસ, રેલ્વેપાસ, નિરામયા હેલ્થપોલીસી, શિષ્યવૃત્તિ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. તેમજ ડી.પી.ઓ સંગઠનમાં દરેક ભાઈ - બહેનોને જોડાવવા માટે અનુરોધ કર્યો હતો.

# ધાનેરામાં ખેલૈયાઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબાની રમઝટ જમાવી



એન.કે. મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

માતાજીની આરાધના ના પર્વ એવા નવરાત્રીમાં ધાનેરા શહેરના વિવિધ વિસ્તારોના શેરી ગરબાઓમાં ખેલૈયાઓ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ મન મૂકીને નાચ્યાં હતા શહેરમાં ૩૦ થી વધુ શેરી ગરબાઓ થઈ રહ્યા છે ત્યારે આજે પાંચમા નોરતે આશાપુરી મંદીર ના ગરબા મહોત્સવમાં વિશેસ આરતી અને ભારતના નકશાની રંગોળી બનાવી તેમાં બિનબત્તી પ્રગટાવી તથા દેશ ભક્તી ના ગીતથી ગરબાની શરૂઆત કરી શહિદ થયેલા શૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ધાનેરાની વિવેકાનંદ વિધ્યાયલ અને ધ નેશનલ ઈન્ગલીસ મિડીયમ સ્કૂલમાં પણ ડી.જે. ના તાલે ગરબા નુ આયોજન કરાયુ હતુ જેમા બાળકો ગરબે ઘૂમ્યા હતા.

## દેહદાન થકી ઉત્કૃષ્ટ સેવા કાર્ય

# ડીસામાં વૃદ્ધાનું અવસાન થતાં ચક્ષુદાન અને દેહદાનનો સંકલ્પ નિભાવ્યો



ડીસા

ડીસામાં વૃદ્ધ મહિલાનું અવસાન થતાં તેમને આગઉ લીધેલ સંકલ્પને તેમના પરિવારજનોએ પરિપૂર્ણ કરી તેમના ચક્ષુનું દાન અને દેહદાન કરી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

ડીસા ખાતે રહેતા મંજુલાબેન કાંતિલાલ સોનીએ અગાઉ લાયન્સ હોલ ખાતે પોતાના મૃત્યુ બાદ દેહદાન કરવાનો જાહેરમાં સંકલ્પ લીધો હતો. દરમિયાન તા. ૨૫/૯/૨૦૧૭ ના રોજ તેમનું અવસાન થતાં તેમના પરિવારજનોએ મૃતકના સંકલ્પને પરિપૂર્ણ કરવા સમાજસેવી મફતલાલ મોદી અને તબીબ ડૉ.સી.કે.પટેલનો સંપર્ક કર્યો હતો. આથી તેઓએ ડૉ.કિશોરભાઈ આસ્નાનીને આ બાબતે વાકેફ કર્યા હતા. બાદમાં ડીસાના આંખના ડૉક્ટર ચિરાગ મોદીએ પાલનપુરથી એમ્બ્યુલન્સ મંગાવી મૃતક મંજુલાબેનના ચક્ષુ લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલના આંખ વિભાગમાં મોકલી આપવામાં આવી હતી. બાદમાં ડૉ.સી.કે.પટેલે મૃતક મંજુલાબેનના દેહને પાટણની ધારપુર મેડીકલ કોલેજમાં મોકલી આપવા વ્યવસ્થા કરી હતી. જે મુજબ મૃતકના દેહનું માન સન્માનપૂર્વક દાન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસામાં દિવ્ય જ્યોતિ ચક્ષુબેન્ક અને શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચક્ષુદાન અને દેહદાન માટે સેવાનું કાર્ય થઈ રહ્યું છે.

# ફૂલ બજારમાં તેજી



વિનોદ બાંડીવાલા

શક્તિ અને ભક્તિના પર્વ નવરાત્રિના આરંભ સાથે દેવ - દેવતાઓની પૂજા - અર્ચના અને આરાધના આરંભાઈ છે. જેથી ફૂલોની માંગ વધી પડતા ફૂલ બજાર કળીની માફક ખિલિ ઉઠ્યું છે. જેના કારણે ફૂલોના ભાવમાં આકસ્મિક ઉછાળો આવ્યો છે. ઢગલાબંધ વેચાતા ગલગોટાના ફૂલનો ભાવ ૭૦ થી ૮૦ રૂપિયા થઈ ગયા છે તેથી તેનો એક હાર ૩૦ રૂપિયે વેચાઈ રહ્યો છે. તેમ છતાં ભાવિકો આસ્થાભેર ફૂલનો હાર ખરીદે છે.

# કાંકરેજના માંડલા ગામે નવરાત્રી પર્વની ઉજવણી



અશોક પ્રજાપતિ

## આવ્યા આવ્યા આસો સુદ દાડા હૈયા મારા હરખે છે

પ્રતિ. માંડલા

જગદજનની જગદંબાની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી. આ સમયમાં ભક્તિ- શક્તિની આરાધના કરવાનો શ્રેષ્ઠ સમય છે. શહેરોમાં રોશની ઝગમગાટ તો ગામડાઓમાં પ્રાચીન પરંપરાઓ થકી માના નોરતાની ઉજવણી કરવામાં આવે છે.

કાંકરેજ તાલુકાના માંડલા ગામે નવરાત્રી પર્વની શાનદાર ઉજવણી કરાય છે. ગામ મધ્યે રામજી મંદિર ચોકમાં ભવ્ય નવરાત્રી મહોત્સવ તેમજ ચામુંડા માતાજી પ્રજાપતિ કુળદેવીના સ્થાનકે ભવ્ય ગરબાઓ યોજાય છે. ગામ મધ્યે પ્રાચીન પરંપરા મુજબ આંટી રમતથી રમતા ખેલૈયાઓ ભવ્ય પરંપરાઓની યાદ અપાવે છે. તેમજ ડી.જે.ના તાલે નવયુવાનો ગરબે ઘુમતા નજરે ચઢે છે. પ્રસાદ, આરતી તેમજ અષ્ઠમીના દિવસે કાળકા માતાજીનો વેશ ભજવતા કરસનભાઈ પટેલ લોકોમાં અનેરો ભક્તિભાવ પેદા કરે છે.

અનુસંધાન પાના નં.૬

# દીઓદર ખાતે જન વેદના સંમેલન અંતર્ગત પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના કોટડા(દી.)ખાતે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત દ્વારા આયોજીત દીઓદર તાલુકા કોંગ્રેસ સમિતિ અને લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા તા.૩૦-૯-૨૦૧૭ને શનિવાર (વિજ્યા દશમી)ના રોજ બપોરે ૧ કલાકે યોજાનાર નવ સર્જન ગુજરાત જન વેદના સંમેલન અંતર્ગત આજરોજ દીઓદર ખાતે દીઓદર તાલુકાની પ્રેસ કોન્ફરન્સ ભરતસિંહજી એમ.વાઘેલા (સહ કન્વીનર,રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશ) તેમજ દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

અનુસંધાન પાના નં.૬

# કુંવારવા ખાતે બજરંગબલી હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા અને હવન યોજાયો



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના કુંવારવા ગામના બ્રહ્માણી જિનીંગ પરિવાર દ્વારા હનુમાનજી મંદિરની પ્રતિષ્ઠા સાથે હોમ હવનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હોમ- હવનના શાસ્ત્રી પંડિત દેવરામભાઈ (કુંવારવા) એ મંત્રોચ્ચાર કરી વિધિવત હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરી હતી. જેમાં બ્રહ્માણી જિનીંગ પરિવારના તમામ સભ્યો સાથે પટેલ નવિનભાઈ પરાગભાઈ (સામાજીક અગ્રણી), જીવાભાઈ દેવાભાઈ, કલ્યાણભાઈ રમેશભાઈ કાળુભાઈ પટેલ (જિ.પં.સદસ્ય બ.કાં.), રાહુલભાઈ ડી.સુથાર(એમ.ડી. બ્રહ્માણી જિનીંગ), પ્રવિણભાઈ પટેલ (ફોરણા), બાબુભાઈ જે.દેસાઈ (મહામંત્રી ભાજપ કાંકરેજ આકોલી) તેમજ કુંવારવા સરપંચ જીવાભાઈ પટેલ તથા ડે.સરપંચ ચંદુજી નેમાજી ઠાકોર સહિત તાલુકાના ગામોમાંથી સરપંચો- સભ્યો સહિત હનુમાન ભક્તોએ આ પ્રતિષ્ઠા અને હવનનો લ્હાવો લીધો હતો.

# દીઓદર તાલુકાના સુરાણા ગામે નવરાત્રીની જામી રહેલ રમઝટ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

આસો સુદ-૧થી શરૂ થયેલ નવરાત્રી પર્વ સમગ્ર રાજ્યમાં ખૂબ જ ધામ ધૂમથી ઉજવાઈ રહ્યું છે.અને ઠેર-ઠેર મોડી રાત સુધી ખેલૈયાઓ ગરબે ઘુમતા જોવા મળી રહ્યા છે.અને શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રીની ઉલ્લાસ પૂર્વક ઉજવણી થઈ રહી છે.

જે અંતર્ગત દીઓદર તાલુકાના સુરાણા ગામે વર્ષોથી ગામ લોકોના સહયોગથી નવરાત્રીનું ઉજવણી થાય છે.તેમજ આ વર્ષે પણ શ્રી આલુદેવી યુવક મંડળ તેમજ ગામ લોકોના સહયોગથી અને યુવાનોની મહેનતથી નવરાત્રી પર્વનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.મોટું ગામ ધરાવતા હોવા છતાં હજુ પણ ગામમાં એક જ સ્થળે ગરબી યોજાય છે.અને મોડી રાત સુધી બહેનો,માતાઓ,

અનુસંધાન પાના નં.૬

## શ્રી આંજણા યુવક મંડળ - ડીસાની મીટીંગ યોજાશે

**આથી તમામ આંજણા સમાજના લોકોને જણાવવાનું કે શ્રી આંજણા યુવક મંડળ - ડીસાની રચના કરવા બાબતે તા.૫/૧૦/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે પટેલવાસ, મું.કાંટ, તા.ડીસા, જિ.બ.કાં. ખાતે મીટીંગ રાખવામાં આવેલ છે. તો આ મીટીંગમાં સબંધકર્તા સર્વેને હાજર રહેવા નમ્ર વિનંતી છે. જેમાં શ્રી આંજણા યુવક મંડળ - ડીસાનું મેમોરેન્ડમ ઓફ એસોસિયેશન તથા આર્ટીકલ ઓફ એસોસિયેશન નક્કી કરવા, કારોબારી કમિટી તથા હોદ્દેદારોની નિમણૂંક કરવા અને ટ્રસ્ટની નોંધણી બાબતે ઠરાવ કરવામાં આવશે.**

**ધાનેરા નગરપાલિકા**
**ઓનલાઈન ટેન્ડર**
**જાહેર નિવિદા - ૨૦૧૭ (ચોથો પ્રયત્ન)**

**નગરપાલિકા ધાનેરા દ્વારા ૧૪ મા નાણાપંચ અને જીલ્લા આયોજન મંડળની ગ્રાન્ટમાં લેવામાં આવેલ પાણી - પુરવઠા શાખાના કામો કુલ - ૩ (ત્રણ) જેની અંદાજીત કિંમત રૂા.૧૯.૦૬ લાખ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓન લાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા.૦૩/૧૦/૨૦૧૭ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોકયુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.**

| અનુ. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા.૦૩/૧૦/૨૦૧૭ થી તા.૧૧/૧૦/૧૭ ના રોજ ૧૮/૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓન લાઈન સબમિશન | તા.૧૧/૧૦/૨૦૧૭ ના રોજ ૧૮/૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ફી, ઈએમડી (બાના મુકિત પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફિસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી રજુ કરવાની તારીખ | તા.૧૩/૧૦/૨૦૧૭ |
| ૪ | ટેન્ડર ઓપનીંગ | તા.૧૬/૧૦/૨૦૧૭ (સંભવિત) |

**આ કામની વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.**

| | | | |
|---|---|---|---|
| ચિંતન ચૌધરી<br>મુખ્ય અધિકારી<br>નગરપાલિકા ધાનેરા | ઈન્દુબેન આર. જોષી<br>ચેરમેન<br>પાણી પુરવઠા સમિતિ | જગદીશભાઈ પી.ઠક્કર<br>ઉપપ્રમુખ<br>નગરપાલિકા ધાનેરા | આશાબેન એન.પટેલ<br>પ્રમુખ<br>નગરપાલિકા ધાનેરા |

# તંત્રી સ્થાનેથી ...

**પૃથ્વી કે આ સંસાર સત્યના બળ ઉપર જ ટકી રહ્યા છે.**

## અફઘાનિસ્તાનને તમામ સ્તરે મદદ કરનાર ભારતીય સૈનિકોની સરાહના

અફઘાનિસ્તાનના પુનઃ નિર્માણ માટે ભારત દ્વારા જે કઈ મદદ કરવામાં આવી છે. તેની વિશ્વના રાષ્ટ્રોએ સરાહના કરી છે. અફઘાનમાં તાલિબાન સંગઠનને પડકારવા ભારત અને અમેરિકાના સૈનિકો સતત કાર્યરત રહ્યા છે. અને વર્તમાન સંજોગોમાં ત્યાં સંપૂર્ણ શાંતિ થાય તે માટેના પ્રયાસો ભારત દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે અફઘાનિસ્તાનમાં ભારતે સૈનિકો નહિં મોકલવાનું જાહેર કરીને એક મહત્વનું પગલું ભર્યું છે. વર્તમાન સંજોગોમાં અફઘાનના પૂર્વ ભાગમાં તાલિબાનોના જે અડ્ડા આવ્યા છે. તેનો સફાયો કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે.અફઘાનની શાળાઓ અને સ્થાનિક સંસ્થાઓ આસપાસ તકેદારીના ભાગરૂપે સૈનિકોને મુકવામાં આવ્યા છે. કેમ કે તાલિબાનો ગમે ત્યારે શાળાઓની અંદર કે બહાર વિસ્ફોટ કરે તેવી શક્યતાઓને નકારી શકાય તેમ નથી. અસંખ્ય મસ્જીદો બિસ્માર બની ચુકી છે. મુસ્લિમ બિરાદરોને નમાઝ પઢવા માટે જવું હોય તો ડરીને ત્યાં જવું પડે છે. તેમ છતાં થોડા સમય પહેલાં ભારતીય લશ્કરના જવાનોએ એક મસ્જીદ પાસેથી ચાર તાલિબાનોને પકડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ગત મંગળવારે અમેરિકાના સંરક્ષણ મંત્રી જેમ્સ પેટ્ટીસ સાથે ભારતના સંરક્ષણ મંત્રી નિર્મલા સીતરામને ભારતીય અફઘાનિસ્તાનમાં સૈનિકો મોકલવાની બાબતે ચર્ચા વિચારણા કર્યા બાદ ત્યાં સૈનિકો નહિં મોકલવાનું જાહેર કર્યું છે. આ પગલાને યોગ્ય દિશાસૂચક પગલું ગણવામાં આવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે. વર્ષોથી ભારતીય અને અમેરિકા સૈનિકો અફઘાનની સરહદ પર હતા અને હવે તે વિસ્તારોમાં વાતાવરણ યોગ્ય જણાતા સૈનિક કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે. અફઘાનિસ્તાનમાં ભારતની છાપ અને પ્રતિષ્ઠા એક મદદગાર દેશ તરીકેની ઉપસી આવી છે. જો કે અમેરિકાના કેટલાક સૈનિકો એરપોર્ટ તેમજ રેલવે માર્ગો પર કાર્યરત બન્યા છે. ત્યાં હાલમાં તાલિબાનો ફરકી શકે તેમ નથી. જેટલા તાલિબાનો અફઘાનિસ્તાનમાં હતા તેના અડધા ભાગના માર્યા ગયા છે. કેટલીક હોટલોમાં છુપાયેલા તાલિબાનોને પકડી જેલ હવાલે કરવામાં ભારતીય સૈનિકોનો વિશેષ ફાળો છે. જો કે હાલમાં મોટાભાગના તાલિબાનો પાકિસ્તાનના કરાંચી- પેશાવર અને પંજાબ પ્રાંતમાં છુપાયેલા છે આ તમામને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ મદદ કરે છે. તેનો અમેરિકાએ સખ્ત વિરોધ કર્યો છે. અમેરિકી સંસદમાં પણ આ મુદ્દો ત્યાંના સંરક્ષણ મંત્રીએ ઉઠાવ્યો હતો.

અફઘાનિસ્તાનમાં જ્યારે ને ત્યારે લોહિયાળ જંગ ખેલાયો હતો. ત્યારે માત્ર ભારત અને અમેરિકા દ્વારા જ સૈનિકો મોકલીને મદદ કરવામાં આવી હતી. જો કે આ મદદગારીમાં બંને દેશના ૧૧૦૦ જેટલા સૈનિકો ઘાયલ થયા હતા. પરંતુ ત્યાં તાલિબાનની હકુમતને કાયમ માટે પડકારવામાં આવી હતી. જો કે હવે સેનાને નુકસાન થાય તે ભારત કે અમેરિકાને પોસાય તેમ નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત અને અમેરિકાએ અફઘાનને કરેલી મદદની વાહ વાહ થઈ રહી છે. તેનાથી પાક.ના પેટમાં તેલ રેડાયું છે.

## ડીએસપી સાઈલના સીઈઓ એ કે રાઠની એમજંક્શનના ચેરમેન તરીકે નિમણૂંક



એ. કે. રાઠને ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ એમજંક્શનના ચેરમેન પદેનિમવામાં આવ્યા છે. તેમણે આઉટગોંઈગના ચેરમેન સંદિપન ચક્રવર્તીની જગ્યા લીધી. શ્રી રાઠ એ દુર્ગાપુર સ્ટીલ પ્લાન્ટના ચીફ એક્ઝેક્યુટિવઓફિસર છે. તેમની નિમણુક પર એ કે રાઠે કહ્યું, ‘‘હું એમજંક્શન જેવી ડાયનેમિકસંગઠનની આગેવાની લેવાની આશા કરું છું જે વિવિધ ક્ષેત્રો બીરબી ઈ-માર્કેટપ્લેસેસ, ઈ-ઓક્શન અને ઈ-પ્રોક્યુરમેન્ટના અમલીકરણમાં અગ્રણી છે.’’

## જૈન શાસનની ડાહી ડાહી વાતો

તળાવ તૂટી જાય, તેમાંથી પાણી નીકળવા માંડે પછી પાળી બાંધવી શક્ય બનતી નથી. તેમ હું સમજુ-વિવેકી આત્મન! જ્યાં સુધી તારૂં શરીર રોગોથી ઘેરાયું નથી, વુધ્ધાવસ્થાથી જર્જરીત બન્યું નથી, પાંચે ઈન્દ્રિયો પોત પોતાના વિષયોનું જ્ઞાન કરવા સમક્ષ છે, જ્યાં સુધી તારૂં આયુષ્ય અકબંધ છે, ત્યાં સુધી તું મોક્ષસાધક, સુંદરગુણપ્રાપક ધર્મ આરાધના કરી લે જ્યારે પક્ષીઓ તારા ખેતરનું બધું જ અનાજ ખાઈ જશે. પછી પસ્તાવો કરવાથી તને શું મળવાનું છે ?

**(શાંત સુધારસ)**

**પં.શ્રી ગુણસુંદર વિજયજી ગણી.**

<u>**આસો નવરાત્રિ પર્વ વિશેષ**</u>

## ધર્મના પાલનથી જ શાંતિ અને સુવ્યવસ્થા

કેટલીકવાર એવું સાંભળવામાં આવે છે કે સામાજીક અવ્યવસ્થાને સારા રાજ્યતંત્રથી રોકી શકાય છે. આપણે સમજી લેવું જોઈએ કે, ફક્ત દંડથી કાયમી સુધારો થતો નથી. દરેક માણસની પાછળ જો એક એક પોલીસવાળાને મુકવામાં આવે તો પણ તેનાથી કાયદાનું પરેપુરું પાલન નહિ કરાવી શકાય. લોકો કોઈને કોઈ યુક્તિ શોધી કાઢશે અને પોલીસવાળો પણ એ જ સમાજનો હશે. તેથી ધર્મનું પાલન જ એક એવી બાબત છે. જેના દ્વારા સમાજની શાંતિ અને વ્યવસ્થા જાળવી શકાય તથા બધા લોકો પ્રેમભાવ અને શાંતિપૂર્વક સાથે રહી શકે. ધર્મની રક્ષા કરવાથી જ તમારું રક્ષણ થશે અને જો ધર્મ નષ્ટ થશે તો તમે પણ નષ્ટ થઈ જશો.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## આ તહેવારની મોસમમાં ડેલ પણ ગ્રાહકો સાથે અસલ ઉજવણીમાં જોડાઈ

ભારતમાં ડેલ દ્વારા આજે ગ્રાહકો સાથે અસલ ઉજવણી માટે એકત્ર આવતાં તહેવારની મોસમ માટે ઓફરોની તેની ભવ્ય શ્રેણીની જાહેરાત કરી છે. તહેવારનો આ માહોલ ધ્યાનમાં રાખીને ડેલ સારી રીતે જાણે છે કે ગ્રાહકો તેમની ઉજવણી માટે ભેટસોગાદો લઈ શકે અને નવી ખરીદીઓ કરી શકે છે. આ વર્ષે ડેલ દ્વારા ૨૧મી સપ્ટેમ્બરથી ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૭ સુધી લાગુ ડેલ ઈન્સ્પિરોન નોટબુક્સ, ૨-ઈન-૧, ડેસ્કટોપ્સ અને ઓલ-ઈન વન્સ અને ગેમિંગ પીસીની સંપૂર્ણ શ્રેણીમાં ગ્રાહકો માટે આકર્ષક ઓફરોની શ્રેણી ઘડી કાઢવામાં આવી છે.ટેકનોલોજી પ્રત્યક્ષ દૂરી છતાં તહેવારોમાં લોકોને નજીક લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સમજદારી સાથે ડેલ આ તહેવારની મોસમ વધુ અવિસ્મરણીય બની રહેશે અને ગ્રાહકોને ટેકનોલોજીની ભેટો ઘરે લાવવા માટે પ્રેરણા આપશે. કન્ઝયુમર પ્રોડક્ટોની ડેલની શ્રેણી દરેક માટે કશુંક અજોડ આપે છે, જે વિવિધ પ્રકારના ટેકનોલોજીના ઉપભોક્તાઓ- વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અથવા વાલીઓ માટે સાથી તરીકે કામ કરે છે અને આ તહેવારની મોસમ દૂર અને નજીકના વહાલાજનોને વધુ નજીક લાવવામાં ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે અનુકૂળ અવસર છે. ડેસ્કટોપ્સ અને એઆઈઓ અને ડેલ ઈન્સ્પિરોન ગેમિંગ લેપટોપ્સ પર રૂ. ૨૦૦૦ સુધી મૂલ્યનાં શોપિંગ વાઉચરો અને રૂ. ૫૯૯૯ સુધી મૂલ્યની વધારાની વોરન્ટી સહિતની ઓફરો મેળવી શકશે. અને આ ઓફરો દેશભરમાં મળશે.

## અમદાવાદની શાન - લાઈવ ઈન કોન્સર્ટ વીથ શાન



અમદાવાદ

હાલમાં જ દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ પસાર થઈ જ્યારે ૬૦૦ વર્ષ અગાઉ અહમદ શાહ દ્વારા સ્થાપિત વોલ્ડ અમદાવાદ શહેરને તેના અનોખા ઈતિહાસ માટે ભારતનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી જાહેર કરવામાં આવ્યું હતું. હવે અન્ય એક સાંસ્કૃતિક ભેટ પણ અમદાવાદને મળી રહી છે જે પણ ભારતમાં પ્રથમવાર બનશે, જે છે લાઈવ કલ્ચરલ શો કે જે આ શહેરની ઉજવણી માટે યોજાશે. ભારતના સૌથી પ્રતિભાશાળી કલાકાર કે જેને અમદાવાદના જમાઈ પણ કહે છે એવા શાન દેશના આ સૌથી વૈવિધ્યપૂર્ણ શહેર અમદાવાદને ‘અમદાવાદની શાન’ શો દ્વારા એક અનોખું સન્માન પ્રદાન કરશે. આ શો આપના મિત્રો અને પરિવારજનોને હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ગીતોનો અનોખો કાર્યક્રમ ઝૂમતા કરી દેશે. જે શો ‘બ્રિંગ અ ચેન્જ’ જેવી ઈવેન્ટ સિરિઝ દ્વારા થતી સમાજ કલ્યાણની પ્રવૃતિના એક ભાગ સમાન રિઝવાન આડતિયા ફાઉન્ડેશનના સહયોગથી યોજાશે.આ શોનું આયોજન કર્ણાવતી ક્લબ ખાતે ૭ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ યોજાશે અને આ ઈવેન્ટને એપોસ્ટ્રોફી ૯૯ દ્વારા કન્સેપ્ચ્યુલાઈઝ્ડ કરવામાં આવી છે. આ ઈવેન્ટનું સંચાલન મુંબઈની ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી ઈવેન્ટ સ્પેશિયલે દ્વારા કરવામાં આવશે અને આ ઈવેન્ટ માટે આર્ટિસ્ટ ક્યુરેટર્સ ગુડગાંવ સ્થિત કંપની બિગ બેડ વુલ્ફ રહેશે. ‘અમદાવાદ શહેર હંમેશા શાંતિ માટે અડીખમ રહ્યું છે જ્યાંથી મહાત્મા ગાંધીએ ભારતની આઝાદીનો સંગ્રામ શરૂ કર્યો હતો. વિવિધ ધર્મો, સ્થાપત્યો અને કલાના યોગ્ય સમન્વય સાથે તે એક્તાનું પ્રતીક રહ્યું છે.. આ એક ચેરિટેબલ કોન્સર્ટ છે કે જેને અનેક વિચારણીય દાતાઓ તરફથી ફંડ આપવામાં આવે છે જેઓ મને જરૂરિયાતમંદોને ઉત્તમ જીવન આપવામાં મદદ કરશે. આ કોન્સર્ટની ટિકિટોના વેચાણની રકમને મારા ગુજરાતવાસીઓ અને ભારતવાસીઓને મદદ માટે ઉપયોગમાં લેવાશે.’

## ટીમ રાંચી ડાયરીઝ તેમની ફિલ્મનું નવું ગીત હેલિકોપ્ટર લોન્ચ કરવા માટે અમદાવાદમાં




અમદાવાદ

પીઢ અભિનેતા અનુપમ ખેર, નિર્માતા રશ્મીન મજીઠિયા સાથે યુવા કલાકારો હિમાંશ કોહલી અને સૌંદર્ય શર્મા તેમ જ નવોદિત દિગ્દર્શક સાત્વિક મોહંતીએ તેમની આગામી ફિલ્મ રાંચી ડાયરીઝનેપ્રમોટ કરવા માટે અમદાવાદની મુલાકાત લીધી હતી. તેમનાં બે સફળ ગીત ફેશન ક્વીન અને થોડા ઔરની સફળતા પછી તેમણે આજે અમદાવાદમાં હેલિકોપ્ટર નામે ફિલ્મનું ત્રીજું ગીત લોન્ચ કર્યું હતું. નવરાત્રિના તહેવાર દરમિયાન અમદાવાદમાં આગામી ગીત હેલિકોપ્ટરનું લોન્ચ ફિલ્મ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

રાંચી ડાયરીઝમાં તાહા શાહ, હેરી બાલા, પ્રદીપ સિંહ, સતીશ કૌશિક, અનુપમ ખેર અને જિમી શેરગિલ પણ છે.હાલમાં જ ફિલ્મનું ટ્રેલર મુંબઈમાં દિગ્દર્શકો મહેશ ભટ્ટ, ડેવિડ ધવન અને રોહિત શેટ્ટી દ્વારા લોન્ચ કરાયું હતું.કોકોનટ મોશન પિક્ચર્સ દ્વારા એકટર પ્રીપેર્સ, મુંબઈ સાથે સહયોગમાં નિર્માણ કરેલી આ ફિલ્મનું દિગ્દર્શન સાત્વિકમોહંતીએ કર્યું છે અને તે ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ તમારાં નજીકનાં થિયેટરોમાં રિલીઝ કરાશે.રાંચી ડાયરીઝમાં ગુડિયા અને રાંચી નામે નાના શહેરમાંથી આવેલા ફ્રેન્ડ્સની વારતા છે. ગુડિયા શાકીરાની જેમ પોપ સેન્સેશન બનવાનું સપનું જુએ છે. તેની પ્રતિભા સ્થાનિક માફિયા કિંગપિન ઠાકુર ભૈયાનું અનિચ્છનીય રીતે ધ્યાન દોરે છે, જેને લીધે તેના બાળપણના પ્રેમી મનીષ સાથે તે ભાગી જાય છે. આ પછી ઉતારચઢાવનો ઘટનાક્રમ બને છે. આ મુશ્કેલીમાંથી બહાર આવવા ગુડિયા અને તેના ફ્રેન્ડ્સ બેન્ક લૂંટની યોજના બનાવે છે. જોકે તેઓ બેન્ક લૂંટનો પ્રયાસ કરીને પોતે જ હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઈ જાય છે. ગુંડા અને પોલીસો વચ્ચે સંતાકૂકડી વચ્ચે ગુડિયા અને તેના ફ્રેન્ડ્સ કઈ રીતે ઊગરી શકે છે તે રાંચી ડાયરીઝની વારતાનું હાર્દ છે.

## ડીએસપી બ્લેક રોક લોન્ચ કરી રહ્યા છે ડીએસપી બ્લેક રોક ઈક્વલ નિફ્ટી-૫૦ ફંડ- તેમનું પ્રથમ પેસીવ ફંડ

ભારતની પ્રિમીયર એસેટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક ડીએસપી બ્લેકરોકઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડે આજે તેના પેસીવ ફંડ કેટેગરીની પ્રથમ યોજના ડીએસપી બ્લેકરોક ઈક્વલ નિફ્ટી-૫૦ ફંડને લોંચ કય્ર્ું હતું. ડીએસપી બ્લેકરોક ઈક્વલ નિફ્ટી-૫૦ ફંડ નિફ્ટી-૫૦ ઈન્ડેક્સની સમાન વેઈટેજ વેરિએશન અને સમાન ઘટકસમુહ ધરાવતી કંપની છે. તેમાં તફાવત એ છે કે પહેલામાં દરેકસ્ટોકને સમાન ભાર (વેઈટ) આપવામાં આવે છે અને દરેકમાં સરખું રોકાણ કરવામાં આવે છે, જ્યારેબીજામાં દરેક ઘટકને તેના માર્કેટ કેપિટલાઈઝેશનના પ્રમાણમાં ભાર આપવામાં આવે છે.આ ફંડ માટેનો મુખ્ય રોકાણ સિદ્ધાંત પોતાના ક્ષેત્રમાં અગ્રેસર, મોટા કદની અને ધંધાકીય ચક્રોનો સામનોકરી શકે તેવી બ્લ્યુચીપ બેંચમાર્ક કંપનીમાં રોકાણ કરવાનો છે. આ મુખ્ય સિદ્ધાંતને જાળવી રાખતા આ ફંડ સારા સ્ટોક અને દેશની ટોચની ૫૦ કંપનીમાં રોકાણ ફાળવણીમાં સહેજ ફેરફાર કરે છે અને દરેક સ્ટોકનેસમાન વેઈટેજ આપે છે, તેમ જ જુદા જુદા ક્ષેત્રમાં વિસ્તરણ કરી કોઈ ખાસ સેક્ટરમાં કે ક્ષેત્રમાંના સંભિવત ધબડકાને અટકાવે છે.નવા ફંડની ઓફર ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ખુલશે અન ૧૩ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ બંધ થશે.

## બિગ મેજિકના હમ પાંચ ફિર સેમાં આનંદ માથુર મહિલાનો અવતાર ધારણ કરે છે



બિગ મેજિકનો હળવોફૂલ કોમેડી શો હમ પાંચ ફિર સેની રોચક વારતારેખાએ દર્શકોને તેમના ટેલિવિઝન સેટ સાથે જકડી રાખ્યા છે. આગામી એપિસોડ હવે કોમેડીના તેના ડોઝ સાથે દર્શકોને વધુ હસાવશે. પરિવારનો પિતા આનંદ માથુર મહિલાનો અવતાર ધારણ કરતો જોવા મળશે.નિર્માણ ગૃહનાં નિકટવર્તી સૂત્રોએ આગામી પ્રગતિ વિશે અમને માહિતી આપી હતી કે આનંદ માથુર બહુ ક્રોધિત છે અને ઘરછોડવાની યોજના બનાવે છે. જોકે તેનો પરિવાર તેના પ્રત્યે કેટલો પ્રેમ કરે છે એ જાણવા માટે તે મહિલાનો અવતાર ધારણ કરે છે.આનંદ ઘરનોકરાણી લૈલા તરીકે માથુરના પરિવારમાં પ્રવેશ કરે છે, જે પરિવારના સભ્યો દ્વારા તેના પ્રત્યે પ્રેમ શોધવાનો પ્રયાસ કરે છે. સૂરજ થાપર સાથે આ અંગે સંપર્ક કરાતાં તેમણે જણાવ્યું, આ શોમાં મને ઘણા બધા અવતાર ધારણ કરવા મળી રહ્યા છે, જેથી મનેબહુ ખુશી છે. આગામી એક એપિસોડમાં હું માથુર પરિવારમાં ઘરનોકરાણી તરીકે સુંદર મહિલાના અવતારમાં પ્રવેશ કરતી જોવામળીશ. મૂળભૂત રીતે આનંદ પરિવારના સભ્યો તેને કેટલું ચાહે છે તે જોવા માટે જ મહિલાનો અવતાર ધારણ કરે છે. દર્શકોનું આથકી ભરપૂર મનોરંજન થશે, જે જોવાની મજા આવશે.લૈલા તરીકે સૂરજ થાપરનો અદભુત પરફોર્મન્સ જોતા રહો, હમ પાંચ ફિર સે, દર સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૩૦, ફક્ત બિગ મેજિક પર!

## મને એ વાતની ખુશી છે કે બાહુબલી-૧ ની જેમ બાહુબલી-૨ પણ સોની મેક્સ પર રજૂ થવા જઈ રહી છે – એસએસ રાજમૌલી, ડિરેક્ટર




અમદાવાદ

સોની પિક્ચર્સ નેટવર્ક્સની હિન્દીફિલ્મોની પ્રમુખ ચેનલ સોની મેક્સ પોતાના દર્શકો માટે રજૂ કરીરહ્યું છે, મહિષ્માતિ સામ્રાજયની મહાન ગાથા, ‘બાહુબલી-૨ : ધ કન્ક્લૂઝન’જેને દક્ષિણ ભારતીય ફિલ્મોના શોમૈન કહેવાતા એસ એસ રાજમૌલીએનિર્દેશિત કરી છે. આ ભવ્ય ફિલ્મનું વર્લ્ડ ટેલીવિઝન પ્રીમિયર સોનીમેક્સ પર ૦૮મી ઓક્ટોબરે બપોરે ૧:૦૦ કલાકે થશે. આ ફિલ્મના મુખ્ય કલાકાર છે : પ્રભાસ, રાણા દુગ્ગાબટ્ટી અને અનુષ્કાશેટ્ટી. બદલાની આ કહાણીમાં જે બાહુબલીના જીવનને ફ્લેશબેકમાં રજૂકરે છે, દર્શકોને ફિલ્મ નિહાળવાનો નવો જ અનુભવ મળે છે.ડિરેક્ટર એસ એસ રાજમૌલી જણાવે છે કે, સોની મેક્સે ૨૦૧૫માંબાહુબલીને ખૂબ જ સારી રીતે પ્રમોટ કરી હતી. આ માટે મારી ઈચ્છા હતીકે આ વખતે પણ ટેલીકાસ્ટ રાઈટ્સ તેમને જ મળે. અમને આ વાતની ખાતરીછે કે ભારતની નંબર-૧ હિન્દી મૂવી ચેનલ એકવાર ફરી અમારું ટેલીવિઝનપાર્ટનર થવા જઈ રહ્યું છે. કરોડો દર્શકો સુધી પહોંચવા માટેઆનાથી શ્રેષ્ઠ પાર્ટનરની કલ્પના ન થઈ શકે.

એક્ટર પ્રભાસ કહે છે કે, ટેલીવિઝનનો દર્શકો સાથે અનોખું જોડાણહોય છે. હું માનું છું કે જ્યારે કોઈ ફિલ્મ ટેલીવિઝન દ્વારા કરોડો લોકોસુધી પહોંચે છે ત્યારે તેની ઈમ્પેક્ટ અનેકગણી વધી જાય છે.એક્ટર રાણા દુગ્ગાબટ્ટી કહે છે કે, બાહુબલી જેવી ફિલ્મ ઘણી મુશ્કેલીઓપછી બની શકે છે. આ એકબીજાના સહયોગથી જ શક્ય બની શક્યું છે,આનો શ્રેય સંપૂર્ણ ટીમને જાય છે.

## વેસ્ટર્ન ડિજિટલ દ્વારા ભારતમાં એન્ડ્રોઈડ ફોન્સ માટે નવી સેનડિસ્ક ડ્યુઅલ ડ્રાઈવ લોન્ચ કરાઈ



ગ્લોબલ ડેટા સ્ટોરેજ ટેકનોલોજી એન્ડ સોલ્યુશન્સ લીડર વેસ્ટર્ન ડિજિટલ કોર્પોરેશન દ્વારા આજેતેના અદ્યત્તન મોબાઈલ મેમરી સોલ્યુશન એન્ડ્રોઈડ ડિવાઈસીસ માટે સેનડિસ્ક ડ્યુઅલ ડ્રાઈવની રજૂઆત કરવામાંઆવી હતી. આ નવી ઓફરથી કંપનીનો મોબાઈલ સ્ટોરેજ સોલ્યુશન્સનો પોર્ટફોલિયોમાં ઉમેરો થયો છે , જેમાંએન્ડ્રોઈડ સ્માર્ટફોન યુઝર્સ માટે પેન ડ્રાઈવ ડિઝાઈન કરવામાં આવી છે. જે ઓટીજી સક્ષમ એન્ડ્રોઈડ સ્માર્ટફોન્સમાંતાત્કાલિક અને સરળતાથી સ્પેસ ઈચ્છે છે તેઓના માટે ઉપયોગી છે.નવી સેનડિસ્ક ડ્યુઅલ ડ્રાઈવ એક મજબૂત છતાં કોમ્પેક્ટ ડિઝાઈન ધરાવે છે. માઈક્રો યુએસબી અને યુએસબી કનેક્ટર્સ સેનડિસ્ક ડ્યુઅલ ડ્રાઈવમાં છે જેનાથી ગ્રાહકોને તેમની ફાઈલ્સને વિવિધ ડિવાઈસીસમાં મેનેજ કરવામાં આસાની મળે છે.વેસ્ટર્ન ડિજિટલ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ અનુસાર લગભગ ૬૦ ટકા સ્માર્ટફોન યુઝર્સ દરરોજ ૧૦ એમબીથી વધુડેટા શેર કરે છે અને લગભગ ભારતમાં ૫૦ ટકા ગ્રાહકો હજુ પણ સ્માર્ટફોનથી અન્ય ડિવાઈસીમાં ડેટા ટ્રાન્સફર કરવામાટે ડેટા કેબલ્સ કે બ્લુ ટૂથનો ઉપયોગ કરતા હોય છે. સેનડિસ્ક ડ્યુઅલ ડ્રાઈવ ૧૬ જીબીથી ૧૨૮ જીબી સ્ટોરેજરેન્જમાં ઉપલબ્ધ છે જેનાથી એન્ડ્રોઈડ સ્માર્ટફોન યુઝર્સ ઝડપથી તેમના ડિવાઈસમાં અને કમ્પ્યુટરમાં ફાઈલ્સ ટ્રાન્સફરકરી શકે છે અથવા પોતાના ફોનમાં વધુ સ્પેસ મેળવી શકે છે. માર્કેટમાં ઓટીજી-સક્ષમ સ્માર્ટફોન્સની સંખ્યા વધી છે જે ૧૦૦૦૦ રૂ.ની આસપાસની કિંમતમાં હોય છે, તેના માટેનવી સેનડિસ્ક ડ્યુઅલ ડ્રાઈવ એક યોગ્ય સોલ્યુશન બની રહે છે કે જેનાથી ગ્રાહકોની ક્લાઉડ સ્ટોરેજ સોલ્યુશન્સ નધરાવતા ટીઅર-૨ અને ટીઅર-૩ શહેરોમાં ડેટા ટ્રાન્સફર કરવાની સમસ્યાઓને દૂર કરી શકે છે. આ ‘મોબાઈલ કી પેન ડ્રાઈવ’ દ્વારા ડેટા ટ્રાન્સફર અને ડેટા સ્ટ્રીમિંગ અમારા માનવંતા જાગૃત ગ્રાહકો માટે સરળ બનાવે છે.

# ગરબો અને નવરાત્રી

ગરબો એટલે ઘટ દીપ આ શબ્દનો કાળાંતરે ‘ગરબો’ શબ્દ ઉત્પન્ન થયો એટલે કે એવો માટીનો કે તાંબા-પિત્તળનો ઘુડુલિયો જેને કોતરાવેલ હોય અને તેમાં દિવો મુકેલ હોય ઘટ એટલે ઘડો આખા ઘડામાં છીદ્ર પાડવા તેને ‘ગરબો’ કોતરાવ્યો તેમ કહેવાય.

આ સૌ પ્રથમ ગરબો તે પાત્ર વાચક હતો. ત્યારબાદ તેને માથે મુકીને તેની આજુબાજુ ઘુમીને માં શક્તિની આરાધના માટે ગાતાં ગાતાં ગરબો કીધો એટલે ગરબો નૃત્યવાચક બન્યો ત્યારબાદ એમાં શક્તિની આરાધના માટે ગવાતાં ગીતો ઉમેરાયા અને ગરબા ફરતે ફરીને ગાઈ શકાય તેવા ભાવવાહી સાથે માં શક્તિની ભક્તિના રંગનો સમન્વય થયો સાથે તાલ ચપટી અને ઠેસની લયબધ્ધતા ભળી આથી ગીતવાચક બન્યો.

ગરબો દક્ષિણ ભારતમાંથી આવ્યો જે કર્ણાટકમાંથી આવ્યો તે ‘ગરબી’ સ્વરૂપે ત્યાં હાલ પણ છે. નૃત્યનાં અનેક પ્રકારો છે પરંતુ નૃત્યનાં સૌથી મોટા વ્યાપક પ્રકારો બે (૧) ભગવાન શંકર સાથે સંકળાયેલ તાંડવ નૃત્ય (૨) પાર્વતી સાથે સંકળાયેલ નૃત્યને લાસ્ય જે રોદ્ર ભાવને પ્રગટાવે છે. તે તાંડવ અને જે રમ્યને લાલિત્યપૂર્ણ રીતે વ્યક્ત કરે તે ‘લાસ્યા’ નૃત્ય હવે આપણી સંસ્કૃતિમાં વણાયેલા ગરબા વિશે વાત કરીએ તો ગરબો એટલે ગુજરાતી સાંસ્કૃતિક પરંપરાનું એક ઉત્કૃષ્ટ અંગ એટલે ગરબો. નવરાત્રીમાં શક્તિ આરાધના માટે ભક્તિભાવપૂર્વક તાળી ચપટી અને ઢોલના તાલે વર્ષોથી ગવાઈ રહેલો ગરબો આજે શેરીની બહાર નીકળી આ ગરબો વિશ્વના દરેક ખુણામાં પહોચ્યો છે. આનંદની વાત એ છે કે આજનો ગરબો ગુજરાતની સંસ્કૃતિની સામાજિક મુલ્યોની જાળવણીમાં પાશ્ચાત્ય સંસ્કૃતિના આક્રમણ સામે અડીખમ રહ્યો છે. લોક હૃદયે ધબકતો ને રણકતો રહ્યો છે. ભારતનું નવરાત્રિ મહોત્સવ વિદેશોમાં પણ જ્યાં જ્યાં ભારતીયો વસ્યા છે ત્યાં આ ઉત્સવ ઉત્સાહ અને ઉમંગભેર ઉજવાય છે.

નવરાત્રિ એટલે નવપ્રકારની શક્તિઓને પ્રાપ્ત કરવાનું પર્વ આ નવ શક્તિઓ આ પ્રમાણે બુધ્ધિ, શ્રધ્ધા, ક્ષમા, ભક્તિ, સંગઠન, સંયમ, સંરક્ષણ, સામર્થ્ય અને સહનશક્તિ નવરાત્રિ દરમિયાન માતાજીની ઉપાસના કરી સદબુધ્ધિ માગવાની છે. ફક્ત બુધ્ધિ હશે તો નહિ ચાલે જીવનમાં શ્રધ્ધાનું પુષ્પ મુશીબતોમાં પણ કરમાવું ન જોઈએ. ભક્તિ વગર શક્તિની ઉપાસના શક્ય નથી કેમ કે શ્રધ્ધાને મજબુત બનાવવા ભક્તિ અને સંયમની આવશ્યકતા રહે છે. સંયમ એટલે ઈન્દ્રિયો પરનાં કાબુ આ સંયમશક્તિ ઉપાસનાથી મેળવી શકાય છે. નવરાત્રિમાં નાતજાત ધર્મના ભેદભાવ સૌએ ભુલી જવા એ નવરાત્રિના પર્વનો સંદેશ છે. જીવનમાં દુઃખો આવવાના એટલે સહન શક્તિ હોવી જરૂરી છે. માનવીમાં સંસારમાં યોગ્ય કાર્યો કરવાનું સામર્થ્ય હોય તો જ જીવન વિકાસ થાય આમ નવરાત્રિનું નવ શક્તિઓનું પ્રતિક છે.

સૌને નવરાત્રિની શુભકામના....

**સંકલન : રાજેશ બારૈયા‘વનવાસી’ ભાવનગર**

# ભણતર લઘુકથા

ભણતરની ગરિમા વિશે કાકાએ લાંબુલચ ભાષણ આપ્યું. ‘ભણતર એટલે જીવન ઘડતર’ અને ભણતર વગર જીવન નકામું છે આવી વાત ચાલતી હતી ત્યાં હરજીભાઈ આવી પહોંચ્યા, અને પછી વાતનો દોર ફુટી નીકળ્યો. સાહેબ ! મારા બચુડાને ભણાવવો છે પણ.. દિચરાને ક્યાં પડી છે? તળપદી શૈલીમાં એમના હૈયેથી નિઃસાસો નીકળી ગયો. સાહેબ ! મારે હવે શું કરવું ? દિકરાને ભણવા મેલું હુ ત્યાં, ડહાપણ કરીને પાછો આવે છે અને ભણવામાં પણ શું..? એના બાપનું તગારું ભણ છે ?? દિચરાનો ભાંઠા ખાવાનો થ્યો છે ત્યારે, મારાથી બોલાઈ ગયું, આમ બળાપા કાઢ્યાથી કે નિઃસાસા નાખવાથી ન ચાલે, હરજીભાઈ ! એ તો ભણશે અને તમારો દિ ઉજાળશે. આવા બળાપા ન કરો! ભગવાન સૌ સારાં વાનાં કરશે. જુઓને સાહેબ ! આ બાબુભઈએ ભણતરની એટલી વાતો કરી, ત્યારે મારા જીવને કળ વળતી નથી. આ કાકાઓને સાંભળ્યા ત્યારથી દિકરાનું થાય છે કે....ત્યાં હું વચ્ચે બોલી ઉઠ્યો, શું થાય છે ? બોલ્યા, ભણ્યા હોત તો સાહેબ ન હોત, તમારી જેમ ! તે દિ’તો આ ત્રિભોવન સાહેબની જેમ ચાર કે સાત ચોપડી ભણ્યે નોકરી મળી જતી’તી અને છેલ્લે નિઃસાસો અને બળાપો કાઢતાં બોલ્યા..

આ કાળા અક્ષર ભેંસ બરાબર ! ભણ્યા નથી એટલે બીજાના ટાંટિયા આંબળવા પડ છ, સાહેબ ? દિચરાનું હવ શું કરવું ? આ મારો બચુડો ભણ તો’ય દિ’ ઉગશ...ને અટકી પડ્યા...

**સુભાષભાઈ વ્યાસ(સીસરાણા)**

## હવાલદાર અબ્દુલ હમીદ; એક સમર્પિત મુસ્લિમ અને ૧૯૬૫ ના ભારત-પાક યુદ્ધનો વીરનાયક

ભારતીય સૈન્ય પાસે શૌર્યની એક પ્રણાલી અને ઈતિહાસ છે. હિન્દુ અને મુસ્લિમ બન્ને આપણી રાષ્ટ્રીય ચળવળો દરમ્યાનતથા સ્વાતંત્ર્ય બાદ આપણા પડોશીદેશો સાથેના લગાતાર પાંચ યુદ્ધોમાં ખભેખભા મિલાવીને લડ્યા છે. ભારતીય સૈનિકો,પ્રથમ અને દ્વિતિય વિશ્વયુદ્ધ દરમ્યાન એમના લડાયક જુસ્સા માટે અને અનેક મેડલ તથા વિક્ટોરીયા ક્રોસ જીતવા માટેજાણીતા છે. તેઓ હંમેશા અવિરત રાષ્ટ?ર્ભાવના સહ આ દેશના ગૌરવની રક્ષા કાજે એમના અંતિમ શ્વાસ લગી લડ્યા છે. હવાલદાર અબ્દુલહમીદ (જન્મ ૧ જુલાઈ ૧૯૩૩ ,જિલ્લો-ગાજીપુર, ઉત્તરપ્રદેશ)ની વીરતા પ્રસિદ્ધ છે.તેઓ ૧૯૬૫નાભારત-પાક યુદ્ધમાં ભારતીય સૈન્યની ચોથી ગ્રેનેડીયરના એક હિસ્સારૂપ હતા.અસલ ઉત્તર ઓપરેશનના ખેમકરણસેકટરના ભિષણ યુદ્ધ દરમ્યાન જ્યારે પાકિસ્તાની સૈન્ય ની પેટન ટેંકોની એક ટુકડી ભારતની દિશામાં મારગ બનાવતીહતી ત્યારે હવાલદાર અબ્દુલ હમીદએ ભારત તરફ આગળ વધતી ટેંકોનો ધણધણાટ સાંભળીને તેઓ એક પ્રતિઘાતરોધક બંદૂક ને એક જીપ પર ગોઠવીને આવી રહેલી ટેંકો તરફ આગળ વધ્યા.એમણે ઊંચા વધેલા પાક (વાવેતર)ની ઓથ લઈને પોતાની ગન ગોઠવી અને શેલનો મારો ચાલુ કર્યો, જેણે પાકિસ્તાની ટેંકોને ભારે નુકશાન પહોંચાડ્યું. દુશ્મન તરફથી થતા ભારે મશીનગનના ફાયરીંગ સામે જરા પણ અચકાયા વિના હમીદે વધુ ત્રણ પેટન ટેંકોને ઉલાળી મૂકી. પોતે બીજી પોઝીશન લે એ પહેલાં એમની જીપ લગત આવી પહોંચેલા પાકિસ્તાની તોપમારાથી એમાં વિસ્ફોટ થયો.અને હમીદ તેજ ક્ષણે મ્રુત્યુ પામ્યા.( સપ્ટેમ્બર ૧૦,૧૯૬૫.) અબ્દુલ હમીદના આ અસાધારણ પરાક્રમથી પ્રેરાઈને એમના સાથીઓની નૈતિક હિંમતમાં એકદમ પ્રોત્સાહક વધારો થયો, અને એમણે પાકિસ્તાની હુમલાખોર ટુકડીને જબરદસ્ત લડત આપીને મારીને તગેડી મૂકી. હમીદના અદભૂત શૌર્ય અને બલિદાનને લશ્કરના સર્વશ્રેષ્ઠ સન્માન તરીકે મરણોત્તર પરમવીરચક્ર થી સન્માનવામાં આવ્યું.

ભારતીય સેના તરફ્થી યુદ્ધના સ્થળે એક મકબરો બાંધવામાં આવ્યો.જ્યાં એમની શહીદીના દિને દરવર્ષે એક મેળો ભરાય છે.સમગ્ર રાર્ષ્ટ,હવાલદાર અબ્દુલ હમીદ ,એક સમર્પિત મુસ્લિમ માટે ગર્વ અનુભવે છે, કે,જેણે દેશ માટે પોતાની જાતને હોમી દીધી.

**બી.જીવરાણી**

# તુમ્હારી સુલુના ટ્રેલરની હવે ચાહકોમાં જોરદાર ચર્ચાઓ



લગ્ન કર્યા બાદ ખુબ ઓછી અને પસંદગીની ફિલ્મોમાં કામ કરી રહેલી અભિનેત્રી વિદ્યા બાલન હવે એક નવી ફિલ્મમાં કામ કરી રહી છે. વિદ્યા બાલનની ફિલ્મ તુમ્હારી સુલુ હવે ચર્ચામાં છે. તુમ્હારી સુલુ ફિલ્મ સાથે સંબંધિત ટ્રેલર લોંચ કરવામાં આવ્યા બાદ ફિલ્મના ચાહકો ભારે પ્રભાવિત દેખાઈ રહ્યા છે. કારણ કે ફિલ્મમાં તે સેક્સી અવાજમાં દેખાશે. ફિલ્મમાં તે રેડિયો જોકી ની ભૂમિકામાં કામ કરી રહી છે. જેને તમામ લોકો પ્રેમથી સુલુ નામથી ઓળખે છે. સુરેશ ત્રિવેણીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મની પટકથા સુલોચના નામની એક મહિલાની આસપાસ ફરે છે. જેનુ શોર્ટ નામ સુલુ છે. તે એક આરજે તરીકે છે. અને પોતાના સાથી એન્કરની સાથે મળીને મોડી રાત્રે પ્રસારિત થનાર એક કાર્યક્રમને હોસ્ટ કરે છે. અનુસંધાન પાના નં.૬ ઉપર

# સીમરન




## નવી ફિલ્મ

આ ફિલ્મના નિર્માતા ભુષણકુમાર, દિગ્દર્શક હંસલ મહેતા, કલાકારોમાં કંગના રનૌત, કેથરીન ડાયર, માર્ક એન્થની, જસ્ટીસ, રોબીન ડાયક, સંગીત સચીન જીગર.૧૫ સપ્ટેમ્બરે રીલીઝ થયેલ આ ફિલ્મમાં અમેરીકામાં હાઉસકીપીંગનું કામ કરતી ૩૦ વર્ષની એક ગુજરાતી છુટાછેડા લીધેલી યુવતી પોતાનામાં રહેલી સારપને બહાર આવવા માટે પોતાની જાતને છુટ્ટી મુકી દે છે. એમાં એ જુગાર અને ગુનાખોરીના જગતમાં પ્રવેશ કરે છે. તેનું નામ પ્રફુલ્લ પટેલ છે પરંતુ તે પોતાના આઝાદ સ્વરૂપ માટે સીમરન નામ ધારણ કરે છે. આ ફિલ્મનું ૨.૩૭ મીનીટનું ટ્રેલર જોતાં લાગે છેકે સીમરન તરી-કે કંગના રનૌત અનેક વખત સામેવાળાને ચોંકાવી દે છે.

આપણને પ્રેક્ષકોને પણ ચોંકાવી દે છે. બોયફ્રેન્ડ હો ના કોઈ કેરેકટર ફલો થોડી હૈ, લડકે પટાના તો આર્ટ હૈ, સ્કિલ હૈ, મેં તો રીયલ કેરેકટર ફલોઝ કી બાત કર રહી હું એમ કહી સીમરન કહે છે કે મને ચોરી અને જુગારની લત છે ત્યારે તેના પ્રેમમાં પડનાર યુવકે ચોંકી જાય છે. ધીમે ધીમે સીમરન તેને એવી એવી વાતો કહે છે કે એ ત્યાંથી ગભરાઈને જતો જ રહે.સીમરન તરીકે કંગનાનો અભિપ્રાય અને હંસલ મહેતાનું દિગ્દર્શન ફિલ્મની રીયલ લાઈફ બનાવી દે છે. ટ્રેલરનો ઘટનાક્રમ જોતાં લાગે છે કે પ્રસંગોની ભરમાર અને અચાનક આવતા ચોંકાવનારા દ્રશ્યો અને ડાયલોગ જકડી રાખે છે. એક વખત જરૂર જોવા જેવી ફિલ્મ છે. અભિનય બાબતે લાગે છે કે આ ફિલ્મ કંગના માટે વધુ એક માઈલસ્ટોન સાબીત થશે.

# સુમધુર સંગીતકાર અને કર્ણપ્રિય ગાયક : પંકજ મલિક

## ફિલ્મી સિતારા-કમલેશ કંસારા

બાંગ્લા ફિલ્મો અને સંગીતમાં સફળતા બાદ હિંદી ફિલ્મોમાં પણ પોતાની સફળતાનો ધ્વજ લહેરાવનાર પંકજ મલિક શાસ્ત્રીય સંગીતના વિશેષજ્ઞ સંગીતકાર અને ગાયક હતા. જેમના અવાજના જાદુથી લાખો પ્રશંસકોનું મન મોહી લીધું હતું. પંકજ મલિક બહુમુખી પ્રતિભાના માલિક હતા અને એમને સંગીત તથા ગાયન ઉપરાંત અભિનયમાં પણ વિશેષજ્ઞતા હાંસલ કરી હતી. જ્યારે તેઓ પરદા પર અભિનય કર્યો ત્યારે તેમને સફળતા મળી. એમની હિંદી ફિલ્મોમાં ડોકટર, આંધી,,નર્તકી જેવી ફિલ્મો વિશેષ રૂપમાં ચર્ચિત ફિલ્મો હતી. એમની કેટલીય ફિલ્મો સામાજીક સમસ્યાઓ પર કેન્દ્રીત હતી. જાતીપ્રથાની સમસ્યા વિરૂદ્ધ સંદેશ આપતી ફિલ્મ ડોકટરમાં પંકજ મલિકે કેટલાક ગીતો ખુદ ગાયા હતા. જે ખુબ જ હીટ થયા હતા. એમાં 'ગુજર ગયા વો જમાના. મહક રહી ફુલવારી..' આઈ બહાર આજ.. જેવા સુમધુર ગીતોનો પણ સમાવેશ થાય છે.



પંકજ મલિકના સંગીત નિર્દેશનવાળી શરૂઆતની હિંદી ફિલ્મોમાંની એક 'ધરતી માતા' ખુબ જ ચર્ચિત બની હતી. ગ્રામીણ ભારતના જીવન પર અને એમને મુશ્કેલી સામે ઝઝુમવાની શક્તિ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પંકજ મલિકે આ ફિલ્મમાં ખુબ જ બહેતરીન સંગીત આપ્યું અને એમની સુમધુર ધુનોના કારણે આખી ફિલ્મમાં ગ્રામીણ પરિવેશ જીવંતતાની સાથે જોવા મળ્યું હતું.'ધરતી માતા' ફિલ્મમાં મશહુર અભિનેતા અને ગાયક કુંદનલાલ સાયગલે એક આદર્શવાદી યુવકનો અભિનય ભજવ્યો હતો. આ ફિલ્મના ગીત પ્રભુ મોહે બુલા ગાંવ મેં.. દુનિયા રંગરંગીલી બાબા દુનિયા રંગરંગીલી.. નયા જમાના આયા હૈ.. જેવા સુમધુર અને સફળ ફિલ્મી ગીતો હતા. ધરતી માતા ફિલ્મ પછી પંકજ મલિકની અનેક ફિલ્મો પ્રદર્શિત થઈ. જે સમીક્ષકો ઉપરાંત દર્શકોને પણ ઘણી પસંદ પડી હતી. આવી ફિલ્મોમાં 'દુશ્મન, કાશીનાથ, જીંદગી, નર્તકી, મેરી બહેન મુખ્ય હતી. નર્તકી ફિલ્મ સંગીતની દ્રષ્ટીએ ખુબ જ શ્રેષ્ઠ ફિલ્મ હતી. દેવકીબોઝ નિર્દેશીત આ ફિલ્મમાં પંકજ મલિકે એક કવિની ભૂમિકા ભજવી હતી અને કેટલાક ગીતો પણ ગાયા હતા. ન્યુ થિયેટરની ફિલ્મ યાત્રીક પંકજ મલિકને ખુબ જ ગમતી ફિલ્મ હતી. એમાં એમણે અમર બદ્રીનાથની યાત્રા પર આધારીત આ ફિલ્મમાં પંકજ મલિકે સંસ્કૃતની કેટલીક અમર રચનાઓને પોતાનો સ્વર આપ્યો અને પોતાના વિશેષ સંગીતના માધ્યમથી લોકપ્રીય ફિલ્મ બનાવી દીધી.

બીજા વિશ્વયુદ્ધના લોકપ્રીય ફિલ્મ બનાવી દીધી. શરૂઆતના સમયમાં 'ન્યુ થિયેટર' સાથે જોડાયેલ મોટી નામચીન વ્યક્તિઓએ મુંબઈનો રસ્તો પકડયો પરંતુ પંકજ મલિકને વધુ રકમનો પ્રસ્તાવ લલચાવી ના શકયો અને એમણે મુંબઈ જવાની ના પાડી દીધી. ૧૦ મે, ૧૯૦૫ ના રોજ જન્મેલ પંકજ મલિકનું પુરૂં નામ છે પંકજકુમાર મલિક. નાની ઉંમરમાં એમણે ખ્યાલ, ધ્રુપદ, ટપ્પા અને અન્ય શાસ્ત્રીય વિદ્યાઓમાં પારંગતતા હાંસલ કરી હતી. તેઓ આકાશવાણી સાથે જોડાનાર શરૂઆતી કલાકારોમાંના એક હતા.

પંકજ મલિકનો ફિલ્મી સફર મુક બધીર ફિલ્મોના સમયમાં શરૂ થયો હતો પરંતુ એમની સાચી ઓળખ એમને ૧૯૩૦ ના દશકમાં બોલતી ફિલ્મોની શરૂઆતની સાથે જ મળી હતી. હિંદી, બાંગ્લા બંને ભાષાઓને મળીને એમણે એકસોથી વધુ ફિલ્મોમાં સંગીત આપ્યું હતું અને કેટલીક ફિલ્મોમાં અભિનય પણ કર્યો હતો. ન્યુ થિયેટર સાથે અપાર પ્રેમ ધરાવનાર પંકજ મલિક એના બંધ થવા સુધીના સમય સુધી જોડાયેલા રહ્યા હતા. 'જલજલા' અને કસ્તુરી એમની છેલ્લી ફિલ્મો હતી. એમણે ફિલ્મોમાં સંગીત નિર્દેશન વિશેષ અનુરોધ પર કર્યું હતું. ત્યારબાદ તેઓ ફિલ્મોથી અલગ થઈ ગયા અને સંગીતની શિક્ષા ક્ષેત્રમાં વિશેષ રૂપથી સક્રિય રહેવા લાગ્યા તથા ૧૯ ફેબ્રુઆરી ૧૯૭૮ ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી.પંકજ મલિકને પોતાના જીવનમાં એ બધું જ પ્રાપ્ત થયું હતું જેની ઈચ્છા દરેક કલાકારને હોય છે. ફિલ્મી જગતને સર્વોચ્ચ એવોર્ડ 'દાદા સાહેબ ફાળકે સન્માન' થી સન્માનીત પંકજ મલિકને ઘણા પુરસ્કારો પ્રાપ્ત થયા હતા.પ્રશંસકો, દર્શકોએ પંકજ મલિકને ભરપુર પ્રેમ આપ્યો હતો. **કમલેશ કંસારા**




## ન્યુઝ સ્ટ્રીપ્સ

★તાજેતરમાં બની બેઠેલા બાબા ગુરમીત રામરહીમને જેલમાં સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા તે જોઈને લોકોને કીકુ શારડા સાંભરી આવ્યો હતો. અભિનેતાએ ટીવી પર ગુરમીત રામરહીમની નકલ કરી હતી તેથી હરીયાણાની પોલીસ કીકુની આ જાન્યુઆરી મહીનામાં ધરપકડ કરી હતી અને હવે જ્યારે બાબાની સઘળી પોલ ખુલી પડી છે ત્યારે કીકુ કહે છે કે તેને તેના કર્મોનું ફળ મળ્યું છે. મજાની વાત એ છે કેકીકુના સહકલાકાર ચંદન પ્રભાકર અને ટવીંકલ ખન્નાએ ગુરમીત રામરહીમની ધરપકડ પછી કીકુને ટવીટર પર ચીડવ્યો હતો પણ કોમેડીયને આ વાતને અત્યંત હળવાશ પુર્વક લીધી હતી અને કહે છે કે મિત્રોને એટલો હક્ક તોછે જ.

★છેલ્લા ઘણા સમયથી અભિનેતા અક્ષયકુમાર વિવિધ વિષયોની ફિલ્મો કરી રહ્યો છે આમ છતાં તેનો કોમેડી કરવાનો મુળભુત શોખ અકબંધ રહ્યો છે અને આ શોખ પુરો કરવા તે નવ વર્ષ પછી આવનારી 'ગ્રેટ ઈન્ડીયન લાફટર ચેલેન્જ ની પાંચમી સીઝનમાં નિર્ણાયક તરીકેની ભૂમિકામાં આવી રહ્યો છે. મજાની વાત એ છે કે દર્શકોને હસાવવા તે કોઈપણ હદ સુધી જઈ શકે છે પણ આ શો માટે તેણે હદ વટાવી લીધી છે. કહેવાનો અર્થ એ છેકે આ કોમેડી શોના પ્રોમોમાં તે ભારતનો સૌ પ્રથમ વાર પ્રેગનન્ટ પુરૂષ બન્યો છે. તેણે કહ્યું કે લોકોને રડાવવાનું સહેલું છે પણ હસાવવાનું અઘરૂં. અને કોઈક નવું જ રજુ કરીનેહું દર્શકોને હસાવી શકતો હોઉં તો તેનાથી રૂડું શું ? તેથી હું નિઃસંકોચપણે ગર્ભાધાન કરેલા પુરૂષ તરીકે શોના પ્રોમોમાં આવ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે અભિનેતાએ તેમાં અદલોબદલ ગર્ભવતી સ્ત્રી જેવો અભિનય પણ કર્યો છે.

★ કપિલ શર્મા શો દ્વારા ભરપુર ખ્યાતિ મેળવનાર અભિનેત્રી ઉપાસનાસિંહ હવે કપિલ શર્મા સાથે નહીં,બલકે તેના કટ્ટર હરીફ કૃષ્ણ અભિષેકના શો ધ ડ્રામા કંપનીમાં કામ કરી રહી છે. અગાઉ પણ ઉપાસનાએ કપિલનો સાથ છોડીને કૃષ્ણાના શો કોમેડી નાઈટસ લાઈવમાં કામ કર્યું હતું અને ફરી પાછી કપીલ શર્માના શોમાં જોડાઈ ગઈ હતી.તેણે તે વખતેએમ પણ કહ્યું હતુંકે, કૃષ્ણાના શોમાં તેને સર્જનાત્મકતાનો સંતોષ નહોતો મળતો. અને હવે તે કપિલ કહે છે કે કપિલના શોમાં મારા પાત્રને સંતોષજનક રીતે રજુ કરવામાં નથી આવી રહ્યું. કારકીર્દીના આ મુકામ પર હું પૈસા માટે નહીં બલ્કે સર્જનાત્મકતાનો આનંદ લેવા કામ કરી રહી છું. બાકી કપીલ સાથે આજે મને સારા સંબંધો છે.

જોકે તે કબુલે છે કે કપિલના ઘણા સહકલાકારો તેને છોડી ગયા હોવાથી તે એકલો પડીગયો છે. તે વધુમાં કહે છે કે અગાઉ અમે બધા ભેગા મળીને સરસ કામ કરતા હતા પણ હવે એ વાત નથી રહી. મને એ વાતનો અફસોસ છે કે કપિલના બોલીવુડ કલાકારો સાથેનાં ઘણાં શુટીંગ રદ થયાં છે.

# સુશાંત-જેકલીનની નવી જોડી ડ્રાઈવ ફિલ્મમાં રહેશે





બોલિવુડમાં એક નવી ફ્રેશ જોડી નજરે પડનાર છે. મળેલી માહિતી મુજબ સુશાંતસિંહ રાજપૂત અને જેકલીન પ્રથમ વખત એક સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ બંનેએ પોતાની આગામી ફિલ્મ ડ્રાઈવ માટેનું શુટીંગ શરૂ કરી દીધું છે. આ બંનેએ ફિલ્મના શુટીંગમાં સામેલ હોવાની જાહેરાત કરી દીધી છે. ફિલ્મના નિર્માતા કરણ જૌહરે પણ ટ્વીટર ઉપર ફિલ્મના મુહુર્ત શોટને લઈને માહિતી આપી છે. આ ફોટોમાં સુશાંત અને જેકલીન નજરે પડે છે. કરણ જોહરે ફોટાના કેપ્સનમાં લખ્યું છે કે ફ્રેન્ચાઈસીઝ ફનની શરૂઆત થઈ રહી છે. તરૂણ મનસુખાની દ્વારા નિર્દેશિત અને સુશાંત તથા જેકલીન દ્વારા અભિનેત આ ફિલ્મનું શુટીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. સિરિઝની આ પ્રથમ ફિલ્મ રહેશે. ડ્રાઈવ સિરિઝ હેઠળ કરણ જોહર ઓછામાં ઓછા ત્રણ ફિલ્મો બનાવવાની યોજના ધરાવે છે.

આ તમામ ફિલ્મો રોમાન્સ સાથે ભરપુર એકશન થ્રિલર ફિલ્મ રહેશે. એમ માનવામાં આવે છે કે હિટ ફ્રેન્ચાઈસીઝ ધૂમને પડકાર ફેંકવાને હેતુસર આ ડ્રાઈવ સિરિઝની શરૂઆત કરવામાં આવી રહી છે. કરણ જોહર સાથે લાંબા સમય બાદ તરૂણ મનસુખાની કામ કરી રહ્યા છે. ૨૦૦૮માં આવેલી કરણ જૌહરના પ્રોડકશન હાઉસની હીટ ફિલ્મ દોસ્તાનાથી બોલિવુડમાં નિર્દેશક તરીકે પોતાની કેરિયરની શરૂઆત

અનુસંધાન પાના નં.૬ ઉપર

## બીહાઈન્ડ ધ સ્ક્રીન

# સુશાંત આગામી ફિલ્મમાં ડાકુના પડકારરૂપ રોલમાં

## ઓન ધ સ્ક્રીન



ઈશ્કિયા, ડેઢ ઈશ્કિયા અને ઉડતા પંજાબ જેવી સુપરહિટ ફિલ્મ બનાવનાર નિર્દેશક અભિષેક ચૌબે ટુંક સમયમાં જ પોતાની નવી ફિલ્મ શરૂ કરવાની જાહેરાત કરી શકે છે. લીકથી હટીને પોતાની ફિલ્મો બનાવવા માટે જાણીતા રહેલા અભિષેક ચૌબેની આગામી ફિલ્મ ચંબલના ડાકુ પર આધારિત રહેશે. ૭૦ના દશકમાં ચંબલના ડાકુઓ પર બનનાર આ ફિલ્મ માટે એમએસ ધોની ફેઈમ સુશાંત સિહ રાજપુતની પસંદગી કરી લેવામાં આવીછે.સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ફિલ્મના પ્રોડક્શનની જવાબદારી રોની સ્કુવાળા અદા કરનાર છે. ફિલ્મમાં સુશાંત એક ડાકુની ભૂમિકામાં નજરે પડનાર છે. ફિલ્મના શુટિંગને પણ ચંબલમાં જ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દરેક બાબત યોજવા મુજબ આગળ વધશે તો ફિલ્મ વર્ષના અંત સુધી રજૂ કરવામા આવી શકે છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ફિલ્મ માટે પ્રથમ પસંદગી તરીકે રણવીર સિંહ હતો. પરંતુ કેટલાક કારણોસર રણવીરને ફિલ્મ માટે રાજી કરી શકાયો ન હતો. આખરે સુશાંતની પસંદગી કરવામાં આવી હતી. સુશાંત પણ તેની એક્ટિંગ કુશળતા મો જાણીતો રહ્યો છે. ધોની ફિલ્મમાં તેની યાદગાર ભૂમિકા હતી. આ ફિલ્મના કારણે તે રાતોરાત સ્ટાર બની ગયો હતો. સુશાંત હાલમાં પોતાની ચંદા મામા દુર કે ફિલ્મના શુટિંગને લઈને વ્યસ્ત બનેલો છે. કૃતિ અને તેમની વચ્ચેના પ્રેમ સંબંધોની પણ હાલમાં ભારે ચર્ચાછે.

જો કે પોતાના સંબંધ અંગે વાત કરવામાં તેઓ ઈન્કાર કરે છે. કૃતિ સનુને પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત ટાઈગર સાથેની ફિલ્મ હિરોપંતિ મારફતે કરી હતી. જો કે કૃતિ દિલવાલે ફિલ્મના કારણે જાણીતી થઈ ગઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે વરૂણ હતો ફિલ્મમાં અભિનેત્રીને લઈને સસ્પેન્સ છે. જો કે કૃતિના નામ પર પણ ચર્ચા છે.

# પ્રાચી દેસાઈને હાલમાં કોઈ જ ફિલ્મ મળી રહી નથી :



## સીને

બોલિવુડમાં ઘણા સમયથી હોવા છતાં ટોપ અભિનેત્રી તરીકે ઉભરી આવવામાં નિષ્ફળ રહેલી અભિનેત્રી પ્રાચી દેસાઈ નિરાશ થઈ નથી. તે આશાવાદી બનેલી છે. બીજી બાજુ આડેધડ કોઈ ફિલ્મ કરવાની પણ તેની ઈચ્છા નથી. હાલમાં પાકિસ્તાની એડની ઓફરને ફગાવી ચુકેલી પ્રાચીનુ કહેવુ છે કે તે કોઈ વિવાદમાં બિનજરૂરીતે પડવા માંગતી નથી. એક પાકિસ્તાની એડમાં કામ કરવા માટે તેને ઓફર કરવામાં આવી હતી. જો કે પ્રાચીએ તરત જ આને ફગાવી દીધી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ ખુબ તંગ બનેલા છે ત્યારે તે કોઈ વિવાદ થાય તેવા કામ કરવા માટે તૈયાર નથી. જાણકાર સુત્રોએ કહ્યુ છે કે પ્રાચીને એક પાકિસ્તાની બ્યુટી બ્રાન્ડ દ્વારા જાહેરાતમાં કામ કરવા માટેની ઓફર કરવામાં આવી હતી. પરંતુ પ્રાચીએ ઓફરને ફગાવી દીધી હતી. તેનુ કહેવુ છે કે બન્ને દેશો વચ્ચેના સંબંધ ખરાબ થયેલા છે ત્યારે આવી જાહેરાતમાં કામ કરવાની બાબત તેના માટે યોગ્ય રહેશે નહી. પ્રાચી દેસાઈ થોડાક સમય પહેલા રજૂ થયેલા ક્રિકેટર અઝહરુદ્દીનની લાઈફ પર બનેલી અઝહર ફિલ્મમાં દેખાઈ હતી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# બોલિવુડ ફિલ્મોમાં હજુ ઘણા ફેરફારની જરૂર : ટિસ્કા



૧૯૯૩માં પ્લેટફોર્મ મારફતે પોતાની બોલિવુડ કેરિયર શરૂ કરનાર ટિસ્કા ચોપડાએ કહ્યુ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડમાં ફેરફાર થયા છે. મહિલાઓની લાઈફ પણ કુબ બદલાઈ ગઈ છે. ટિસ્કાનુ કહેવુ છે કે ફિલ્મમોમાં સકારાત્મક ફેરફાર લાવવા માટે મહિલાઓને પોતે આગળ આવવાની જરૂર છે. મહ્લાઓને લેખન, નિર્માણ અને નિર્દેશનના ક્ષેત્રમાં કુદી જવાની જરૂર છે. ટિસ્કા સુપરહિટ ફિલ્મ તારે જમીન પર મારફતે ચાહકોમાં લોકપ્રિય થઈ ચુકી છે. આ ફિલ્મમાં તે શાનદાર ભૂમિકા અદા કરી ગઈ હતી. ફેરફારની ગતિમાં તેજી લાવવાની જરૂર છે.આના માટે મહિલાઓને નિર્માણ તથા નિર્દેશનના ક્ષેત્રમાં આગળ આવવુ પડશે. તેનુ કહેવુ છે કે મહિલાઓ બાળકો પેદા કરી શકે છે તો ફિલ્મ નિર્માણ પણ કરી શકે છે. તેનુ કહેવુ છે કે તે એક શોર્ટ પિલ્મ ટૉની બનાવી ચુકી છે. તેની આગામી શોર્ટ ફિલ્મ તૈયાર છે. ટૉની તેના પ્રોડક્શન બેનર ઈસ્ટર્ન વેની પ્રથમ ફિલ્મ હતી. ટિસ્કા બોલિવુડમાં કેટલીક મોટી ફિલ્મમાં કામ કરી ચુકી છે. જેમાં તારે જમીન પર, ફિરાક, કિસ્સા ટ ટેલ ઓફ લોનલી ઘોસ્ટ, ટીવી શો ૨૪ અને ઘાયલ વંસ અગેઈન ફિલ્મનો સમાવેશ થાય છે. તેની ફિલ્મ ધ હંગેરી માટે ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ વર્ષ ૨૦૧૭માં રજૂ કરવામાં આવી હતી.તેનુ કહેવુ છે કે લાંબા સમય બાદ ભારતીય ફિલ્મ ઈન્સ્ટ્રીઝમાં ફરી એકવાર સારી પટકથાને ફરી મહત્વ આપવામાં આવનાર છે. ધ હંગેરી વિલિયમ શેક્સપિયરની ફિલ્મ ટાઈટસ એન્ડ્રોનિક્સ પર આધારિત ફિલ્મ છે. જેમાં નસીરુદ્દીન શાહ, નીરજ કાબીની મુખ્ય ભૂમિકા છે. ફિલ્મોને લઈને ટિસ્કા આશાવાદી છે.

# રિતિક સાથે કાબિલ ફિલ્મ હિટ છતાંય યામી ફલોપ



રિતિક રોશન જેવા સુપરસ્ટાર સાથે કાબિલ જેવી સફળ ફિલ્મમાં કામ કર્યા બાદ પણ ખુબસુરત યામી ગૌતમની પાસે વધારે ફિલ્મ આવી રહી નથી. તેની પાસે નહીવત જેવી ફિલ્મ છે. યામી ગૌતમ આગામી દિવસોમાં સારી ફિલ્મ મળવા માટે આશા ધરાવે છે. યામી ગૌતમને શરૂઆતમાં ઓછી સફળતા મળ્યા બાદ મોટીસફળતા મળવા માટે તે આશાવાદી છે. બોલિવુડમાં પાંચ વર્ષના ગાળામાં તે નિષ્ફળતા અને હારનો સ્વાદ ચાખી ચુકી છે. વર્ષ ૨૦૧૨માં વિકી ડોનર ફિલ્મ મારફતે તે જાણીતી થઈ હતી. આ ફિલ્મ ચાહકોને ભારે પસંદ પડી હતી. આ ફિલ્મની પટકથા અન્ય ફિલ્મો કરતા જુદા પ્રકારની હતી.વિકી ડોનરને મોટી સફળતા હાથ લાગી હતી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

CMYK

### ડીસાના...

**પાના નં.૧ ચાલુ**

જનોના આક્રંદથી હૃદય દ્રાવક દશ્યો. સર્જાયા હતા. બનાવના પગલે લોકોના ટોળેટોળા સિવિલમાં ઉમટી પડ્યા હતા.

આ બનાવના સમાચાર વાયુવેગે શહેરમાં પ્રસરી ઉઠતા વેપારીઓ. ખેડૂતો અને તેમના મિત્ર વર્તુળએ આઘાતનો આંતકો અનુભવ્યો હતો જ્યારે માળી સમાજમાં શોકની લાગણી છવાઈ હતી.

### ગુજરાતમાહ્ણ...

**પાના નં.૧ ચાલુ**

આનંદીબેન પટેલ માટે યુવા વર્ગ કે.જે.હાર્દિક પટેલના સમર્પણમાં છે. તેનું એક જુથ નારાજ છે. જ્યારે બાકીના લોકો બેનની રીતી નીતીથી ખુશ છે. માટે નારાજ જુથને મનાવવા માટેની ફોર્મ્યુલા પણ ઘડવામાં આવી હોવી જોઈએ. કારણ કે આ વખતની ચૂંટણીમાં યુવા મતદારોની સંખ્યા વધી છે. અને તેમના મત પણ નિર્ણાયક બની રહેશે. માટે આ કોયડો ઉકેલવો જરૂરી બને છે.

તો બીજી તરફ આનંદીબેનની અમિત શાહ સાથેની સતત બનતી હાજરી પણ સૂચક બની રહી છે. કારણ કે ભાજપના વર્તુળોમાં એવું પણ મનાઈ રહ્યુ છે. કે આનંદીબેનને ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવે અથવા તેમને ફરીથી ગુજરાતના મુખ્યમંત્રી બનાવાયા તેવી વાતો પણ વહેતી થઈ છે. અને આ બંને યક્ષ પ્રશ્નોનો નિર્ણય પણ દિલ્હી હાઈકમાન્ડ જ નક્કી કરશે.

તો બીજી તરફ આનંદીબેન સક્રીય બની જતા તેમનું જુથ ઘેલમાં આવી ગયુ છે. જ્યારે અમિત શાહના જુથમાં બેનની સતત હાજરી અંગે અનેક વિધ ચર્ચા એરણે ચઢી હોવાનું મનાઈ રહ્યુ છે.

જોકે આ તમામ બાબતોમાં મારેશું ? અને મારૂ શું ? વચ્ચે અટવાઈ છે. ત્યારે ચૂંટણીની જાહેરાત પૂર્વે ગુજરાત ભાજપમાં અનેક વળાંકો હજુ આવશે તેવાત ચોક્કસ છે.

### દીઓદર તાલુકાના...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

યુવાનો, વડીલો ડી.જે.ના તાલે ગરબા રમી ગરબાની રમઝટ મચાવી આનંદ મેળવી રહ્યા છે.રોજે રોજે ચડાવાઓ દ્વારા આરતી,પ્રસાદ વિતરણ વિગેરે કરવામાં આવે છે.સુરાણા ગામે નવરાત્રી પર્વને નિહાળવા માટે આજુબાજુના ગામોમાંથી લોકો ગરબા જોવા માટે ઉમટી રહ્યા છે.

### દીઓદર ખાતે...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

આ પ્રસંગે મોટી સંખ્યામાં પ્રિન્ટ મીડીયા તેમજ ઈલેક્ટ્રીક મીડીયાના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહેલ.જેમાં કોંગ્રેસ દ્વારા તા.૩૦ના રોજ યોજાનાર નવ સર્જન ગુજરાત જન વેદના સંમેલન અંર્તગત પત્રકારોને માહીતી આપવામાં આવેલ અને જણાવેલ કે કોટડા મુકામે દીઓદર વિદ્યાનસભા મત વિસ્તારનું સંમેલન યોજાશે.આ સંમેલનમાં કોંગ્રેસ પક્ષના કેન્દ્રીય તેમજ પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી લોકોને પડતી વિવિધ મુશ્કેલીઓ તેમજ જરૂરી મુદાઓ ઉપર માર્ગદર્શન આપશે.આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.

### કાંકરેજના માંડલા...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

ચામુંડા માતાજીના ચાચર ચોકમાં છેલ્લા ત્રીસ વરસથી અવિરત નવરાત્રીના આયોજન થકી માતાજીની આરાધના કરવામાં આવે છે. નવે- નવ દિવસ આરતી, પ્રસાદ, ગરબાના વિશેષ આયોજન થકી ભક્તિ સભરદશ્યોનું સર્જન થાય છે. ચામુંડા યુવક મંડળના સુરેશભાઈ, શૈલેષભાઈ, નરસીભાઈ, સુનિલભાઈ તેમજ મંડળના તમામ સભ્યોની અથાગ મહેનત થકી માના નવરાત્રીની શાનદાર ઉજવણી કરવામાં આવે છે.

### ડીસાના અદ્યતન...

**પાના નં.૮ ચાલુ**

યુગની માંગ પ્રમાણે બસ સ્ટેન્ડ ઉપર એલ.ઈ.ડી. ટીવીના સ્ક્રીન ઉપર આવન-જાવન કરતી તમામ બસો હાલ ક્યાં છે અને બસ સ્ટેન્ડ ઉપર ક્યારે આવશે ? તેનો સમય સતત ઓનલાઈન દર્શાવાઈ રહ્યો છે. જેનો મુસાફરોને ઘણો લાભ થઈ રહ્યો છે. એટલું જ નહી રાબેતા મુજબનું સમય પત્રક પણ મુકાયું છે જ્યારે અજાણ ગ્રાહકો પૂછપરછ બારીમાં બસના સમય અંગેની માહિતી મેળવી શકે છે.

### દીઓદર - કોટડા...

**પાના નં.૮ ચાલુ**

સ્વીફ્ટ ગાડીમાં તપાસ કરતાં ગાડીમાંથી ૫ર પ્રાંતિય વિદેશી દારૂ બોટલ નંગ ૫૦૯ કિંમત રૂા.૫૦,૯૦૦/- તેમજ ગાડીની કીંમત રૂા.૩ લાખ મળી કુલ રૂ.૩,૫૦,૯૦૦/-ના મુદામાલ સાથે ગાડીને ઝડપી પાડેલ.આ અંગે દીઓદર પોલીસે અજાણ્યા ગાડી ચાલક વિરૂધ્ધ પ્રોહી ગુના નં.૩૦૯/૧૭ મુજબ ગુનો નોંધી આઈ પી.સી.કલમ ૬૫ એ.ઈ.૧૧૬(૨), ૯૮ મુજબ વધુ તપાસ હાથ ધરી છે.

### ડીસામાં શાળામાં ...

**પાના નં.૮ ચાલુ**

આપવામાં આવ્યા હતા.

આ પ્રોજેકટમાં પ્રમુખ રોટે.નટુભાઈ પટેલ સેક્રેટરી રોટે. યશંવતભાઈ, પ્રોજેકટ ચેર.રોટે. ડો.હેતલબેન, ડો.ડિકેશભાઈ, રોટે. વિક્રમભાઈ ઠક્કર, ડો.આસનાની, રોટે.ડો.જગદિશભાઈ સોની, ટીમ ચેરમેન રોટે. ગોપાલભાઈ જોષી, રોટે. રાજુભાઈ શાહ, રોટે. આશિષભાઈ સોની, ડો. રાજન મહેતા વગેરે મિત્રોએ હાજરી આપી હતી.

આ બાળકોને ભણાવવા માટે રોટરી દ્વારા ત્રણ શિક્ષકો પ્રવિણભાઈ બારોટ, ભરતભાઈ માળી, વિશ્નુભાઈ માળી તથા રોટ્રેકટર્સ મિત્રો સેવા આપવાના છે.

### થરાદ બેઠક...

**પાના નં.૮ ચાલુ**

બહોળી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તથા જિલ્લા અને તાલુકાના પંચાયતના સદસ્યો અને વેપારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કારોબારીની બેઠકમાં તાજેતરમાં આવેલા મિડીયાના અહેવાલોનું ખંડન કરતાં ધારાસભ્ય પરબતભાઈ પટેલે થરાદ બેઠક પર તેમની ટીકીટ ફાઈનલ હોવાની જાહેરાત કરી કાર્યકરોને ચાલુ સત્રની આ છેલ્લી બેઠક ગણાવી આજથી જ ખભેખભા મિલાવી કામગીરી હાથ ધરવાની હાકલ કરી હતી. બેઠકમાં સાથે સાથે સંકલ્પયાત્રાની તથા ૨૫થી ૨ ઓક્ટોબર દરમ્યાન ગાંધી જયંતીની ઉજવણી પ્રસંગે ખાદી ખરીદવી અને આગામી વડાપ્રધાન અને રાષ્ટ્રીય પ્રમુખની ગાંધીનગર કાર્યક્રમ હોઈ બહોળી સંખ્યામાં સમર્થકો સાથે જવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### નવરાત્રિના રાસ...

**પાના નં.૮ ચાલુ**

અને તબલાનો અવાજ દબાઈ જતાં આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની રોજીરોટી પણ છીનવાઈ ગઈ છે.

નવરાત્રિના ગરબામાં અતિતીવ્ર અવાજે સંગીતના તાલે ગવાતા ગરબા ખાસ કરીને યુવા હૈયાઓમાં આકર્ષણ જમાવે છે તેથી ઠેરઠેર રાસગરબાની રમઝટ જામી રહી છે. જેમાં યુવા હૈયાઓ સગીતના આધુનિક તાલે ઝુમી ઉઠે છે ગ્રામ્ય વિસ્તારોમાં પણ નવરાત્રીના ગરબામાં ડી.જે. અને મ્યુઝીકલ પાર્ટીઓએ સ્થાન લઈ લીધુ છે જેથી નવરાત્રિના દિવસમાં પણ સંગીતના વાજીંત્રો બનાવતા કારીગરોનો રોજગાર ધંધો પણ ઠપ્પ જોવા મળી રહ્યો છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૩૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૩૦૦ | નર્મદા મગ પોલીસ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૨૦૦ | ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૬૦** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૭૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૯૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૪૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૨૯૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૪૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૧૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૪૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ ૮૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગઠ્ઠા ૧૦૦-૧૪૦ | મરચાં ૩૦૦-૪૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લીંબુ ૫૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | આદુ ૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | રીંગણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | ટામેટા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | કોબી ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | ટીંડસા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ગવાર ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ચોળી ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | તુરીયા ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |

## પંડિત દિનદયાળ ઉપાધ્યાય જન્મજયંતી ઉજવણી કરાઈ..

ડીસા

ડીસા શહેરીવિસ્તાર માં ૧૭ સ્કુલો ..અને તેના વિદ્યાર્થીઓ તેમના જીવન મૂલ્યો જીવંત કરી, આગળ ધપાવી, આજે તેમના આદર્શો ને શિરોમાન્ય માની બન્યા નમસ્તક..સાધ્વી નિર્મલપુરી. વિવિધ સ્પર્ધકોએ પંડિત દિનદયાળજી ની જીવની વિશે વક્તૃત્વ સ્પર્ધામાં આપ્યુ સ્ટેજ પરફોર્મન્સ

આજે જિલ્લા અને ડીસા શહેર અને મહિલા મોરચાની બહેનો ઈંદુબેન જોશી,રીનાબેન ધનેશભાઈ પરમાર ,કિરણબેન પરમાર, જોલિબેન પટેલ,પણ પંડિત દિનદયાળજી ના આદર્શો ઘેર-ઘેર સુધી પહોંચતા કરવા બની સંકલ્પબદ્ધ.જિલ્લા શિક્ષણ અધિકારી ,તાલુકા શિક્ષણ અધિકારી ,હ્રષ્ઠિ,તેમજ ઋષ્ઠિ અને શિક્ષણ જગત અધ્યાપકો અને સ્પર્ધકો નો ખૂબ ખૂબ આભાર.

પંડિત દિન દયાળ ઉપાધ્યાય રાજકારણ, દેશકારણ અને સમાજકલ્યાણ સાથે સંકળાયેલા પંડિત દીનદયાળજીનો માનવ સંદેશ અનન્ય છે. આજીવન સાર્વજનિક જીવન જીવ્યા છતા દીનદયાળજીનું વ્યકિતત્વ પારદર્શક અને બીજાઓ માટે પ્રેરણાદાયીને પથદર્શક બની રહ્યું છે. ગરીબ અને મધ્યમ વર્ગને ધ્યાને લઇ દેશની અર્થવ્યવસ્થાનું નિર્માણ આજે પંડિત દીનદયાળજીની સંપૂર્ણ વિચારધારાને કેન્દ્ર સ્થાને લઇ કરવામાં આવ્યું છે. જેથી સૌનો સાથ સૌનો વિકાસ શકય બને. તેઓની વિચારધારાને જ અનુલક્ષીને સૌ પ્રથમ ગુજરાત અને હવે તો દેશના ઘણા રાજ્યોમાં ગરીબ કલ્યાણ મેળાઓ થઇ રહ્યા છે.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ સેવેલા ભેદભાવ, શોષણ અને ભ્રષ્ટાચાર રહિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં કેન્દ્રની ભાજપ સરકારના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજય સરકારના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અમલીકરણના પથ પર અગ્રેસર છે. દીનદયાળજીના સિદ્ધાંત અને કાર્યોને ભાજપ સરકાર અમલમાં મૂકી સામાજિક વિષમતા, અસમાનતા અને જાતિગત દૂષણો દૂર કરવામાં સદાય અગ્રેસર રહી છે. આવનારા સમયમાં સંપૂર્ણપણે ગરીબી અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું ઘડતર કરી ભાજપ સરકાર દીનદયાળજીનું સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ છે. સ્વદેશી અપનાવો, ગરીબી હટાવોની ક્રાંતિકારી વિચારધારાના જનક અને દેશ માટે આજીવન જાત ઘસી જાન આપનાર પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન સંદેશ, દેશહિત વિચારધારા તથા તેમની સાદગી અને સમર્પણ ભાવને જીવનમાં ઉતારવા એ જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ આપવા બરાબર છે.

## સુશાંત

**અનુસંધાન ૫ નું ચાલુ**

કરનાર તરૂણ મનસુખાની કરણ જોહર સાથે કામ કરવાને લઈને ભારે ઉત્સુક છે. દોસ્તાના ફિલ્મમાં અભિષેક બચ્ચન, જ્હોન અબ્રાહમ અને પ્રિયંકા ચોપરા લીડ રોલમાં નજરે પડ્યા હતા. હવે સુશાંત અને જેકલીનને લઈને નવી ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યું છે.

ફિલ્મના સેટ ઉપર તરૂણ સાત વર્ષ બાદ તરત પહોંચ્યા છે. ૨૦૦૮માં છેલ્લે કરણ અને મનસુખાનીની જોડી એક સાથે ફિલ્મ નિર્માણમાં સામેલ થઈ હતી. સુશાંતને પ્રથમ વખત એક મોટા બેનરની ફિલ્મ હાથ લાગી છે. જેનાથી તે પણ આશાવાદી છે.

## યામી

**અનુસંધાન ૫ નું ચાલુ**

તે કઈ ફિલ્મમાં હવે કામ કરી રહી છે તે અંગે પુછવામાં આવતા યામીએ કહ્યુ હતુ કે તે સુપરસ્ટાર રિતિક રોશન સાથે કામ કર્યા બાદ આશાવાદી છે. સંજય ગુપ્તા દ્વારા આ ફિલ્મનુ નિર્દેશન કરવામાં આવ્યુ હતુ. યામીએકહ્યુ છે કે બોલિવુડમાં તે નવા કલાકારોની સાથે સાથે મોટા સ્ટાર સાથે કામ કરવા માટેનુ સપનુ ધરાવે છે. તે જાહેરાતની દુનિયા સાથે જોડાયેલી રહી છે.

## પ્રાચી દેસાઈ

**અનુસંધાન ૫ નું ચાલુ**

તે અઝહરુદ્દીનની પ્રથમ પત્નિ તરીકે ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મમાં અઝહરની ભૂમિકા ઈમરાન હાશ્મીએ અદા કરી હતી. બોલિવુડમાં હાલમાં નવી નવી અભિનેત્રીઓ એન્ટ્રી કરી રહી છે ત્યારે તે પણ સ્પર્ધામાં ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહી છે.

તેને ફિલ્મો મળવામાં મુશ્કેલી નડી રહી છે. વિતેલા વર્ષોમાં તે કેટલીક મોટી ફિલ્મોમાં કામ કરી ચુકી છે. જેમાં અજય દેવગન અને ઈમરાન હાશ્મી સાથેની ફિલ્મનો સમાવેશ થાય છે. પ્રાચી માને છે કે તે ફિલ્મની પટકથા મુજબ કોઈ પણ રોલ કરવા માટે તૈયાર રહે છે. ફિલ્મ ઉપરાંત તે જાહેરાત મારફતે પણ સારી કમાણી કરી રહી છે.

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ ડે આર્ય ચૌધરી



પિતા : જામાભાઈ / માતા : અમરબેન
દાદા : તેજાભાઈ / દાદી : વાલીબેન
કાકા : ચેલાભાઈ, અમરાભાઈ, વાઘાભાઈ
ભાઈ : મહેશભાઈ (પી.એસ.આઈ)
વિપુલકુમાર, ધાર્મિકભાઈ
બહેનો : હિનાબેન,ક્રિષ્નાબેન
મોનિકાબેન, હેતલબેન, જાનકીબેન
આશાબેન, નિકિતાબેન, જીનલ, વંદના,નિધી
ભાભી : ઉન્નતિબેન
બર્થ ડે ૨૯-૯-૨૦૦૭
ઉ.વ.૧૦
મુ.નવા,તા.દિયોદર,જી.બનાસકાંઠા

## પાલનપુર મુકામે પી.સી.પી.એન.ડી.ટી સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર

પાલનપુર મુકામે કલેકટર કચેરી ખાતે પી.સી.પી. એન.ડી.ટી. સમિતિના ચેરમેન દોલતપુરી ગૌસ્વામીના અધ્યક્ષસ્થાને પી.સી.પી. એન.ડી.ટી. એડવાઈઝરી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી.બાંભણીયાએ પી.સી.પી. એન.ડી. ટી. અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી હતી. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અરૂણ આચાર્યએ માહિતી આપતા કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત ૧૫૮ સોનોગ્રાફી સેન્ટરોમાં ગાયનેક ડૉકટરો ધ્વારા સોનોગ્રાફી કરવામાં આવે છે. આ તમામ સેન્ટરોની તાલુકા હેલ્થ ઓફિસરો દ્વારા સમયાંતરે મુલાકાત લઇ નિયમિત ચેકીગ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે રાજસ્થાનમાંથી આવતા દર્દીઓ અને ગુજરાતમાંથી રાજસ્થાનમાં સારવાર લેવા જતાં દર્દીઓ પર પણ વોચ રાખવામાં આવે છે. તેમણે કહ્યું કે મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત લોકોમાં જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે સ્વાઇન ફલૂમાં દર્દીને તાત્કાલીક સારવાર મળે તે માટે પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ટેમીફલૂ નામની ટેબલેટનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો છે તથા પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સ્વાઇન ફલૂના ટેસ્ટ માટે લેબ ની સુવિધા પણ ઉપલબ્ધ છે. બેઠકમાં પિડીયાટ્રીશન ડૉ.હિના હસન પટેલ, પેથોલોજીસ્ટ ડૉ.હેમાબેન પટેલ, ગાનેકોલોજીસ્ટડૉ.મધુસુદન ગઢવી,સરકારી વકીલ વિપુલ કંસારા, તાલુકા હેલ્થ ઓફિસરો સહિત આરોગ્ય કચેરીના અધિકારીઓ ઉપસ્થિાત રહ્યા હતા.

## ગુણોત્સવમાં એ.ગ્રેડનો પુરસ્કાર મેળવતી સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળા



બી.ટી દરબાર

પ્રતિ. જેનાલ

ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વર્ષ - ૨૦૦૯ થી ગુણોત્સવ હાથ ધરવામાં આવેલ છે. જેમાં પ્રાથમિક શાળાની ગુણવત્તા ચકાસણી માટે સ્વમૂલ્યાંકન અને બાહ્યમૂલ્યાંકન કરવામાં આવે છે.

ડીસા તાલુકાની વરનોડા સી.આર.સી.ની સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાએ ગુણોત્સવ - ૬ માં એ.ગ્રેડ મેળવ્યો હોવાથી શિક્ષણ વિભાગે રૂા.૧૦૦૦૦ નો પુરસ્કાર આપેલ છે. જે શાળાના વિકાસમાં વાપરવામાં આવશે.વર્ષ - ૨૦૦૯ માં ગુણોત્સવની શરૂઆત થઈ તે વર્ષે જ શાળાના આચાર્ય અશ્વિનસિંહ સોલંકીએ શાળાને બાહ્યમૂલ્યાંકન માટે મુકાવી હતી. છેલ્લા ત્રણ ગુણોત્સવમાં (ગુણોત્સવ - ૫-૬-૭) માં સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાએ એ.ગ્રેડ મેળવેલ છે. શાળાના આચાર્ય અશ્વિનસિંહ સોલંકીએ પણ શિક્ષક તરીકે એ.ગ્રેડ મેળવેલ છે.ગુણોત્સવમાં શાળાનો સારો ગ્રેડ આવે તે માટે શાળાના આચાર્ય અશ્વિનસિંહ સોલંકી, શિક્ષકગણ, શાળા પરિવાર, વાલીગણ, એસ.એમ.સી સૌના સહાકારથી વર્ષની શરૂઆતથી આયોજન મુજબ સતત પ્રયત્ન કરવામાં આવે છે. ધોરણ - ૨ થી ૫ માં વાંચન, લેખન, ગણન માટે પણ વિશેષ આયોજન કરવામાં આવે છે.

## ગાંધી જ્યંતિના ઉપક્રમે શાળાના બાળકોએ ૧૪૭ (એકસો સુડતાલીસ ફુટ) કેનવાસ પેઈન્ટીંગ તૈયાર કર્યા



ડીસા

કે.બી.અગ્રવાલ હાઈસ્કૂલ ડીસા લાયન્સ કલબ ડીસા તથા કલા સૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા ''ગાંધી જયંતિ'' સપ્તાહ ઉજવણી નિમિત્તે વિવિધ શાળાઓના બાળકો દ્વારા એકસો સુડતાલીસ ફુટ કેનવાસ પેઈન્ટીંગ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યુ જે કાર્યક્રમમાં વિવિધ શાળાઓમાં લગભગ એકસો પચાસ જેટલા બાળકોએ પર્યાવરણ બચાવો-વૃક્ષો બચાવો- ભ્રુણહત્યા રોકો- દિકરી બચાવો- દિકરી દેવોભવઃ વ્યસનમુક્તિ- પાણી બચાવો-સ્વચ્છતા રાખો જેવા ચિત્રો દોરી પોતાના વિચાર શક્તિ મુજબ સુંદર રંગકામ કરી સુંદર ચિત્રો થકી સમાજને પ્રેરણા આપી હતી. આ પ્રસંગે સૈયદઅલી અપ્સર બાબા (પૂ.પ્રોફેસર નૈનીતાલ કોલેજ ), ડો.નવીનકાકા(પર્યાવરણ પ્રેમી-ડીસા), ડો.એસ.ટી. કોટક (રોટેશીયન), અનિલ જોષી, પ્રજાપતિ સુરેશભાઈ, મહેન્દ્રભાઈ શાહ, મોન્ટુભાઈ શાહ, અવસ્થી અમૃતભાઈ નટુભાઈ વ્યાસ(નિયામક કે.બી. અગ્રવાલ હાઈસ્કૂલ-ડીસા), હીતેશભાઈ સોની(લાયન પ્રમુખ-ડીસા) ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ચિત્ર પેઈન્ટીંગ કેનવાસ ચિત્ર તૈયાર કરવામાં ચંદુભાઈ એ.ટી.ડી., હિતેશભાઈ જાદવ, જગદીશભાઈ વાઘેલા તથા નાથાલાલ બ્રહ્મક્ષત્રિયએ માર્ગદર્શન આપ્યું હતુ.

## વિદ્યા

**અનુસંધાન ૫ નું ચાલુ**

ટ્રેલરમાં વિદ્યા બાલન ખુબજ સારા અંદાજમાં નજરે પડનાર છે. વિદ્યા બાલને અનેક યાદગાર ફિલ્મોમાં ભૂમિકા અદા કરી છે. જેમાં પા જેવી ફિલ્મનો સમાવેશ થાય છે. તે ફિલ્મમાં અમિતાભ બચ્ચનની માતાની ભૂમિકામાં નજરે પડી હતી. ડર્ટી પિકચર અને કહાની જેવી યાદગાર ફિલ્મમાં પણ તે કામ કરી ચુકી છે. તેની પાસેથી ચાહકો શાનદાર એક્ટિંગની આશા રાખી રહ્યા છે. વિદ્યા બાલનને ભારતીય સિનેમાની સૌથી શાનદાર અભિનેત્રી તરીકે ગણવામાં આવે છે. વિદ્યા બાલન પોતે રેખાને પોતાની આદર્શ તરીકે ગણે છે. અનેક વખત તે કાર્યક્રમમાં આ વાત કરી ચુકી છે. વિદ્યા બાલન હવે આડેધડ કોઈ ફિલ્મમાં કામ કરવા માટે બિલકુલ ઈચ્છા ધરાવતી નથી. સારા અને પડકાર રોલવાળી ફિલ્મો કરવા માંગે છે.

## રાધનપુર વિધાનસભાના બૂથવાઈજ ક્રિકેટ કીટનું વિતરણ કરાયું




રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકના તમામ બૂથવાઈજ પ્રદેશ કોંગ્રેસ મંત્રી રઘુભાઇ દેસાઈ તરફથી તેમના પ્રતિનિધિ ભાવેશભાઈ શાહ દ્વારા યુવાનો ક્રિકેટથી આકર્ષાય અને ક્રિકેટ પ્રત્યે રસ પેદા થાય તે માટે ક્રિકેટ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, અગાઉ સમી તાલુકાના ૭૮ બુથ તેમજ રાધનપુર તાલુકાના ૧૦૧ બૂથના યુવાનોને કીટનું વિતરણ કર્યા બાદ હાલમાં સાંતલપુર તાલુકાના દરેક બૂથવાઈજ ક્રિકેટને પ્રોત્સાહન મળે એ માટે વિતરણ ચાલી રહ્યું છે, અત્યાર સુધીમાં ૧૦૮ માંથી ૫૦ બૂથના નવયુવાનોને વિતરણ થઈ ચૂક્યું છે.યુવાનોમાં ક્રિકેટની કીટ મળતા ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

## લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ અને કેઆઈપીએસ ખાતે યોજાયેલ નવરાત્રી ગરબા મહોત્સવ



પાટણ

ગતરોજ લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના બાળકોએ ખુબ હર્ષોલ્લાસપૂર્વક નવરાત્રી નિમિત્તે યોજાયેલ ગરબા મહોત્સવમાં ભાગ લીધો. ખૂબ આહલાદક વાતાવરણમાં, ટ્રેડીશનલ પોષાકોમાં સજ્જ બની બાળાઓ અને બાળકો સહિત શાળાના શિક્ષક ભાઈ બહેનો આચાર્ય તથા ટ્રસ્ટીગણ સહિત આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી બન્યા. શાળાના સંગીત શિક્ષક નિરવભાઈ ગાંધી તથા નિલભાઈ રાવલ અને તેમની ટીમ વડે પીરસવામાં આવેલ સંગીતના સથવારે બાળકો ગરબે ઝૂમ્યા. ખૂબ સારી રીતે ગાનાર બાળકો બાળાઓ તથા સ્ટાફમિત્રોને પણ ઈનામ વડે સન્માનિત કરવામાં આવ્યા.

## રાધનપુર તાલુકાના રામેશ્વરમાં પીવાના પાણીની સમસ્યા




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના રામેશ્વર ગામે છેલ્લા દોઢ મહિનાથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે, ગ્રામજનો દ્વારા અનેક રજૂઆતો કરવા છતાંય પાણી આવતું ના હોવાથી ખાડાનું ગંદુ પાણી પીવા ગ્રામજનો મજબૂર બન્યા છે, ગંદુ પાણી પીવાના કારણે લોકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ રહી છે,ગામલોકોને તાત્કાલિક પીવાનું પાણી મળે તેવી માંગ ઉઠી રહી છે.

## સાબરકાંઠામાં નવરાત્રી જામ્યો રંગ

હિંમતનગર

જી.જે-૯-નોરતાના બેનર હેઠળ અશ્વમેઘ પાર્ટી પ્લોટમાં મીસ્ટીક ઈવેન્ટસ એન્ડ ગ્રીન ક્લાઉડ સ્ટુડીયો દ્વારા ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે.ભિલોડાની જન સેવા સંઘ સંચાલિત ગુજરાતી-અંગ્રેજી મિડીયમ તથા એન.આર. એ.વિદ્યાલય, કન્યા વિદ્યાલયના બાળકો અને કર્મચારીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં આવીમાં જગદંબના ગરબા ઘૂમ્યા હતા. આ પ્રસંગે મંડળના પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ભુપેન્દ્રભાઈ પંડ્યા, સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે બડોલી સરસ્વતી વિદ્યામંદિરમાં બાળકોને નવરાત્રિ હોવાથી ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં શાળા પરિવારના શિક્ષકો દ્વારા બાળકોને હિંદુ ધર્મમાં નવરાત્રિના તહેવારમાં આદ્યશક્તિ માતાજીની આરાધના કરીને નવ દિવસ નોરતાંમાં ગરબે ઘૂમી માતાજીની ભક્તિ કરવામાં આવે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **થરા** | ગવાર | ૬૬૦-૭૦૫ |
| જીરૂ | ૩૧૦૦-૩૨૭૦ | ઘઉં | ૩૦૦-૩૪૧ |
| એરંડા | ૯૦૧-૯૧૧ | જુવાર | ૪૦૦-૪૨૧ |
| રાયડો | ૬૩૦-૬૪૫ | જવ | ૨૪૧-૨૭૫ |
| વરી. | ૮૦૦-૮૧૬ | અડદ | ૬૭૧-૭૯૧ |
| ગવાર | ૬૩૫-૬૯૦ | બાજરી | ૨૦૦-૨૩૮ |
| ઘઉં | ૨૯૭-૩૧૫ | બંટી | ૨૭૧-૩૪૨ |
| બાજરી | ૨૧૦-૨૩૦ | મગ | ૫૩૬-૭૫૨ |
| મગ | ૬૯૭-૮૪૦ | બંટી | ૩૦૧-૩૩૩ |
| ચીકુડી | ૭૯૫-૮૬૦ | | **સિદ્ધપુર** |
| | **પાટણ** | રાયડો | ૬૧૮-૬૫૫ |
| જીરૂ | ૩૦૦૦-૩૨૬૬ | એરંડા | ૮૭૪-૯૧૦ |
| એરંડા | ૮૮૫-૯૧૧ | મગ | ૫૫૦-૯૦૦ |
| વરી. | ૮૦૦-૮૮૬ | અડદ | ૮૦૨ |
| સુવા | ૭૦૦-૮૫૬ | ગવાર | ૫૭૧-૬૯૩ |
| મેથી | ૪૭૫-૫૨૦ | ચોળા | ૪૩૫-૬૦૦ |
| રાયડો | ૬૧૦-૬૪૩ | ઘઉં | ૩૦૫-૩૩૬ |
| અજમો | ૪૦૦-૯૦૧ | બાજરી | ૧૮૩-૨૫૩ |

## વિસનગરમાં રિવોલ્વરની અણીએ ૯ લાખની આંગડિયા લુંટ

મહેસાણા

વિસનગર તાલુકાના બાજીપુરા ગામની સીમમાં કેનાલ પાસે રાત્રે સેન્ટ્રો ગાડી લઈને આવેલા ૫ વ્યક્તિઓએ આંગડીયા કર્મચારીઓના એકટીવાને ટકકર મારી રિવોલ્વર બતાવી એકટીવાની ડેકીમાં મુકેલા ૯.૦૫ લાખની લુંટ ચલાવી હતી ફરાર થઈ ગયા હતાં. વિસનગર પોલીસે આંગડીયા કર્મચારીઓની ફરિયાદના આધારે ફરિયાદ દાખલ જીલ્લામાં નાકાબંધી કરી આરોપીઓને પકડવા માટેના પ્રયાસો કર્યા હતાં પરંતુ હજુ સુધી પોલીસને સફળતા મળી નથી

આ અંગે મળતી માહિતી અનુસાર તાલુકાના બાજીપુરા ગામના પટેલ નરેન્દ્રભાઈ જયંતિભાઈ છેલ્લા ૧૧ વર્ષથી વિજાપુરમાં હાઈવે પર આવેલી મેસર્સ આર કાન્તિલાલ નામની આંગડિયા પેઢીમાં નોકરી કરે છે. નરેન્દ્રભાઈ મોદી નિત્યક્રમ મુજબ વહેલી સવારે ઘરેથી તેમનું એકટીવી લઈ નોકરીએ ગયા હતાં અને દિવસભર ઓફિસનું કામ પતાવી રાત્રે સાડા આઠેક વાગે તેમના એકટીવીની ડેકીમાં હિસાબનો થેલો તેમજ ઓફિસના તેમજ અંગત ૯,૦૫,૯૨૦ તેમના મિત્ર પટેલ કાન્તિલાલ ઈશ્વરદાસ સાથે ઘરે જવા નીકળ્યા હતાં. બાકરપુરથી બાજીપુરા ગામની વચ્ચે ઘરોઈ કેનાલ પાસેથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે પાછળથી પુરઝડપે આવેલી લીલા કલરની સેન્ટ્રોગાડીના ચાલકે ટકકર મારતા તેઓ બંન્ને રોડ પર પટકાયા હતાં.

આ દરમિયાન ગાડીમાંથી ૫ લોકો ઉતરી આવ્યા હતાં જેમાંથી એકે રિવોલ્વર બતાવી એકટીવાની ડેકીમાં મુકેલા ૯,૦૫,૯૨૦ રોકડ લઈ ફરાર થઈ ગયા હતાં આ અંગે કર્મચારીઓએ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ અંગે ગુનો દાખલ કરી નાકાબંધી કરી આરોપીઓને પકડવાના પ્રયાસો શરૂ કર્યા છે. પોલીસે આરોપીઓને પકડવા માટે ૨ તપાસ ટીમો બનાવી છે. પોલીસે ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું પંચનામુ કર્યા બાદ વધુ તપાસ હાથ ધરી છે.

## સાંતલપુર તાલુકાના ઝંડાલા ગામે પ્રેરણા લોક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા મહિલા જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



પાટણ

આ કાર્યક્રમમાં પ્રેરણા પરિવારમાંથી દશરથદાન ગઢવી, મીતાબેન રાવલ, સુરેખાબેન ત્રિવેદી, ઓખીબેન પટેલ, દિવ્યાબેન, જીજ્ઞાબેન, હિરલબેન જોષી, સોનલબેન વજીર તથા મંજુલાબેન મોચી હાજર રહ્યા હતા..

આ સાથે વિશેષ મહેમાન તરીકે બનાસકાંઠા જિલ્લાના ભાજપ કારોબારી મેમ્બર અને નિવૃત્ત વિસ્તરણ અધિકારી લક્ષ્મણભાઈ માળી અને સ્થાનિક આગેવાન ધીરજદાન ગઢવી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા ...

દશરથદાન ગઢવીએ પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાનો પરિચય અને સંસ્થાની કામગીરીની માહિતી આપી હતી અને વધારામાં વધારે સંખ્યામાં બહેનો સંસ્થાની મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓનો લાભ લે તેવો આગ્રહ કર્યો હતો...

આ પ્રસંગે લક્ષ્મણભાઈ માળીએ બહેનોને આવી સાચી સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થાઓમાં હરખભેર જોડાવા અપીલ કરી હતી...

૧૨૫ જેટલી લાભાર્થી બહેનોની હાજરીમાં સંસ્થાની ગ્રુહ ઉધોગ પ્રવૃતિઓની માહિતી પણ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં આવેલ બહેનો ને સંસ્થા તરફ થી તેમજ ધીરજદાનભાઈ તરફથી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી...

આ કાર્યક્રમમાં સંસ્થા દવારા મહેંદી સ્પર્ધા પણ યોજવામાં આવેલ, જેમાં દશ જેટલી બહેનોએ ભાગ લીધો હતો અને જેમાંથી બે શ્રેષ્ઠ સ્પર્ધક બહેનોને સંસ્થા તરફથી કટલરીની કીટ ઈનામ રૂપે આપવામા આવી હતી...

પ્રથમ નંબરે ઠાકોર અજોતીબેન અને દ્વિતીય નંબરે ગઢવી અનિતાબહેન વિજેતા થયા હતા... વિજેતા બહેનોને સાગરબેન ગઢવી અને લક્ષ્મણભાઈ ચૌહાણના હાથે ઈનામો આપવામા આવ્યા હતા.

## રાધનપુર તાલુકાના વડનગરમાં આરોગ્યમંત્રીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું




રાધનપુર

રાધનપુર તાલુકાના વડનગર ગામે રાજયના આરોગ્ય મંત્રી શંકરભાઇ ચૌધરીએ ગુરુવારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું હતું અને કોંગ્રેસના વિકાસ ગાંડો થયો છે ના જવાબમાં જણાવ્યું હતું કે કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં જે વિકાસ થયો નથી તે વિકાસ ભાજપના ૨૦ વર્ષના શાસનમાં થયો છે, વડનગરમાં આજે ૬૦ બાઈક છે, ૨૫ થી ૩૦ ટ્રેક્ટર છે એ વિકાસ છે, અહીં પહેલા એકેય સાધન નહોતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શરીરને રોગમુક્ત રાખવું હોય તો જમવા બેસો એ પહેલા હાથ ધોઈને બેસો, ૮૦ ટકા રોગો તો એમ જ દૂર રહેશે,પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું આજે ખાતમુહૂર્ત થયું છે,જેનું એક વર્ષમાં ઉદ્ઘાટન કરશે તેવી તેમણે ખાતરી આપી હતી,આ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી, મહા મંત્રી પ્રવીણભાઈ મહા લક્ષ્મી , તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહીર, કરશન ભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમત વિદ્યાનગર આદ્યસ્થાપક હિંમતલાલ મુલાણીની પૂણ્યતિથિ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાશે

રાધનપુર

હિંમત વિદ્યાનગરના આદ્યસ્થાપક હિંમતલાલ મુલાણીની ૧૨ મી પૂણ્યતિથિ પ્રસંગે આગામી તા.૧/૧૦/૨૦૧૭ તથા તા.૨/૧૦/૨૦૧૭ ના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે.ઠક્કરે જણાવ્યું કે પરમ પૂજ્ય રમાબેન હરિયાણીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. આ પ્રસંગે મુંબઈના જાણીતા સોલીસીટર મહેન્દ્રભાઈ ઘેલાણી ઉપસ્થિત રહેવાના છે. આ વખતે લીલાવતીબેન મણિલાલ શાહ સાયન્સ કોલેજના બિલ્ડિંગના લોકાર્પણનો કાર્યક્રમ દાતા પરિવાર મહેન્દ્રભાઈ મણીલાલ શાહ પરિવારની ઉપસ્થિતિમાં થશે. અત્રે યાદ આપવું ઘટે કે આ માટે દાતાએ ૮૧ લાખની માતબર રકમ દાનમાં આપેલ છે. આ ઉપરાંત શિલ્ડ એવોર્ડ અર્પણનો કાર્યક્રમ કાયમી શિલ્ડ દાતા સુરેશભાઈ બાલચંદભાઈ વોરા તથા તેમના પત્નિ અરૂણાબેન સુરેશભાઈ વોરાની ઉપસ્થિતિમાં યોજાશે અને ચાર એવોર્ડ આપવામાં આવશે. આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ, ગા-ંધીધામ, ડીસા, પાલનપુર વિવિધ સ્થળોએથી મહેમાનો અને દાતાઓ ઉપસ્થિત રહેવાના છે. કાર્યક્રમાની પૂર્વ સંધ્યાએ કેમ્પસમાં ભવ્ય રાસ - ગરબાનું પણ આયોજન ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશ એચ.મુલાણીના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે અને તે માટે ઓન.સેક્રેટરી નવિનભાઈ એન .ઠક્કર, કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી.ઠક્કર (પંપવાળા) તથા સમગ્ર ટ્રસ્ટીમંડળ અને સ્ટાફ ભારે જહેમત ઉઠાવી રહ્યો છે. આ પ્રસંગે તા.૨૫/૯/૨૦૧૭ થી તા.૧/૧૦/૨૦૧૭ દરમ્યાન સફાઈ અભિયાન પણ કેમ્પસના પ્રિન્સિપાલની દેખરેખ હેઠળ યોજાયો છે.

## સાબરકાંઠા જિલ્લામાં ૧૧,૧૭૮ નવા મતદારો નોંધાયા

### VVPAT થી થનાર મતદાન અંગે ગ્રામ્યકક્ષાએ નિદર્શન કરી જાગૃતિ લાવવામાં આવશે :કલેકટર




હિમતનગર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી સમયમાં યોજાવાની છે ત્યારે ચૂંટણીપંચ ધ્વારાસંક્ષિપ્ત સુધારણા સાથેની મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાંમતદાર યાદીની આખરી પસિધ્ધિ બાદ જિલ્લાની ચાર વિધાનસભામાં ૧૧,૧૭૮ નવા મતદારો નોંધાયાહોવાનું જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે કલેકટર કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદમાં જણાવ્યું હતું.આ અંગેની વધુ માહિતી આપતા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલ ૫,૦૪,૬૪૬ ૫ રૂ ૮ ૧, ૪,૭૬,૦૯૪ મહિલા અને અન્ય ૧૨ મતદારો મળી કુલ ૯,૮૦, ૭૬૨ મતદારો નોંધાયા છે. જેમાંતમામ મતદારોને ફોટો સાથેનો ઓળખકાર્ડ તેમજ ફોટો ઈમેજીસ સાથેની સંપૂર્ણ મતદાર યાદી તૈયાર કરીને૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં સૌ પ્રથમ વાર VVPAT થી થનાર મતદાન યોજાવાનું હોઈ તેનુ ફસ્ટ લેવલ ચકાસણીનીકામગીરી પૂર્ણ કરવા માં આવી છે અને મતદાન જાગૃતિ અને તેના ઉપયોગ અંગે ગ્રામ્યકક્ષાએ તેનુનિદર્શન કરવા માં આવશે તેમ તેમણે ઉમેર્યુ હતુંજિલ્લામાં હાલ ૧૨૯૩ મતદાન મથકો ઉપલબ્ધ છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૭૮ અને ૧૧૩૫ શહેરી વિસ્તારના મતદાન મથકનો સમાવેશ થાય છે. કઈ વિધાનસભામાં કેટલા મતદારો ઉમેરાયા

કુલ૧ હિંમતનગર ૮૬૮ ૧૫૫૨ ૧૫ ૨૪૩૫૨ ઈડર ૧૧૬૧ ૧૬૬૧ ૧ ૨૮૨૩ ૩ ખેડબ્રહ્મા ૧૭૩૮ ૧૯૯૫ - ૩૭૩૩૪ પ્રાંતિજ ૬૨૮ ૧૫૫૯ - ૨૧૮૭ કુલ ૪૩૯૫ ૬૭૬૭ ૧૬ ૧૧,૧૭૮

## પાટણ જિલ્લાના ૧૪૮૮ બાંધકામ શ્રમિકોને રૂ. ૫૮.૧૬ લાખની યોજનાકીય સહાય વિતરણ

પાટણ

"હર હાથકો કામ, હર ખેતકો પાની" વિકાસસૂત્ર દ્વારા સુશાસનની રાહ ચિંધનારા રાષ્ટ્રપુરૂષ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ શતાબ્દિ પૂર્ણાહૂતિ નિમિત્તે હારીજ ખાતે પાટણ જિલ્લાના બાંધકામ શ્રમિકોને યોજનાકીય સહાયના રૂ. ૫૮.૧૬ લાખની સહાય વિતરણ અર્થે યોજાયેલા બાંધકામ શ્રમયોગી સંમેલનનું રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે દીપ પ્રાગટ્ય દ્વારા ઉદઘાટન કર્યું હતું.

મંત્રી ઠાકોરે રાજયમાં ૧૯ જેટલા ધન્વતંરી આરોગ્ય રથ દ્વારા ૩ લાખથી વધુ બાંધકામ શ્રમિક ભાઈઓ-બહેનોને સારવાર પુરી પાડવામાં આવી છે તેનો તથા શ્રમિક અન્નપૂર્ણા યોજના દ્વારા માત્ર રૂ. ૧૦ માં સાત્વિક અને શુધ્ધ ભોજન પૂરું પાડી બાધકામ શ્રમિકને ભોજનની ચિંતામાંથી મુક્ત કરવાના પ્રયાસના કારણે રોજના ૨૨ હજાર બાંધકામ શ્રમિકોને એનો લાભ મળી રહ્યો છે, તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે બાંધકામ શ્રમિકના અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂપિયા ૩ લાખની સહાય, પ્રસુતિ સહાય હેઠળ રૂપિયા ૭૫૦૦, કેવળ બાધકામ શ્રમિકોને સમર્પિત એવી શિક્ષણ સહાય, આરોગ્ય સહાય, કૌશલ્ય વર્ધન સહાય, વ્યવસાયલક્ષી તાલીમ જેવી યોજનાઓનો બહોળો લાભ લેવા બાંધકામ શ્રમિકોને અનુરોધ કર્યો હતો. આજે આ સંમેલનમાં પાટણ જીલ્લાના ૧૪૮૮ જેટલા લાભાર્થીઓને શિક્ષણ સહાય હેઠળ રૂપિયા ૧૨.૩૪ લાખની, પ્રસુતી સહાય હેઠળ રૂપિયા ૪૨૫૦૦ની, સલામતી તાલીમ યોજના હેઠળ રૂપિયા ૩.૫૪ લાખની અને કૌશલ વર્ધન તાલીમ હેઠળ રૂપિયા ૪૧.૬૦ લાખની મળી કૂલ રૂપિયા ૫૮.૧૬ લાખના રોકડ સહાયના ચેક મંત્રી શ્રી દિલિપકુમાર ઠાકોર, બોર્ડના અધ્યક્ષ ડૉ. અનિલભાઈ પટેલ, ડીરેક્ટર શશીકાન્ત પંડ્યા તથા પદાધિકારીઓ, અધિકારીઓના વરદ હસ્તે એનાયત કરાયા હતા.

આ પ્રસંગે બાંધકામ બોર્ડના ડીરેક્ટર શ્રી શશીકાન્ત પંડ્યાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું, તો સ્વાગત પ્રવચન બોર્ડના પ્રોજેક્ટ મેનેજર ઝંખનાબેન ઠાકરે કર્યું હતું. આ સંમેલનમાં એ.પી. એમ.સી. ચેરમેન ભગવા નભાઈ ચૌધરી, કાનજીભાઈ વકીલ, વિનયસિંહ ઝાલા સહિત તાલુકા હોદ્દેદારો, બાંધકામ બોર્ડના સભ્ય સચિવ આર કે પરમાર, સરકારી અધિકારીઓ, પદાધિકારીઓ સહીત પાટણ જીલ્લાના બાધકામ શ્રમિક ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા, પાટણ, અરવલ્લી, જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પુરથી નુકશાનના સર્વેની કામીગીરી પૂર્ણ

ચાણસ્મા

જુલાઈ-૨૦૧૭માં આવેલ ભારેથી અતિભારે વરસાદના કારણે પુરની પરિસ્થિતિ ઉભી થવા પામેલ તથા સરકારના વર્ષો જુના તમામ બિલ્ડીંગનો ખુબજ નુકશાન થવા પામેલ હતું. સરકારના વિવિધ વિભાગો દ્વારા ઉકત સર્વેની કામગીરી હાથ ધરાવેલ હતી, જેમાં આધારભુત સુત્રોના જાણવા મળ્યા મુજબ શિક્ષણક્ષેત્રમાં પણ આ કામગીરીના સર્વે પૂર્ણ કરવામાં આવેલ છે.

શિક્ષણવિભાગમાં પુરથી નુકશાન થવા પામેલ જિલ્લાઓમાં સૌથી મોખરે બનાસકાંઠા જિલ્લો રહેલ છે, કુદરતનો ક્રોપ સામે માનવી અને સરકાર પણ શુ કરે ? આટલો વિનાશકારી વરસાદ પડ્યો હોય ત્યારે તારાજી સિવાય શુ હોઈ શકે ? જુલાઈ - ૨૦૧૭ના વરસાદના કારણે બનાસકાંઠા જિલ્લો સમગ્ર ૧૪ તાલુકાની મોટાભાગની શાળાઓ, પાટણ જિલ્લાના અમુક તાલુકા અને અરવલ્લી જિલ્લાની અમુક શાળાઓને નુકશાન થવા પામેલ કેટલીક શાળાઓમાં સતત વરસાદના કારણે વર્ષો જુના બીલ્ડીંગ ખંડેર બની જવા પામેલ છે, એકધારા સાંબેલાધાર વરસાદથી પ્રાથમિક શાળાઓની હાલત દયનીય થવા પામેલ છે, દુરથી સારા દેખાતા મકાનો હકીકતમાં પાયામાંથી વરસાદના કારણે નબળા પડી ગયેલ છે આમાં બાળકોને બેસાડવા કે નહી તે પણ ચિંતાજનક વિષય છે.

આધારભુત સુત્રોના જાણવા મળ્યા મુજબ બનાસકાંઠા જિલ્લામાં પુરથી નુકશાન વાળી શાળાઓની સંખ્યા ખુબ વધારે હતી અને સમગ્ર ગુજરાતનું સરકારી તંત્ર મુખ્યમંત્રી સાથે બીજા કેબીનેટ કક્ષા મંત્રીઓ હાજર રહી સમગ્ર માળખાને પુનઃ કાર્યરત કરવા બનાસકાંઠા જિલ્લામાં હાજર રહ્યા હતાં તેમાં તમામ વિભાગોએ પોતાના ક્ષેત્રનો સર્વે કરાવવા અને સરકારને હકીકત લક્ષી ચિત્ર બતાવવા જોર લગાવેલ હતું જેમાં શિક્ષણ વિભાગે પણ તેમના કાર્યક્ષેત્રની મિલકતોના સર્વે કરાવવા સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર એસએસએ. સંદીપકુમારની સુચનાથી રાજયના વિવિધ જિલ્લામાંથી કુશળ ઈજનેરોની ટીમો ઉતારી સમય મર્યાદામાં કામગીરી કરી બનાસકાંઠા, પાટણ, અને અરવલ્લી જિલ્લાએ એક સારૂ ઉદાહરણ પુરુ પાડેલ છે. ઉકત ઈજનેરોએ તમામ શાળાઓની બે-બે વાર મુલાકાત લઈ હોડીમાં બેસી, કોઈ ટ્રેકટરમાં બેસી કયાંક ચાલતા જઈ સરકાર સમક્ષ ચૌકસાઈ પૂર્વકના ઓરડા રજુ કરવા અથાગ પરિશ્રમ કરેલ છે.

દરેક ગામમાં ફકત પ્રાથમિક શાળાનુ મકાન એવુ હોઈ છે કે તે તમામ હોનારતોમાં ઉપયોગી થાય છે અને તે મકાન સુંદર આકર્ષક ટકાઉ મજબુત અને બાળકોનુ રક્ષણ કરી શકે તેવુ હોવુ જોઈએ. આર.ટી.આઈ કાયદો અમલમાં આવતા નામદરા સુપ્રિમકોર્ટના આદેશ અનુસાર બાળકોને સેઈફ અને સિકયોર વાતાવરણ, બિલ્ડીંગ પુરૂ પાડવાની જવાબદારી શિક્ષણ વિભાગની હોય છે.

## રાધનપુરમાં કીડઝી સ્કૂલના ભૂલકાઓની ગરબાની રમઝટ




રાધનપુર

રાધનપુર શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં નવરાત્રીની ધૂમ રમઝટ ચાલી રહી છે ત્યારે કીડઝી સ્કૂલના ભૂલકાઓ શા માટે પાછળ

રહી જાય, સ્કૂલના ભૂલકાઓ તેમજ વાલીઓ માટે કીડઝીના ડાયરેક્ટર પ્રીતિબેન કોટક,ઝલક ઠક્કર તથા સ્ટાફ દ્વારા માતાના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાના ભૂલકાઓ તેમજ વાલીઓ મનમુકીને ગરબે ઘૂમ્યા હતા, અંતે ભુલકાઓને ભેટ-સોગાદો અર્પણ કરવામાં આવી હતી.

# મા તારો ગરબો ઝાકમ ઝોળ...ઘુમે ગોળ ગોળ...પાવાગઢથી ઉતર્યા રે લોલ...



બનાસકાંઠા જિલ્લામાં નવરાત્રિ અંતિમ ચરણોમાં પહોંચતા ખેલૈયાઓ ઝૂમી ઉઠયા છે. શહેરી વિસ્તારમાં ડી.જે.ના તાલે અને ગ્રામ્ય વિસ્તારમાં હળવી કંઠથી ગવાતા માતાજીના ગરબાની ધૂમ મચી છે. માતાજીની ગરબી ફરતે બાળાઓ ગરબા ગાઈ રહી છે. ડીસા - પાલનપુરના શહેરી વિસ્તારમાં જુદી જુદી વેશભૂષામાં સજ્જ યુવક - યુવતીઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘૂમી રહ્યા છે. પાર્ટી પ્લોટમાં યુવા હૈયાઓ મનમુકીને આધુનિક સીસ્ટમના તાલે ગરબાની રમઝટ માણી રહ્યા છે. (વસંત બારોટ, ભરત સુંદેશા, સંજય જોષી)

### પડતર માંગણીઓને લઈને

## પાલનપુર સિવિલના નર્સિંગ સ્ટાફે વિરોધ દર્શાવ્યો

**કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો**



(સંજય જોષી)

પાલનપુર

પગાર વધારા સહિતની પડતર માંગણીઓના મુદ્દે આખરે રાજ્યભરના નર્સિંગ સ્ટાફે પણ બાંયો ચડાવી છે. જેના ભાગરૂપે આજે પાલનપુર ખાતે સિવિલના નર્સિંગ સ્ટાફ દ્વારા આંદોલનની શરૂઆત કરતા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્યના નર્સિંગ સ્ટાફએ પોતાની પડતર માંગણીઓને લઈને આખરે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. જેમાં જોતરાતા પાલનપુર સિવિલના નર્સિંગ સ્ટાફએ પણ પોતાની માગણીઓના સમર્થનમાં ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ જતાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં પાલનપુર સિવિલમાં ફરજ બજાવતો ૭૧ જેટલો નર્સિંગ સ્ટાફ જોડાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

આરોગ્યલક્ષી સેવાઓમાં તબીબો અને દર્દીઓ વચ્ચે કડી રૂપ બની અહમ ભૂમિકા ભજવનાર નર્સિંગ સ્ટાફ દ્વારા પોતાની માંગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં માસ સી.એલ.પર જવાની પણ ચીમકી ઉચ્ચારવામા આવી હતી.

## ડીસાના અદ્યતન ડેપોમાં બસોની "ઓનલાઈન અપડેટ"

**બસોના આવા-ગમનની માહિતી ટીવીના પડદે : મુસાફરોને રાહત**



વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસાના અદ્યતન બસ સ્ટેન્ડ ઉપર મુસાફરોની સરળતા માટે ટીવી ઉપર ઓનલાઈન બસોનું સમયપત્રક દર્શાવવામાં આવી રહ્યું છે. જેથી પોતાના ગંતવ્ય સ્થળે જવા માટેની બસ હાલ ક્યાં છે. અને ડીસા ક્યારે આવશે ? તે મુસાફરો સરળતાથી જાણી શકે છે. આ બાબતે ડેપો મેનેજર કે.કે.પરમારે જણાવ્યું હતુ કે મુસાફરોના હિતને નજરમાં રાખી પાલનપુર એસ.ટી ડિવીઝનની તમામ બસો અત્યાધુનિક જી.પી.એસ. સીસ્ટમથી સુસજ્જ કરી દેવાઈ છે. જેથી આજના ટેકનોલોજીના

અનુસંધાન પાના નં.૬

## દીઓદર - કોટડા પાસેથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર પોલીસને મળેલ ખાનગી બાતમીના આધારે દીઓદરના જેતડા ત્રણ રસ્તા પાસે પી.એસ.આઈ આર.બી. વાધીયા અને પોલીસના જવાનોએ નાકા બંધી ગોઠવતાં જેતડા તરફથી પર પ્રાંતિય વિદેશી દારૂ ભરીને આવી રહેલી સફેદ સ્વીફ્ટ ગાડી નં.જી.જે.૦૫ જે.એ. ૫૭૨૪ના ચાલકે દીઓદર તાલુકાના કોટડા (દી.) પાસે પોલીસને જોઈ ગાડી મુકી ભાગી છુટેલ. દરમ્યાન પોલીસે

અનુસંધાન પાના નં.૬

## થરાદ બેઠક પર વર્તમાન ધારાસભ્યની ટીકીટ નક્કી : કારોબારીમાં જાહેરાત કરાઇ

**માર્કેટયાર્ડ ખાતે ભારતીય જનતા પાર્ટીની કારોબારીની બેઠકમાં કાર્યકરોને કામે લાગવાની હાકલ**



(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ માર્કેટયાર્ડ ખાતે બુધવારની સવારે તાલુકા અને શહેર ભાજપની બ્રુહદ કારોબારીની બેઠક ધારાસભ્ય પરબતભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જેમાં થરાદ બેઠક પર ભાજપના ઉમેદવાર બદલાવાની અટકળો પર પુર્ણવિરામ મુકતાં ખુદ ધારાસભ્યએ તેમની ટિકિટ ફાઇનલ હોવાની જાહેરાત કરી કાર્યકરોને આજથી જ ચુંટણીની કામગીરીમાં જોતરાઇ જવાની હાકલ કરતાં ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો.

બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખ મગાજી ઠાકોર,શહેર ભાજપ પ્રમુખ વસંતભાઇ ત્રિવેદી, પૂર્વ તાલુકા, પ્રમુખ ઉમેદસીંહ ચૌહાણ, શહેર પ્રમુખ નંદુભાઇ મહેશ્વરી, જિલ્લાભાજપના સદસ્ય ડૉ કમલેશભાઇ એન્જીનીયર, પુર્વ પાલિકાના પ્રમુખ અજયભાઇ ઓઝા, જિલ્લા ભાજપના થરાદ તાલુકાના પ્રભારી નાગજીભાઇ રબારી, મહીલાપાંખના વિમળાબેન ત્રિવેદી, માર્કેટના ડીરેક્ટર જેતસીભાઇ પટેલ, બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ કિશનલાલ પ્રજાપતિ, પરબતભાઇ દેસાઇ સહિત

અનુસંધાન પાના નં.૬

## નવરાત્રિના રાસ - ગરબામાં દેશી વાજીંત્રોના સૂર આથમ્યાં



નરસિંહ દેસાઈ

**આધુનિક વાજીંત્રોના તાલે ગરબા રમાતા ઢોલ અને તબલાનું ચલણ ઘટ્યું : દેશી વાજીંત્રો બનાવતા કારીગરોના ધંધા પણ ઠપ્પ**

પ્રતિનિધિ વડાવળ

શક્તિ અને ભક્તિના પર્વ નવરાત્રિની ઉજવણી થઈ રહી છે ત્યારે યુવા હૈયાઓ ગરબે રમતા જોવા મળી રહ્યા છે આજના આધુનિક યુગમાં ડી.જે. અને ઓરકેસ્ટ્રાના સથવારે નવરાત્રિ મહોત્સવનું આયોજકો દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે અગાઉના સમયમાં શેરી - મહોલ્લા અને મંદિરો તથા ગ્રામ્ય વિસ્તારોમાં દેશી ઢોલ સાથે પખવાજ, તબલા અને મંજીરાના તાલે ગરબા રમાતા હતા પરંતુ સમયના વહેણ સાથે હવે આધુનિક યુગ આવતા દેશી વાજીંત્રોનું વર્ચસ્વ સતત ઘટી રહ્યું છે અને નવરાત્રિના રાસ ગરબામાં તેમનું સ્થાન ડી.જે.સાઉન્ડ અને મ્યુઝીક પાર્ટીઓએ લઈ લીધુ છે જેથી આજે ડી.જે. અને આધુનિક વાજીંત્રોના જમાનામાં ઢોલ

અનુસંધાન પાના નં.૬

## દીઓદર વિધાનસભા મત ક્ષેત્રમાં એક અપવાદ સિવાય કોઈને સતત બીજી તક નથી મળી

**ટીકીટ મેળવવા માટે તાલુકાના અન્ય ઉમેદવારોનો થનગનાટ**

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર વિધાનસભા વિસ્તારનો ઈતિહાસ ગૌરવવંતો છે. આ સીટમાં ચુંટાયેલા સદસ્યો ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, કેબીનેટ મંત્રી, રાજ્ય મંત્રી જેવી મહત્વની પોસ્ટ ઉપર દીઓદર પંથકનું નામ ગુંજતુ કર્યુ છે.

દીઓદર વિધાનસભા મત વિસ્તારમાં દીઓદર તાલુકા તથા લાખણી તાલુકા તથા ડીસા તાલુકાના કેટલાક ગામોનો સમાવેશ થાય છે. દીઓદર વિધાન સભા મત વિસ્તાર ૧૯૬૨માં અલગ પડ્યા બાદ દીઓદરના રાજવી ગુમાનસિંહજી વાઘેલા ૧૯૬૨ અને ૧૯૬૭માં આમ સતત બે ટર્મ ધારાસભ્ય તરીકે રહેવા પામેલ. ત્યારબાદ આજ સુધી કોઈપણ ધારાસભ્ય સતત બીજી ટર્મ માટે ધારાસભ્ય તરીકે આવ્યા નથી. લીલાધરભાઈ વાઘેલા ૧૯૭૫ અને ૧૯૯૮માં તથા ભેમાભાઈ પટેલ ૧૯૯૦માં અને ૨૦૦૨માં આમ બે-બે વખત ધારાસભ્ય બન્યા પરંતુ સતત બે ટર્મ ધારાસભ્ય ૧૯૬૨ થી આજ સુધી કોઈ બન્યું નથી. કારણ કોઈકની ટીકીટ કપાઈ છે તો કોઈકની હાર થઈ છે. હવે ૨૦૧૨માં ધારાસભ્ય તરીકે ચુંટાઈ રાજ્ય મંત્રી તથા જીલ્લા ભાજપના પ્રમુખ તરીકે વરણી પામેલા કેશાજી ચૌહાણને ભાજપ પુનઃ ટીકીટ આપે (જીલ્લા ભાજપ પ્રમુખ છે એટલે ટીકીટ તો મળે જ ) ત્યારે પ્રજા ૧૯૬૨થી આજ સુધી સતત બીજી ટર્મ કોઈને ધારાસભ્ય થવા દીધા નથી તે પરંપરા ને જાળવી રાખશે કે પછી નવો કિર્તીમાન કરશે તે તો સમય બતાવશે. કારણ કે દીઓદર વિધાનસભા મત વિસ્તારની પ્રજા ખૂબ જ શાણી અને સમજુ છે.

**ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી. વ્હોટસ એપ - મો.૯૮૨૪૫૦૨૧૦૨
Email : rakheval@gmail.com

કારણ વગરનું રાજકારણ ચૂંટણી ચક્રવ્યૂહ ૨૦૧૭

દીઓદર વિધાનસભા મત વિસ્તાર અગાઉ ૧૧૧ કાંકરેજ વિધાન સભા સીટ કહેવાતી જેમાં ૧૯૫૭માં શાંતીલાલ શાહ (કોંગ્રેસ) ધારાસભ્ય બનેલ ત્યારબાદ ૧૯૬૨માં દીઓદર વિધાનસભા અલગ થતાં તેમાં ગુમાનસિંહજી વાઘેલા ધારાસભ્ય તરીકે આવેલ.૧૯૬૭માં યોજાયેલ ત્રીજી વિધાનસભામાં ગુમાનસિંહજી વાઘેલા ધારાસભ્ય તરીકે વિજેતા થયેલ. ૧૯૭૨માં યોજાયેલ ચુંટણીમાં ગુલાબસિંહજી વાઘેલા,૧૯૭૫માં લીલાધરભાઈ વાઘેલા, ૧૯૮૦માં કાળુભાઈ તરક, ૧૯૮૫માં માનસિંહજી વાઘેલા, ૧૯૯૦માં ભેમાભાઈ પટેલ, ૧૯૯૫માં ગુમાનસિંહજી વાઘેલા, ૧૯૯૮માં લીલાધરભાઈ વાઘેલા, ૨૦૦૨માં ભેમાભાઈ પટેલ, ૨૦૦૭ માં અનિલભાઈ માળી, ૨૦૧૨માં યોજાયેલ ચુંટણીમાં કેશાજી ચૌહાણ ધારાસભ્ય બનેલ.

દીઓદર મત વિસ્તારમાં હાલે ભાજપ પક્ષ પાસે છેલ્લા ૪ ટર્મથી આ સીટ કબજામાં છે. અગાઉ આ સીટ કોંગ્રેસનો ગઢ કહેવાતી પરંતુ આગેવાનોની અંદરો અંદરની ખેંચતાણના કારણે હંમેશા કોંગ્રેસ માટે સારૂ વાતાવરણ હોવા છતાં ભાજપ મેદાન મારી જાય છે. હાલે રાજ્યના મંત્રી કેશાજી ચૌહાણ ધારાસભ્ય તરીકે છે. તેઓ જીલ્લા ભાજપ પ્રમુખ છે. તેમાંય આ વિધાનસભા ક્ષેત્રના ભાજપના તમામ સંગઠનોએ એકમાત્ર તેમનું નામ સુચવ્યું હોઈ ટીકીટ માટે પ્રબળ દાવેદાર છે. તેમજ અન્ય ચર્ચા મુજબ જિલ્લા પ્રમુખે લોકશાહી પરંપરા તોડીને પોતાના વિસ્તારમાંથી એકમાત્ર તેમનું નામ આપવાની પ્રણાલીકા પાડવાનો પ્રયત્ન કરતા તાલુકાના નેતા ગણ અને મતદારોમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. તાલુકામાં સાંભળવા મળેલી ચર્ચા મુજબ ધારાસભ્યએ (જેઓ જિલ્લા પ્રમુખ પણ છે.) નિમેલું તાલુકાનું સંગઠન તો શરમમાં અથવા દબાણમાં માત્ર તેઓનું જ નામ આપે તેમાં કોઈ નવાઈ નથી. મોટી મતબેંક ધરાવતા ઠાકોર સમાજનો ફાયદો લેવા માટે ભાજપાએ કેશાજી ચૌહાણને ધારાસભ્ય હોવા છતાં બબ્બે વખત જિલ્લા પ્રમુખ તરીકે રીપીટ કર્યા તદ્ઉપરાંત મંત્રી બનાવ્યા છતાં પાર્ટીને કોઈ ફાયદો થયો હોય તેવું દેખાતું નથી. જો કે, કેટલાક દિવસોથી કેશાજી ચૌહાણની ટીકીટ કપાઈ રહી હોવાની વાતો આવી રહી છે. કહેવાય છે કે ક્ષત્રિય સેનાનો ઝુકાવ ભાજપ તરફી બની રહ્યો છે. જે કદાચ કેશાજીનો ભોગ લેતો નવાઈ નહીં. જો કેશાજીની ટીકીટ કપાય તો દીઓદરના બે પૂર્વ ધારાસભ્ય માનસિંહજી વાઘેલા તથા લીલાધરભાઈ વાઘેલાના પુત્રો મેદાનમાં આવવા ઉત્સુક છે. જો કે થરાદમાં ભુલેચુકે પરબતભાઈ પટેલની ટીકીટ કપાઈ જાય તો દીઓદરમાં ભાજપમાંથી અણદાભાઈ પટેલ એન્ટ્રી કરે તો નવાઈ નહીં. જો કે ભાજપના સંનિષ્ઠ કાર્યકર જબ્બરસિંહ વાઘેલા પણ ટીકીટ મેળવવા ઉત્સુક છે. પૂર્વ ધારાસભ્ય અનિલભાઈ માળી પણ ભાજપમાં હાલે સાઈડમાં છે તેઓ પણ ભાજપ - કોંગ્રેસ જે જગ્યા એથી ટીકીટ મળે તેના માટેના પ્રયાસો કરી રહ્યા છે. તેઓ દૂધ અને દહીંમાં પગ રાખી રહ્યા છે. પરંતુ બાવાના બેય બગડયા જેવું થાય તો નવાઈ નહી.

ત્યારે કોંગ્રેસ પક્ષમાં ખૂબજ દાવેદારો છે. જેમાં કોંગ્રેસના જિલ્લા ઉપપ્રમુખ અને એડવોકેટ બી.કે.જોષી જિલ્લામાં બ્રહ્મ સમાજના જીલ્લામાં વધુ મતો હોઈ એક ટીકીટ બ્રહ્મ સમાજને મળે તો તેઓ પ્રબળ દાવેદાર છે અને દિયોદરમાં બ્રાહ્મણ ઉમેદવાર ની ઈતર તરીકે જીતવાની શકયતા વધુ છે.

કોંગ્રેસ પક્ષે તાલુકા - જિલ્લા બાદ રાજ્ય લેવલે યુવા સંગઠનને મજબુત કરવામાં યોગદાન આપનાર ભરતસિંહજી મફતસિંહજી વાઘેલા પોતાની યુવા બ્રિગેડની મજબુત પાંખ વડે મજબૂત દાવો કરી રહ્યા છે.

તાજેતરમાં પ્રદેશ પ્રમુખને કોલેજ ના ઉદ્દ્ઘાટનમાં બોલાવી પોતાનો મજબુત દાવો કરનાર અને આંજણા કેળવણી મંડળમાં વર્ષોથી પ્રમુખ તરીકે યશસ્વી સેવા આપનાર હાલના માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા પણ મજબુત દાવેદાર છે.દીઓદર તાલુકા પંચાયતમાં પાંચ વર્ષ યશસ્વી સેવા આપી સૌના દિલ જીતનાર અને સૌ સભ્યો તથા સરપંચોને સાથે રાખી વહીવટ કરનાર મહિલા ભારતીબેન જગમાલભાઈ ચૌધરી મહીલાના નાતે પ્રબળ દાવેદાર છે.

દીઓદર ખાતે દીઓદર કેળવણી મંડળના માધ્યમથી આ પંથકની પ્રજાને કોલેજ,સ્કુલની ભેટ આપનાર દીઓદરના રાજવી અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ગુમાનસિંહજી વાઘેલાના પુત્ર પ્રવિણસિંહજી વાઘેલા ચુંટણી જંગ લડવા ઉત્સુક છે.

દીઓદર તાલુકા સંઘમાં વર્ષો સુધી ચેરમેન તરીકે સેવા આપનાર અને દીઓદર તાલુકા પંચાયતમાં પ્રમુખનો હોદો મેળવનાર દેસાઈ સમાજના અગ્રણી માલજીભાઈ દેસાઈ જો જિલ્લામાં દેસાઈ સમાજને કોંગ્રેસ પક્ષ ટીકીટ ફાળવે તો મજબુત ઉમેદવાર તરીકે ઉભરી શકે તેમ છે.

જિલ્લા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા તરીકે સફળ કામગીરી કરનાર અને લોકોના સુખ-દુખે દોડી જતા રાજપૂત સમાજના હીરાભાઈ પ્રેમાભાઈ રાજપૂત પણ ચુંટણી જંગમાં આવવા થનગની રહ્યા છે.

ત્યારે દેસાઈ સમાજના અને વર્ષોથી કોંગ્રેસના અદના કાર્યકર રહેનાર રત્નાભાઈ દેસાઈ પણ પક્ષ દ્વારા ટીકીટ ફાળવાય તો ચુંટણી લડવા ઉત્સુક છે.લાખણી પંથકના દેવાભાઈ પટેલ પણ ચુંટણી લડવા મેદાનમાં આવ્યા છે.

હવે ચુંટણી જેમ જેમ નજદીક આવી રહી છે. તેમ તેમ મતદારો કોણ મેદાનમાં આવી રહ્યું છે ના સમીકરણો ગોઠવી રહ્યા છે. દીઓદર સીટમાં જિલ્લાનો કઈ સીટમાં કયો ઉમેદવાર આવશે તેના જાતિવાદી રાજકારણની અસર પડશે તેમ જણાય છે. જેના કારણે કોણ છેલ્લી ઘડીએ મેદાનમાં આવશે તે નક્કી નહિં.

દીઓદર સીટમાં પણ ઠાકોર સેના જોર લગાવી રહી છે. તેઓ પણ ભાજપ સેનાની યુતિ થાય તો દીઓદરમાં મેદાનમાં આવવા અનેક યુવાનો થનગની રહ્યા છે.

## ડીસામાં શાળામાં ન જઈ શકતા અને ભીક્ષાવૃત્તિ કરતા બાળકો માટે શાળા શરૂ કરાઈ

**શિક્ષણ ક્ષેત્રે રોટરી કલબ ડીસાની અનોખી સેવા**

ડીસા

રોટરી કલબ ડીસા દ્વારા વિચરતી જાતીના શાળામાં ન જઈ શકતા બાળકો અને ભીક્ષા માંગીને જીવન નિર્વાહ કરતા બાળકો માટે ઈસ્કોન કોમ્પલેક્ષ, વી.જે.પટેલ સોસાયટીના સામેની વસાહતમાં 'આશા કિરણ' નામની શાળાની સ્થાપના કરવામાં આવી હતી.



તથા બાળકોને દફતર અને કેળાનો નાસ્તો આપવામાં આવ્યો હતો. આ બાળકોને સારા સંસ્કાર મળે તથા જીવનમાં પ્રગતિ કરે તેવા આર્શીવાદ ડો.નવિનકાકા તથા ડો.એન.ટી.કોટક દ્વારા

અનુસંધાન પાના નં.૬


**શ્રધ્ધાંજલિ**



સ્વ.દિગ્વિજયસિંહ માધુભા વાઘેલા
પોલિસ કોન્સ્ટેબલ, ભીલડી
સ્વ.તા.૨૫-૦૯-૨૦૧૭

ખીલી હતી વસંત જયાં પાનખર પથરાઇ ગઇ, જીવન જયોત અચાનક ઝબકીને બુઝાઇ ગઇ, આશા અધુરી હતી અને આંખડી મીંચાઇ ગઇ, દ્રષ્ટીમાં રમે છે હજુ તમારો ચહેરો તમારી યાદ અમને રડાવી રહી છે. આસુની ધારાની આપને અર્પીએ શ્રધ્ધાંજલિ પ્રભુ આપના દિવ્ય આત્માને શાન્તી અર્પે એજ પ્રાર્થના

લિ.

ધી સદુભાપાટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી, મું.થરા

વાઘેલા ધુડુભા અભેસિંહજી (ચેરમેનશ્રી) — વાઘેલા માધુભા ચંપુભા (વાઇસ ચેરમેનશ્રી)
વાઘેલા કનુભા બળવંતસિંહજી (મંત્રીશ્રી) — વાઘેલા ગજેન્દ્રસિંહજી ભગવાનસિંહજી (દેસરશ્રી) — વાઘેલા કાકુભા અભેસિંહજી (આંતરિક ઓડીટરશ્રી)

**બેસણું**



સ્વ.દિગ્વિજયસિંહ માધુભા વાઘેલા
સ્વ.તા.૨૫-૦૯-૨૦૧૭

અમારા કુંવરશ્રી દિગ્વિજયસિંહ માધુભા વાઘેલાનું તા.૨૫-૦૯-૨૦૧૭ ને સોમવારના રોજ અકાળે અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાન્તિ અર્પે. સદ્ગતનું બેસણું તા.૨૯-૦૯-૨૦૧૭ ને શુક્રવારના રોજ રાખેલ છે.

ઠે. સદુભાપાટી, મુ.થરા, તા.કાંકરેજ, જિ.બ.કાં.

લિ.

વાઘેલા માધુભા ચંપુભા
વાઘેલા ધુડુભા અભેસિંહજી
વાઘેલા નારણસિંહ અભેસિંહજી
વાઘેલા ભગવાનસિંહ અભેસિંહજી
વાઘેલા સજુભા અભેસિંહજી
વાઘેલા જીવુભા બનેસિંહજી
વાઘેલા કાકુભા અભેસિંહજી
વાઘેલા બળવંતસિંહ બનેસિંહજી
વાઘેલા કેશુભા હમીરસિંહજી
વાઘેલા વિજુભા બનેસિંહજી
વાઘેલા જવાનસિંહ બનેસિંહજી
વાઘેલા વેલસિંહજી માધુભા (ભાઇ)
વાઘેલા દુર્ગાસિંહ માધુભા (ભાઇ)
વાઘેલા ધીરૂભા હમીરસિંહજી

**સાતમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ.અલ્પેશ શાંતિપ્રકાશભાઈ (મુન્નાભાઈ) સોની
જ.તા.૨૯/૦૬/૧૯૮૯
સ્વ.તા.૧૬-૧૦-૨૦૧૦ (નવરાત્રી)

હે માં સાત વર્ષ પૂર્વે આઠમા નોરતાની રાતે અમે અમારા દિકરાને ગરબે રમવા મોકલ્યો હતો, પણ માં તને અમારો દિકરો એટલો ગમી ગયો કે તમે તેને તમારી પાસે જ બોલાવી દીધો...? ખેર માં તને ગમ્યું તે ખરૂં, પરંતુ અમારા અલ્પેશના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપો... એ જ પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ.

લિ.

શાંતિપ્રકાશભાઈ (મુન્નાભાઈ) સોની (પિતા)
લીલાબેન શાંતિપ્રકાશભાઈ સોની (માતા)
ભવનેશભાઈ શાંતિપ્રકાશભાઈ સોની (ભાઈ)
મોનીકા ભવનેશભાઈ સોની (ભાભી)
વિવેક (ભત્રીજો), અદિતી (ભત્રીજી) મારા કાકાના આત્માને શાંતિ અર્પે માં